REGISTERED B. NO. 53 આપ પાસે આ વરસ લવા રૂ. [illegible] છેતે મોકલો.

# રાહે નજાત



કિતાબ ૧૫ મી હીસ્સો ૮ મો.

માહે જમાદીઉલ આખર સન હી૦ ૧૩૨૫.

શીઆંકે વાસ્તે યેહી 'રાહેનજાત' હૈ=પઢકર અમલ કીયા કરેં જબતક હયાત હૈ*
લાએગા વોહ યકીન કે જો ખુશસીફ઼ાત હૈ=ખિઝરે રહે બેહિશ્ત યેહ રાહેનજાત હૈ*

ફેહરીસ્ત.

૧—નવા કાયદા ૨૨૫
૨—આવતા માસનું પંચાંગ. ૨૨૬
૩—મસાએલ. ૨૨૭
૪—મેઅરાજુસ્સઆદહ. ૨૨૯
૫—હમલએ હૈદરી. ૨૩૩
૬—મિસમેરિઝમ ૨૪૨
૭—આપણો ધર્મ ૨૪૯
૮—પોલોટીકલ ભાંમીઓ ૨૫૪
૯—પચ્ચુરણ ૨૫૫
૧૦—સવાલના જવાબ ૨૫૬
૧૧—જુદી જુદી હદીસો ૨૫૬
૧૨—વધારો.

જનાબે પંજેતને પાક
અહલેબૈતે રસુલ
[illegible]

પ્રગટ કરનાર
હાજી ગુલામઅલી
હાજી ઇસમાઇલ

અધીપતી રાહેનજાત
અને નુરેઇમાન
અમદાવાદ—પાંચપટી.

કીમત
વરસના રૂ. ૨
આગાઉથી વી૦ રૂ. ૨[illegible]

"હસનાઅશરી" પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

ઇલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ [illegible]
માળીયા (મી[illegible])

## આ નવી બાબત વાંચ્યા પછી બીજું વાંચો.

### નીચેનો ઉમદા લાભ અટકાવાના જોખમદાર કદી ઠરશો નહીં.

# ખુદાની રહમતે પહોંચેલા ગ્રાહકો વીગેરેને લાભ.

રાહેનજાત અને નુરેઈમાનના હાલ જેટલા ગ્રાહકો છો તેઓ સરવે જણ ૨૦મ મહીનાની ૧ લી તારીખ સુધીમાં ૪૦ આવતી રાહેનજાતની ૧૬મી અને નુરેઇમાનની ૧૪મી સાલ સુધીનું લવાજમ અમોને પહોંચતુ કરો તો ૪૦ ઇદે ગદીરની ખુશહાલીમાં આપને તથા જે જે ખુદાની રહમતે પહોંચ્યા તે આપના સગા તથા મરહુમ ગ્રાહકોને નીચે મુજબ ઉમદા લાભ.

૧—સરવે ગ્રાહકોને એક નાની એવી પણ ઉમદા ઉપયોગી કીતાબ ભેટ આપીશું.

૨—ખુદાની રહમતે પહોંચેલા ગ્રાહકો કે જેઓએ ભુલથી અથવા તંગ હાલત થવાથી અમારો હક આપ્યો નથી તેઓને માફ કરી આપીશું.

૩—ખુદાની રહમતે પહોંચેલા ગ્રાહકો તથા આપ સાહેબો આપના જુવે તે મરહુમોની રૂહના માટે નીય્યત કરો તે સર્વેની રૂહના સવાબ માટે શાએદદરમાં અરબી તથા ગુજરાતી રૂ૧૦ વાળા કુરઆને શરીફ ફકત રૂ૨ા માં વકફ કરીશું.

૪—મજકુર મરહુમોની રૂહના સવાબ માટે એક મજલીસ કરી ફાતેહા પડાવીને તમામ સવાબ બખશી આપીશું

૫—મજકુર મરહુમોની રૂહના સવાબ માટે ૬૬૬ કુરઆન ખતમ કરવાનો સવાબ મળે એમ કરીશું; એટલે માહે રમઝાનમાં એક કુરઆન ખતમ કરાવીને બખશી આપીશું કેમકે એ મહીનામાં એક આયત પડવામાં એક કુરઆન ખતમ કરવા જેટલો સવાબ છે.

૬—મજકુર મરહુમોની રૂહના સવાબ માટે પાંચ લાખ રૂપીઆ સોનાના કરોડો ડુંગરા રાહે ખુદામાં વાપરવા જેવા સવાબમાં લખાય એવું કરીશું, એટલે ઇદે ગદીરને દીવસે હીદાયત ફંડમાં પાંચ રૂપીઆ તેઓની રૂહના સવાબ માટે આપીશું, કારણ કે ગદીરના દીવસે કારે ખયરમાં વાપરવાનો સવાબ એકનો લાખ ગણો છે, અને હીદાયતમાં એક પાઇ વાપરવી તે સોનાનો પહાડ બીજા કામમાં વાપરવા કરતાં વધારે સવાબ છે.

૭—નવી સાલના બન્ને ચોપાન્યાની દસ દસ નકલ ફકત પેકીંગ પોસ્ટેજ તરીકે આઠ આઠ આના લઇ ગરીબોને વકફ આપીશું.

હવે અમારો હક તાકીદે મોકલી આપી એવો અઝીમ સવાબ મેળવો અને મરહુમોને રાજી અને ખુશ કરો.

જો સરવે ગ્રાહકો આ લવાજમ નહીં મોકલે તો આ તમામ કામ નહીં થાય; અને તેથી અઝીમ સવાબના કામ અટકાવનાર અને મરહુમોની અરવાહોને એ સવાબથી મહરૂમ રાખનાર લવાજમ નહીં મોકલનાર ઠરશે, અને કોઇને ગફલત વીગેરેનો ઉઝર નરહે તેથી લાંબી મુદ્દત આપી છે.                    તા. ૧ લી રબીઉલ આખર.

## આફ્રીકા વીગેરેના ગ્રાહકોને ચેતવણી.

ઇન્શાઅલ્લાહ આવતા નવા વરસથી રાહેનજાતના રૂ.૨ા સવાબે નુરેઇમાનનો રૂ.૨ા અને બન્ને લેનારના રૂ.૪ા લેવામાં આવશે.

અને હીંદુસ્તાનવાળાઓ પાસેથી ધારા મુજબ રાહેનજાતના રૂ. ૨ નુરેઇમાનનો રૂ. ૧ા અને બંને લેનારના ૩ રૂ લેવામાં આવશે.

| | | |
|---|---|---|
| બિસમિલ્લાહિર | રાહે | અલ્લાહુમ્મ સંલ્લેઅલા |
| રહેમાનિર | નજાત. | મોહમ્મદ વ આલે |
| રહીમ. | | મોહમ્મદ |
| માસીક | | ચોપાનયું. |

કિતાબ ૧૫ મી.) તા૦ ૧લી માહે જમાદીઉલ આખર સન ૧૩૨૫ હી૦ (હિસ્સો ૮ મો

# આ માસીક વીશે નવા કાયદા.

આ નવા કાયદા વાંચ્યા પછી બીજું વાંચવું એ ઈલ્તેમાસ છે.

લવાજમ માટે હરવખત પોકાર પાડવો પડે છે તે પોકાર બંધ કરવા નીચે મુજબ કાયદા ઘડયા છે, તેથી જો કે શુરૂઆતમાં ગ્રાહકો ૬૦૦ ના ૪૦૦ આંક રહેશે પણ ઇન્શાઅલ્લાહ આગળ જતા વધશે, અને લવાજમનો પોકાર પાડવો નહીં પડે.

૧—આવતા ઇ૦ ૧૬ મા વરસથી પહેલો અંક બહાર પડવાની પહેલે નવું લવાજમ આવશે તેનેજ ચોપાન્યા મોકલવામાં આવશે.

૨—આફ્રીકાવાળા મનીઆડર, ચેંક, માધા પોસ્ટ, સોનાની પત્રો વી૦ થી પહેલેથી લવાજમ પહોંચતું કરશે તેજ મોકલવામાં આવશે. અને હીંદુસ્તાનવાળાને ૧ લો અંક વી. પી. કરી વસુલ કરી લેશું.

૩—ચાલુ ૧૫ મો સાલનું લવાજમ વસુલ કરવા આવતો અંક ઇ૦ હીંદુસ્તાનવાળાને વી. પી. કરીશું, અને આફ્રીકા વી૦ વાળાને તાકીદે મોકલવા અરજ કરીએ છીએ.

૪—ખુદાની મહેરબાની અને અહલેબૈત અ૦ ના સદકાથી ૧૫ વરસથી આ રાહેનજાત બરાબર ટાઇમસર બાહેર પડે છે, માટે ટાઇમસર ન મળે તો ચાર પાંચ દીવસ રાહ જોઇ તરત અમોને ખબર આપવી, જો ઢીલ કરશો તો દાદ નહીં મળે.

૫.—આફ્રીકા વી૦ વાળા પાસેથી હવેથી રાહેનજાતના સવાબે રૂપીઆ. અને તુરેઇમાનનો દેઢ રૂપીઓ, બન્ને લેનારના રૂ.૩ાા હીંદુસ્તાનવાળાના રાહેનજાતના બે રૂપીયા, તુરેઇમાનનો સવા રૂપીયો બન્ને લેનારના રૂ.૩

☞ આ ઉપરના કાયદા મુજબ અમલ કરવા રાજી ન હોય તેઓને બહુજ નમ્રતાપુર્વક ખુદા અને પંજેતને પાકનો વાસ્તો આપી અરજ કે તાકીદે એક પોસ્ટ કારડથી ખબર આપો, એટલે તેટલા ચોપાન્યા ઓછા છપાવીએ, કેમકે વધારે છપાવાથી ઢગલા થાય છે અને નીકાસ માટે ઘણી તકલીફ વેઠવી પડે છે. લ૦ હાજી-નાજી.

# આવતા માહે રજબનું ઇસ્લામી પંચાંગ, સન ૧૩૨૫ હીજરી.

[ બીજ વખતે વેહલી મોડી દેખાય કે સાબીત થાય તે અમલ કરનારે હીસાબ કરવો. ]

| વાર. | ઇસલામી તારીખ. | ઈંગ્રેજી તારીખ | ગુજરાતી તારીખ | સંવત ૧૯૬૩ ના શ્રાવણ સુદ ૨ થી ભાદરવા સુદ ૨ સુધી. ઇસવીસન ૧૯૦૭ તા૦ ૧૧ આગષ્ટથી તા૦ ૯ સપટેમબર સુધી. — જાણવા જોગ બાબતો. |
|---|---|---|---|---|
| રવી | ૧ | ૧૧ | ૨ | આજે ઇમામે મોહમ્મદે બાકેર અ૦ ની વીલાદત છે અને સફરની ૩ જીની પણ લખે છે. અને આજે હ૦ નુહ અ૦ કશ્તીમાં બેઠા છે, આજે રોઝો રાખવામાં ઘણો સવાબ છે. |
| સોમ | ૨ | ૧૨ | ૩ | |
| ભોમ | ૩ | ૧૩ | ૪ | આજે ઇમામે અલીય્યુનકી અ૦ ની શહાદત છે. |
| બુધ | ૪ | ૧૪ | ૫ | આ મહીનામાં ઘણા અઅમાલ છે આ મહીનામાં રોઝા રાખવાનો ઘણો સવાબ છે. — આ મહીનામાં કેટલીક નમાઝ પડવાની છે તેમાં ખાસ કરીને ૧ લી ૧૫ મી અને છેલ્લી તારીખે પડવાની દસ દસ રકાત નમાઝની બેહદ ફઝીલત વારીદ થઇછે |
| ગુરૂ | ૫ | ૧૫ | ૬ | |
| શુકર | ૬ | ૧૬ | ૭ | |
| શની | ૭ | ૧૭ | ૮ | |
| રવી | ૮ | ૧૮ | ૯/૧૦ | |
| સોમ | ૯ | ૧૯ | ૧૧ | |
| ભોમ | ૧૦ | ૨૦ | ૧૨ | આજે ઇમામે મોહમ્મદ તકી અ૦ ની વીલાદત છે. |
| બુધ | ૧૧ | ૨૧ | ૧૩ | |
| ગુરૂ | ૧૨ | ૨૨ | ૧૪ | |
| શુકર | ૧૩ | ૨૩ | ૧૫ | આજે હઝરત અલી અ૦ ની ખાનએ કાઅબામાં વીલાદત છે. |
| શની | ૧૪ | ૨૪ | ૧ | |
| રવી | ૧૫ | ૨૫ | ૨ | આજે ઇમામે જાઅફરે સાદેક અ૦ ની શહાદત છે. |
| સોમ | ૧૬ | ૨૬ | ૩ | |
| ભોમ | ૧૭ | ૨૭ | ૪ | |
| બુધ | ૧૮ | ૨૮ | ૫ | આજે હઝરતે રસુલે ખુદા સ૦ ના ફરઝંદ ઇબ્રાહીમની વફાત છે. |
| ગુરૂ | ૧૯ | ૨૯ | ૬ | ☞ આ મહીનામાં ૧૧—૧૨—૧૩ મી તારીખ નહસે અકબર છે. પણ ૧૩ મી તારીખે હ૦ અલી અ૦ ની વીલાદત હોવાથી એ તારીખ નેક છે કમરદર અકરબ ૭—૮—૯ તારીખના છે. |
| શુકર | ૨૦ | ૩૦ | ૭ | |
| શની | ૨૧ | ૩૧ | ૮ | |
| રવી | ૨૨ | ૧ | ૯ | આજે માઅવીયો મરી ગયો છે |
| સોમ | ૨૩ | ૨ | ૧૦ | આજે ઇમામે હસન અ૦ ની રાનમાં ખારજીઓએ ઝેરવાળું ખન્જર માર્યું છે. |
| ભોમ | ૨૪ | ૩ | ૧૧ | આજે ખયબર ફતેહ થયું છે. |
| બુધ | ૨૫ | ૪ | ૧૨ | આજે ઇમામે મુસીયે કાઝીમ અ૦ ની શહાદત છે. |
| ગુરૂ | ૨૬ | ૫ | ૧૩ | આજે જનાબે અબુતાલેબ અ૦ વફાત પામ્યા છે. |
| શુકર | ૨૭ | ૬ | ૧૪ | આજે મોહટી ઇદ છે કેમકે જનાબે રસુલે ખુદા સ૦ને પયગમ્બરી મળી છે. અને હઝરતને આજે મેઅરાજ થવાની પણ રીવાયતો છે. |
| શની | ૨૮ | ૭ | ૩૦ | |
| રવી | ૨૯ | ૮ | ૧ | આજની રાતરે ઇમામે હુસયન અ૦ મદીનાથી મક્કે અહલેબયતને લઇને (કરબાએ મોઅલ્લા ગયા તે સફરે) રવાના થયા છે. |
| સોમ | ૩૦ | ૯ | ૨ | |

# મસાએલ.

## જનાબ મૌલાના મુજતહેદુલ અસ્ર સઇયિદ આકા હસન સાહેબ દામઝીલ્લહુના ફતવા મુજબ.

૬૧૫—સ૦ અમારા મુલકની ઓરતો પરદો કરતી નથી, અને કામ માટે બજારમાં અથવા પાણી ભરવા નદી ઉપર જાય છે, તો એવી ઓરતો એજ રીતે પરદો કર્યા વીના જનાબે ઇમામે હુસેન અ૦ની મજલીસમાં જાએ તો હરામ છે કે સવાબ ? કેમકે આદત મુજબ જાય આવે છે, તો જો તેણીઓને પરદો ન કરવાના ગુનાહ થાય તો તે પરદો નથી કરતીજ તેનો પણ મજલીસનો સવાબ મળશે કે નહીં ? અને મજલીસમાં જવાના સબબથી વાએઝ સાંભળીને કોઇ કેઇ પરદો કરે છે, અને નમાઝ રોઝા પણ કરે છે, તો તેઓ માટે મજલીસમાં જવું વાજીબ જેવું માઅલુમ થાય છે, કેમકે મજલીસમાં જવાથી હીદાયત થાય છે.

જ૦ અગર તે ઓરતો પોતાની આદત પ્રમાણે મજલીસમાં પણ આવે અને ફસાદ થવાનો ગુમાન ન હોય તો તેણીયોને મનાઇ કરવી જરૂર નથી, ખાસ કરીને જ્યારે એહતેમાલ હોય કે વાએઝ સાંભળવાથી અસર થશે અને પરદો કરશે.

૬૧૬—સ૦ જે મકાન રસ્તા ઉપર હોય ત્યાં ઓરતો મજલીસ કરે અને પડે, તો નવહા વો૦ની આવાજ નામહરમ સાંભળે છે તો આ ફેલ હરામ છે કે નહીં, અને તેણીયોનો મતલબ બીજાઓને આવાજ સંભળાવવાનો હોતો નથી.

જ૦ અગર તેણીયોનો મતલબ અઝાદારીનો છે અને નામહરમને આવાજ સંભળાવવનો મતલબ ન હોય તો હરામ નહીં થાય અગરચે બેહતર અને અફ્ઝલ એ છે કે એવા મકાનમાં અઝાદારી અને નવહા અને માતમ કરે કે નામહરમ અવાજ ન સાંભળે.

૬૧૭—સ૦ કોઇ કોમ્ઈ ઓરત પોતાના સાસરાને તાઅઝીમ માટે સીજદો કરે છે અને પોતાના બુઝુર્ગોની કબર ઉપર સીજદો કરે છે તો એ કામ હરામ છે કે નહીં ? અને આથી શીરક થાય છે કે નહીં ?

જ૦ લાઝીમ છે કે એવો સીજદો કરવો તરક કરે અને ખુદા સીવાય કોઇને પણ સીજદો કરવો જાએઝ નથી અને મોટો ગુનાહ અને કુફ્ફારની રીત અને શીરકની ગંધ છે.

૬૧૮—સ૦ જનાબે ઇમામે હુસેન અ૦ની મુસીબત ઉપર રોવે તેના માટે છે કે **અનબકા અલા હુસયને વજબત લહુલ જન્નહ** એટલે ઇમામે હુસેન અ૦ની મુસીબત ઉપર રોવાથી જન્નત વાજીબ થાય છે, તો આ ઉપરથી મજલીસમાં પડીએ કે રોવાવાળો જુવે તેવો ફાસીક અને ફાજર હોય નમાઝ રોઝા કરતો ન હોય તો પણ જન્નતમાં જશે અને તેને જરા પણ સજા નહીં થાય, તો કાંઇ હરકત છે કે નહીં ? અને જો એમજ હોય તો પછી નમાઝ રોઝાની કાંઇ જરૂરત રહી નહીં, તો આ મુજબ કહેવું ખુદા અને રસુલ ઉપર તોહમત છે કે નહીં, અમો તો એમ સમજીએ છીએ કે ઇમામે હુસેન અ૦ની મુસીબત ઉપર રોનાર માટે જન્નત વાજીબ છે એટલે તે છેવટે જન્નતમાં જશે ખરો, પણ જો નમાઝ નહીં પડતો હોય તો પહેલે તેને જહન્નમમાં અઝાબ થશે પછી નજાત મળશે.

જ૦ અગર ઇમાન બાકી રહ્યું તો ઇમામે હુસેન અ૦ની મુસીબત ઉપર રોવાથી નજાત મળશે, પણ ખૌફ કરવો જુવે કે ફીસ્ક અને ફોજુર નમાઝ ન પડવી ખુમ્સ ઝકાત ન આપવાથી ઇમાન જતુ ન રહે, અને ગુનાહના

ઇલ્મ રોશની છે.
શેઠ લાઇબ્રેરી
મરહુમ
હાજીભાઇ આમદાણી
મીઆણા

કાટથી ઇમાન જલદી ચલ્યું ન જાય, માટે લાઝીમ છે કે રોવાવાળાઓને એટલી હીમ્મત ન અપાવે કે છેવટે ઇમાન ખોઇ બેસે, અને નજાતને બદલે હમેશા માટે જહન્નમમાં દાખલ થાય. ઊમ્મેદની સાથે ખૌફ અને ખૌફની સાથે ઊમ્મેદ બન્ને સરખા રાખવા વાજીબ છે. વલ્લા હો અઅલમ.

૬૧૯ સ૦ ઘણા જાહીલો માનતા માને છે કે અગર મારૂં ફલાણું કામ થશે તો હઝરતે અબ્બાસ અ૦ના નામનો અલમ ચડાવીશ, હવે તે અલમ ચડાવે છે, અને મુતવલ્લીયો તે અલમ વેચાને તેના રૂપીયાથી મજલીસ અથવા નમાઝ માટે મકાન વેચાતી લીએ છે, અને હોજ બનાવે છે, નોકરનો પગાર આપે છે, તો આ સર્વે બાબતો જાએઝ છે કે નહી?

જ૦ આની બે સુરત છે, એકતો એ કે કેટલાંક બે ચાર આનાનો અલમ બનાવીને એટલા માટે આપે છે કે તે વેચીને અઝાદારીમાં વાપરે, અને એવા અલમ તાઝીયા ખાનામાં રાખવામાં પણ આવતા નથી તો એવા અમલ વેચવા અને એવા કામમાં તેના નાણા વાપરવા જાએઝ છે.

બીજુ એ કે કેટલાંક અલમ અને તેના કપડા વી૦ બનાવી ઊમદા શોભાયમાન કરી તાઅઝીયા ખાનામાં રાખવા લાયક ચડાવે છે, તો એવા અલમ વેચવા જાએઝ નથી અને એવા અલમ અઝાખાનાની વકફ ચીજોમાં દાખલ છે.

૬૨૦—સ૦ કુરઆને શરીફ પડતી વખતે કોઇ બુઝુરગની તાઅઝીમ માટે ઊભુ થવું દુરૂસ્ત છે કે નહીં? અગરચે તે કુરઆન પડનાર પેશનમાઝ હોય અથવા તેની પાછળ નમાઝ પડનાર હોય.

જ૦—નમાઝની હાલત સીવાય કુરઆન પડતો હોય તો આયત પુરી કરીને તઅઝીમ કરીને પછી અધુરૂ હોય ત્યાંથી પડે.

૬૨૧—સ૦ જે લોક ભીખ માગવાનો ધંધો કરે છે તેઓ પાસેથી અનાજ વેચાતુ લઇને ખાવું અથવા કપડા વી૦ વેચાતા લઇ તે પેહરી નમાઝ પડવી જાએઝ છે કે નહીં?

જ૦—જાએઝ છે પણ ન લેવું અવલા (વધારે સારૂં) છે.

૬૨૨—સ૦ જનાબતવાળો શખસ તયમમુમ કર્યા વીના મસજીદના બીછાનાથી છેટો ઉભો રહી પોતાના કપડા વી૦ મસજીદના બીછાના ઉપર રાખી શકે છે કે નહીં? તેમજ ત્યાંથી લોટો વી૦ ઊપાડી શકે છે કે નહીં?

જ૦—મસજીદમાં કોઇ પણ ચીજ રાખવી જાએઝ નથી, પણ લોટો વી૦ ઝટપટ વગર ઢીલે ઉપાડી લેવો જાએઝ છે.

૬૨૩—સ૦ પોતાની આમદાનીના નફામાંથી વરસની અંદર અથવા વરસ પુરૂ થયા પછી ખુમસ કાઢયા વીના તે પૈશાથી જમીન બાગ વી૦ એટલા માટે લીએ કે આમદાની વધારે થાય તો જાએઝ છે કે નહીં?

જ૦—એ નફામાંથી ખુમસ કાઢવું લાઝીમ છે માટે ખુમસ કાઢીને જમીન વી૦ લીએ અથવા તે લીધેલમાંથી ખુમસ કાઢે.

૬૨૪—સ૦ પથ્થર ઉપર નમાઝ પડવી અને સીજદો કરવો જાએઝ છે કે નહીં? અને અગર જાએઝ હોય તો કવી જાતના પથ્થર ઉપર સીજદો થઇ શકે છે?

જ૦ જે પથ્થર ખાણમાંથી નીકળ્યો હોય જેમકે ફીરોઝા અકીક હીરા વી૦ તેમજ આરસપાણ, એના ઉપર સીજદો થઇ શકતો નથી, તે સીવાયના પથર ઊપર સીજદો કરવો જાએઝ છે.

ઇનસાનના ઘરના લોકો તેના કૈદી છે માટે પોતાના કૈદીઓને દરેક ચીજ વધારે આપવી અને અગર તંગી કરે તો ખૌફ રહે છે ખુદા તે નેઅમત લઇ લીએ. હઝરતે ઇમામે રઝા અ૦ મેં ફરમાવ્યું કે ઇનસાનને જોઇએ કે પોતાના બાલ બચ્ચાઓને સારી હાલતમાં રાખે કે તેથી તેઓ તેને મરવાનું ન ચહે એટલે અગર સખ્તી અને તંગી કરે તો તેઓ કંટાળો ખઇને કહે કે મરી જાય તો સારૂ,

જાણવું જોઇએ કે સવાબના ઉમેદવારોને જોઇએ કે પોતાના ઘરના ખરચ વીશે ખાલીસ નીયત રાખે અને ગુજરાન માટે જે કાંઇ સખ્તી અને મહેનત વેઠવી પડે તે ખુદાની ખુશી માટે સમજે, અને હરામનો તેમજ હરામના શુબાવાળા માલથી પરહેઝ કરે અને ઘરના લોકો માટે હલાલ શીવાય ન લાવે, અને ઘરના ખરચમાં વચલે દરજે ચાલે એટલે એકદમ વધારે ખરચ ન ગણે તેમજ એકદમ તંગી પણ ન કરે કેમકે ખરચમાં બહુજ તંગી કરવાથી ઘરના લોકો બરબાદ થઇ જાય છે અને બહુજ વધારે ખરચ કરવાથી પણ પોતે તથા તેઓ બરબાદ થઇ જાય છે, અને છેટે મુફલીસ થઇ હલાકતને દરજે પહોંચે છે. જાણવું જોઇએ કે ઉમદા ખોરાકી ખાસ પોતાજ માટે અથવા પોતાના અમુક છોકરા વી૦ માટેજ મુકરર ન કરે બલકે ઘરના તમામ જણને એક સરખું આપે, પણ કોઈ જરૂરતના સબબથી જેમકે બીમારીઅથવા જઇફી વી૦ ના સબબથી ખાસ જુદુ ખાણુ પકાવીને ખાય તો હરકત નથી અને જે ચીજ પોતાના ઘરના લોકો માટે લાવવી મનજુર ન હોય તેના વખાણ ઘરના લોકો પાસે ન કરે, અને જ્યારે સુફરો નાખે ત્યારે પોતાના ઘરના સરવે લોકોને સાથે બેસારીને ખવરાવે બરવી છે કે જે ઘરના તમામ લોક ભેગા બેસીને ખાય તો ખુદા અને મલાએકા સાલવાત મોકલે છે.

## ફસલ ૨૭ મી. મુસતહબ્બ બખશીશો વીશે.

જાણવું જોઇએ કે મુસતહબ્બ એટલે સુન્નત બખશીસો કેટલીએક છે.

૧ સદકો છે અને તેનો સવાબ અને ફાયદા ઘણા છે, હઝરતે રસુલે ખુદાસ૦થી મનકુલ છે કે સદકો આપવાથી બીમારી, બળી જવું, મુસીબત, ગરક થવું, ઘરમાં દબાઇ જવું, દીવાના થવું, દુર થાય છે, અને એ જનાબે એવી એવી સીત્તેર બલાઓ બયાન કરીને ફરમાવ્યું કે સદકાની બરકતથી ખુદાએતઆલા એ સરવેને દફે કરે છે, અને આપે ફરમાવ્યું કે સદકો આપનાર કયામતને દીવસે લોકો હીસાબ આપવાથી ફારેગ થાય ત્યાં સુધી પોતાના સદકાના છયામાં રહેશે, અને ફરમાવ્યું કે કયામતની જમીન આગ છે, પણ જેણે સદકો આપ્યો હશે તે મોઅમીન ઉપર તે સદકાનો છાંયો થશે, અને આપે ફરમાવ્યું કે રાતના વખતે જે માગવા વાળાની સુરતમાં આવે તેને ખાલી પાછો કાઢવો નહીં, કેમકે રખેને તે ફરીશ્તો હોય, અને તે ઇમતેહાન માટે માગવા નીકળ્યો હોય* બરવી છે કે હઝરતે મુસા અ૦ ને વહય થઇ કે અએ મુસા માગનારને કાંઇ પણ ચીજ આપ જોઇએ

* આ વીશે લખનવી મુજતહેદને પુછાવતાં લખે છે કે તેથી મતલબ અહલેબૈતની મોહબ્બત રાખનાર માગનાર છે, તે સીવાય બીજા આલતુ ફાલતુને આપે નહીં, તો એ બાબત પાછો કાઢવાની લાગુ નહીં પડે. "નાજી"

તો થોડી હોય તે આપીને અથવા મીઠાસથી જવાબ આપીને તેને માન આપ, કારણકે તારી પસે માંગવા આવે તે ન જીન હોય ન ઇનસાન હોય બલકે ફીરીસ્તો હોય કે મેં તને જે નેઅમત આપી છે તે વીશે ત્હારૂ ઇમતેહાન કરે, હઝરતે રસુલે ખુદા સ૰ એજ કારણથી ફરમાવતા હતા કે માગનારને ખાલી હાથે પાછો ન ફેરવો એટલે સુધી કે ઘોડા ઉપર બેસીને માંગે તો પણ તેને આપવું. હઝરતે ઇમામે મહમ્મદે બાકેર અ૰થી મરવી છે કે નેકી અને સદકો ફકીરીને દુર કરે છે અને ઊમરમાં વધારો કરે છે એટલુંજ નહીં પણ સીતેર જાતની ખરાબ મોતથી બચાવે છે, અને હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૰થી મરવી છે કે પોતાના બીમારોની સદકા થકી દવા કરો અને દોઆ થકી બલાને રદ કરો, તેમજ સદકો આપીને રોજી તલબ કરો કે સદકો છે તે સાતસો શૈતાનની ચોકામાંથી બહાર નીકળે છે એટલે જ્યારે કોઈ સદકો આપવાનો ઇરદો કરે છે ત્યારે સાતસો શયતાન તેને વસવસો કરે છે અને આપવાથી મન ફેરવી નાખે છે, અને શયતાન ઉપર મોઅમીનને સદકો આપે તેથી કોઇ ચીજ ભારે નથી, સદકો છે તે ફકીરના હાથમાં પહોંચવાની પહેલે ખુદાના હાથમાં પહોંચે છે, અને તે જનાબથી મરવી છે કે મુસતહબ છે કે બીમાર હોય તે પોતે સદકો આપે અને ફકીરને કહે કે મારા માટે દોઆ કર, જાણવુંજોઇએ કે જે કોઇ સવારના વખતે સદકો કરે તો તે દીવસની બદી દુર થાય છે, અને હદીસમાં છે કે જે કોઇ સવારના સદકો કરે તો તે દીવસે તમામ બદી જે આસમાનથી આવનાર છે તેને ખુદા અટકાવે છે, જે કોઇ સાંજના સદકો કરે તો રાતના જેટલી બલા આસમાનથી આવનાર છે તેને ખુદા દુર કરે છે, અને તે હઝરત ઇશાની નમાઝ પડયા પછી થોડી રાત ગયા પછી ગોસ્ત અને રોટીનું પોટકું ખભા ઉપર મુકીને મદીનાના ફકીરોને ઘરે જઇને વહેંચી આપતા હતા અને એ હઝરતને કોઇ ઓળખતું નહતું એટલે સુધી કે દુન્યાથી ગુજરી ગયા, અને તે વખતે એ ગરીબોને મળતુ ખાણુ મૌકુફ થયું ત્યારે તેઓ સમજ્યા કે એ હઝરત હતા, એ હઝરતને પુછવામાં આવ્યું કે સવાલ કરનાર અમારી પાસે માંગે છે પણ અમો ઓળખતા નથી તો શું કરવું ? આપે ફરમાવ્યું કે જેના માટે તારા દીલમાં અસર થાય અને રહમ આવે તેને આપ, એક શખસે પુછયું કે કોઇ શખસ ફકીરને આપવા બીજા કોઇને કાંઇ આપે તો તે કેમ છે ? આપે ફરમાવ્યું કે જેની મારફતથી આપે છે તે મારફતીયાને પણ તે આપનાર જેટલો સવાબ થાય છે, અને તે આપનારના સવાબમાં કાંઇ પણ ઘટાડો થતો નથી.

જાણવું જોઇએ કે પાણીના સદકા વીશે સવાબની ઘણી હદીસો વારીદ થઇ છે જેમકે હદીસમાં છે કે આખેરતમાં જે ચીજનો પહેલે સવાબ આપવામાં આવશે તે સદકાના પાણીનો સવાબ છે, એટલે કોઇને પાણી પીવરાવ્યું હશે તેને સવાબ પહેલે મળશે, હઝરતે ઇમામે મહમ્મદે બાકેર અ૰થી મરવી છે કે ખુદાએતઆલા તરસ્યા દીલને ઠંડુ કરવા વાળાને દોસ્ત રાખે છે, અને જે કોઇ તરસ્યા ઢોર વીગેરેને પાણી પાય તો ખુદાએતઆલા તેને પોતાના અર્શના છાંયામાં એ દીવસે જગ્યો આપશે કે તે દીવસે અર્શ શીવાય બીજો છાંયો નહીં હોય, હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૰થી મરવી છે કે જે કોઇ એવે ઠેકાણે પાણી પીવરાવે કે ત્યાં પાણી મળી શકતું હોય તો તેને એક ગુલામ આઝાદ કરવા જેટલો સવાબ મળે, અને એવે ઠેકાણે પાણી પીવરાવે કે ત્યાં પાણી મલી શકતુ ન હોય તેને એક માણસને જીવતો કરવા

જેટલો સવાબ મળે અને જે કોઇ એક જણને જીવતો કરે તો આખી દુન્યાને જીવતી કર્યા સમાન છે હઝરતે રસુલે ખુદાસ૦ને પુછવામાં આવ્યું છે કે સદકો કેવે વખતે આપવો અફઝલ છે? આપે ફરમાવ્યું એવે વખતે સદકો આપે કે તનદુરસ્ત હોય અને જીંદગાનીની ઉમેદ હોય અને પોતાને તે ચીજની જરૂરત હોય તે વખતે આપે તે અફઝલ છે, પણ જીવ ગલામાં પહોંચે તે વખતે કહે કે ફલાણાને અટલું આપજો અને ફલાણાને અટલુ આપજો એમ ન કરે. જાણવું જોઇએ કે ઉપર બયાન થયું કે સુન્નત સદકો છુપી રીતે આપવામાં વધારે સવાબ છે, અને છુપી રીતે આપવાથી સવાબ વધારે કામીલ છે પણ લેનારે છુપો રાખવો અથવા જાહેર કરવો એ બન્નેમાં અફઝલ શું છે તેમાં મતભેદ છે, કેટલાંક આલીમોનો એવો મત છે કે લેનારે પણ છુપુ રાખવું અફઝલ છે, અને કેટલાંક આલીમોનો એવો મત છે કે જાહેર કરવું બેહતર છે. પણ હક એ છે કે એ બન્ને બાબત સંપુર્ણ રીતે હર હાલમાં સહી નથી, પણ લેનારની નીય્યત ઉપર આધાર રાખે છે, માટે નેકબખતી ચાહનારે પોતાના હાલ ઉપર નજર કરી જેમાં ખુદની ખુશી હોય અને તમામ આફતોથી દુર હોય તે ઇખતીયાર કરે, જેમકે તેનું દીલ છુપુ રાખવા ચાહતુ હોય અને તેથી તેનો મતલબ એવો હોય કે બીજા કોઇને ખબર પડશે તો આપશે નહીં, તો એવા વખતે છુપુ રાખવું નહીં બલકે જાહેર કરવું અફઝલ છે, અને અગર તેનું દીલ જાહેર કરવા ચાહતુ હોય અને તેથી મતલબ એ હોય કે આ જોઇ બીજા અમીરો પણ કાંઇ આપે તો એવા વખતે જાહેર ન કરવું બેહતર છે, તેમજ પોતે જાણે કે આપનારની મરજી એવી છે કે જાહેર કરે અને તારીફ કરે તો તે વખતે જાહેર ન કરે અને તારીફ પણ ન કરે, કેમકે જો જાહેર કરે અને તારીફ કરે તો આગલાની એ ખરાબ નીય્યતમાં મદદ કરવા સમાન છે, હાંસલ કલામ આવી આવી બારીકી અને નુકતા ધ્યાનમાં રાખી જેમાં કોઇ જાતની ખરાબી ન હોય તે પ્રમાણે અમલ કરે, કેમકે અગર એ બારીકીયો તરફ નજર ન કરતા જેમ આવે તેમ પોતાની મરજી મુજબ વરતે તો શયતાનને મશકરી કરવાનું કારણ થઇ પડે છે, અને આવી બારીકીઓનો ઇલમ સખત છે, અને તેથીજ એવો એક મસલો યાદ કરવો તે એક વરસની ઇબાદત કરતાં વધારે બેહતર છે. કેમકે એ બારીકીયોના ઇલમથી આખી ઉમરની ઇબાદત જીવતી થાય છે, અને એ બારીકીયોથી અજ્ઞાનતાથી તમામ ઉમરની ઇબાદત બરબાદ થાય છે.

૨—હદીયો છે, હદીઓ એને કહે છે કે કાંઇ ચીજ પોતાના બીરાદરે મોઅમીન ગરીબ અથવા અમીરને આપે, અથવા મોકલે અને તેથી મતલબ મોહબ્બત જાહેર કરવાનો અને મોહબ્બતમાં વધારો કરવાનો હોય અને એ બાબત ઘણી સારી અને વખાણવા લાયક છે, હઝરતે રસુલે ખુદાસ૦એ ફરમાવ્યું કે આપસમાં એક બીજા દોસ્તી કરો અને હદીયો આપો, કે એમ કરવાથી કીનો દુર થાય છે, હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦થી મરવી છે કે આપે ફરમાવ્યું કે હું બીરાદરે મોઅમીન માટે હદીયો મોકલું તે સદકો આપવા કરતાં વધારે પસંદ છે, હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦એ ફરમાવ્યું કે બીરાદરે મોઅમીનની બુઝુર્ગી કરવી એ છે કે તેનો હદીઓ કબુલ કરવો, અને જે બની શકે તે હદીઓ

આપવો, ૩ **મેહમાનો** છે, અને **મેહમાની** કરવાનો સવાબ ઘણો ઉમદા અને સારો શર એ મુકદસમાં વારીદ થયો છે, હઝરતે રસુલે ખુદાસ૦થી વારીદ થયું છે કે જે કોઇ મહેમાની નકરે તેમાં કાંઇ પણ ખૈર નથી, અને ફરમાવ્યું કે જ્યારે કોઇ કૌમને ત્યાં મહેમાન આવે ત્યારે તેની રોજી આસમાનથી નાઝીલ થાય છે અને જ્યારે ખાય છે ત્યારે તે કૌમના ગુનાહ માફ કરી આપે છે, અને ફરમાવ્યું કે કોઇ મહેમાન નથી આવતો પણ. એકે તેની રોજી તેના ખોળામાં હોય છે, અને એ જનાબથી મરવી છે કે જ્યારે ખુદાએ તઆલા કોઇ કોમ ઉપર ખૈરનો પ્રરાદો કરે છે ત્યારે તેઓ માટે હદીઓ મોકલે છે, લોકોએ અરજ કરી તે શું હદીઓ છે? આપે ફરમાવ્યું કે તે મહેમાન છે કે તે આવે ત્યારે પોતાની રોજી સાથે લેતો આવે છે. અને જાય ત્યારે ઘરવાલાની ગુનાહો લેતો જાય છે, એટલે તેઓના ગુનાહ માફ થઇ જાય છે, અને ફરમાવ્યું કે જે ઘરમાં મહેમાન નથી આવતો એના ઘરમાં ફીરીશ્તા આવતા નથી, હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦થી મરવી છે કે જે મોઅમીન મહેમાનના પગની આવાજથી ખુશી થાય તો ખુદાએ તઆલા તેના જમીન અને આસમાનમાં ભરાઇ જાય એટલા ગુનાહ હોય તો પણ માફ કરે છે, એક દીવસ એ જનાબ રડતા હતા તેથી રડવાનું કારણ પુછ્યું તો આપે ફરમાવ્યું કે સાત દીવસ થયા મારે ઘેર મહેમાન આવ્યો નથી તેથી ડરૂં છું કે ખુદાની પાસે મારો મરતબો ઓછો થયો ન હોય! અને હઝરતે ઇબરાહીમ અ૦ જ્યારે ખાવા ચાહતા હતા ત્યારે મહેમાનને શોધવા માટે એકથી બે મૈલ સુધી બાહેર જતા હતા કે કોઇ મળે તો તેની સાથે બેસીને ખાવ અને તેથીજ આપને **અબુઝ ઝયફાન** એટલે મહેમાનોના બાપ કહેતા હતા.

જેટલી ફઝીલતો અને સવાબ ખાવુ ખવરાવવા અને પાણી પીવરાવવા વીશે વારીદ થએલ છે, તેથી મહેમાનીની ફઝીલત સાબીત થાય છે, અને એ વીશે હદીસો હદથી વધારે છે, જેમકે વારીદ થયું છે કે જે કોઇ પોતાના બીરાદરે મોઅમીનને પેટ ભરીને ખાવુ ખવરાવે અને પેટ ભરીને પાણી પીવરાવે તો ખુદાએ તઆલા તેની અને જહન્નમની વચ્ચે સાત ખંદકનો ફાસલો કરે છે કે તે દરેક ખંદક પાનસો વરસના રસ્તા જેટલી પહોળી હોય. અને બીજી રીવાયતમાં છે કે જે કોઇ મોઅમીનને પેટ ભરીને ખવરાવે તો તેનો સવાબ ખુદા સીવાય ખુદાની મખલુકમાંથી કોઇ જાણી શકતુ નથી, ન કોઇ મોકરંબ ફીરીશ્તો જાણી શકે છે ન પૈગમબર. જાણવું જોઇએ કે આ ઝમાનામાં ઘણે ભાગે જે મહેમાની કરવામાં આવે છે કે તેમાં બડઇ અથવા રીયા અથવા ફખર અથવા વખાણ કરવા માટે હોય છે, તે મહેમાની માટે આ બયાન થએલો સવાબ નથી, કેમકે એવી મહેમાનીમાં એક તો ખાસ ખુદાની ખુશી હોતી નથી, બીજુ એ કે મહેમાની માટે લોકોને ભેગા કરી એકબીજા વાહીયાત તડાકા ફડાકા મારે મશકરીયો કરે અને મુસલમાનોની ગીબતમાં મશગુલ થાય છે, એટલુંજ નહીં પણ જરૂરત કરતા વધારે ખરચ કરી ઇસરાફ પણ કરે છે તો જે મહેમાની ખાસ ખુદાની ખુશી માટે અને હઝરતે રસુલે ખુદાની સુન્નતની પૈરવી માટે અને બીરાદરે મોઅમેનીનના દીલ ખુશ કરવા માટે હોય ઉપરાંત લોકોને દેખાડવા અને ફખર કરવાનો ઇરાદો ન હોય તે મહેમાની માટે સવાબ છે, અને સજાવાર એ છે કે ગરીબો અને નેક લોકોની મહે[illegible]

# હંમલએ હૈયદરી.

## પ્રકરણ ૧૧૧ મું.

### હઝરતે રસુલે ખુદા સ૦ નું યહુદીયોના નિફાકથી જાણીતા થવું અને ઇસ્લામીયોએ તેઓના મુકાબલામાં જવા માટે તૈયાર થવું.

લખે છે કે જ્યારે આ યહુદીયોની હીલચાલની અને ખટપટની ખબર હઝરતે રસુલે ખુદા સ૦ ને કાને ગઇ ત્યારે તેઓએ પહેલાં તો પાકપરવરદિગારના નામનું રટન કરવા લાગ્યા પછી સરવે અસ્હાબો અને અનસારો અને મુજાહીદીનને બોલાવીને ફરમાવ્યું કે અય્યેહન્નાસ ( અએ લોકો ) શું તમો કાંઇ જાણો છો કે ફીતુરી બદબખ્ત યહુદીયોએ પાછું બળવો કરવા માટે અને ભારે તોફાન મચાવવા માટે પોતાનું માથું ઉંચુ કર્યું છે, અને તેઓએ કુરેશીયો પાસે જઇને મ્હારો શીકવો કર્યો અને ત્યાંથી દરેક કબીલા તરફ અને કોમ તરફ જઇ તેઓને મહારી સાથે લડવા માટે ઉસ્કેરી તૈયાર કર્યા જેમકે સઘળાં બુત પરસ્તો એકઠાં થઇ મહા ભારે સંખ્યા સહીત યસરિબ તરફ આવવાનો નિશ્ચય કરે છે અને ઘણુંજ રોઅબ અને દબદબાથી આપણી તરફ આવે છે બલકે રસ્તામાં આવતાં આવતાં દરેક કીલ્લાદાર લોકો પાસેથી વધુને વધુ મદદ પામતા જાય છે, જેમકે આ હાલ બયાન કરનારના કહેવા પ્રમાણે તેઓની સંખ્યા દસ હઝાર કરતાં વધારે છે, હવે કહો તમારી આ બાબતમા શું મસલેહત છે? અને આ લડાઇ માટે શું તદબીર કરૂં અને આપણા લશ્કરનો પડાવ કઇ તરફ નાંખું? અબદુલ્લાહ બિન ઓબયે આ વાત સાંભળીને અરજ કરી કે લડાઇનું મેદાન આપણે સલઅમાં રાખીયે કે તે જગ્યા દુરની દુર અને પાસેની પાસે છે અને તેથી તે બહેતર છે કેમકે તેની એક બાજુએ ભારે અટકાયત છે અને બીજી તરફ આપનું શેહેર મદીના છે અને આપણે તે બન્ને જગ્યા વચ્ચે પડાવ નાંખીયે કે જેથી આપણે દુશ્મનોના તોફાનથી રક્ષણમાં રહીયે, અગર તેનું મન નિફાક તરફ વલણ રાખતું હતું તો પણ તેની આ તદબીર સરવે જણને પસંદ આવી અને હઝરતે રસુલે ખુદા સ૦ પણ તેનો મત કબુલ કરી ફરમાવ્યું કે બિસ્મીલ્લાહ બસ ચાલો તૈયાર થાઓ અને ત્યાંજ પડાવ નાંખો, બીજે દીવસે દીનના દીલાવરો અને શુરવીરો હથીયારો બાંધી હઝરતે રસુલેખુદા સ૦ના દરે દવલત ઉપર હાજર થયાં અને હઝરતે રસુલેખુદા સ૦ કમર બાંધીને મકાનની બહાર તશરીફ લાવ્યાં તેઓના અંગ મુબારક ઉપર પરવર દિગારની હિફઝનું બખતર હતું અને

પરવરદીગાર ઉપરના તવક્કલનો તેઓની કમરમાં કમર પટો બાંધેલો હતો અને શીસ મુબારક ઉપર ઇજ્જતનું તાજ શોભી રહ્યું હતું અને પીઠ ઉપર દ્રઢ નિશ્ચયની ઢાલ લટકતી હતી. જ્યારે તેઓ ઘરની બહાર તશરીફ લાવ્યાં ત્યારે હાઝેરીન શેવકો આગળ વધ્યા અને તેઓના કદમે ઝુકી પડયા. અને પછી આપ સ્વારી ઉપર સ્વાર થયા.

શિકોહશ સરે ચર્ખતા અર્શબુર્દ*
વેકારશ ઝમીં તા બમારી ફિશુર્દ*

તેઓના દબદબાથી આકાશનું માથું અર્શ સુધી પહોંચી ગયું અને તેઓનો વિકાર જમીનથી કે માછલી સુધી પહોંચી ગયો, હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ આવેલો વિજળી વાવટો ખોલી વિજળી રૂપી ઝુલ્ફકાર હાથમાં લઇ હઝરતે રસુલેખુદા સ૦ની સ્વારી આગળ આગળ ચાલતા હતા અને જીબરઇલ-અમીન આપના શીશ મુબારક ઉપર પોતાની સોનેરી પાંખોનો છાંયો કરી વારંવાર "રૂહી-ફિદાક" ની અવાજો સાથે આપતા હતાં અને તે વખતે હઝરતના નુરનો પ્રકાશ આખી આલમમાં ફેલાઇ ગયો હતો, હઝરતની જમણી ડાબી જમણી બાજુએ નેક નામદાર અસ્હાબો અને જાન નિસારો પહેલવાન શુરવીર અને બહાદુર ચુંટી કાઢેલાં સખ્યામાં ત્રણ હજાર હતા અને હઝરતના નકીબો દુર હઠો દુર હઠોનો પોકાર પાડી રહયા હતા, જ્યારે આટલા દબદબા અને રૈઅબથી સેલઅના પહાડમાં પહોંચ્યા અને યોગ્ય જગ્યાએ પોતાનો પડાવ નાંખ્યો અને ત્યાં મુસલમાનોના ખયમા બરપા થયાં જો કે મૈદાનની આસપાસ શહેર અને પહાડ હતો તો પણ ત્યાં થઇ દુશ્મનોને હુમલા કરવાનો રસ્તો હતો તેથી હઝરતે રસુલેખુદા સ૦ પોતાના અસ્હાબોને ફરમાવ્યું કે આ જગ્યાએ કોઈ એવી તદબીર કરવી જોઇએ કે જે દુશ્મનોના લશ્કરને આપણા ઉપર હુમલો કરતાં અટકાવે તે વખતે જનાબે સલમાને ફારસીએ અરજ કરી કે યા દીન અને દુન્યાના બાદશાહ ઇરાનમાં એવો રિવાજ છે કે જ્યારે દુશ્મનો સાથે લશ્કર લડવા માટે જાય છે ત્યારે ખંદકો ( ખાઇયો ) ખોદે છે અને તેમાં બેશીને નેઝા તલવાર અને પત્થરથી લડે છે. હઝરતને તેઓનો આ મત ઘણો પસંદ આવ્યો અને સઘળાં મોઅમેનીને પણ તે રાએ પસંદ કીધી અને તેની તદબીર કરવી શરૂ કરી.

## પ્રકરણ ૧૧૨ મુ.

### લશકરની અતરાફ ખંદક ખોદવી અને હઝરતનો મોઅજીઝો જાહેર થવો.

રાવી કહે છે કે જ્યારે ખંદકો ખોદવાની સલાહ થઇ ગઈ ત્યારે હઝરતે રસુલેખુદા સ૦ પોતાના અસ્હાબો અને અનસારોને હુકમ આપ્યો કે સઘળાં મોઅમિનો કોદાળીયો અને બેલચાઓ અને તીકમ લઇ તૈયાર થાઓ અને થોડી થોડી જમીન સરવે જણાઓ ખોદો, હાસિલકલામ સરવે જણાં કોદાળીયો અને ટોપલાઓ લઇ હાજર થયાં અને ઘણીજ કોશીશથી જમીન ખોદવી શરૂ કીધી અને દસ દસ માણસોના ટોળાં થઇ દસ દસ ગજ જમીન વહેંચી લીધી જનએ સલામ રઝી૦ દસ માણસો બરાબર કામ કરતા હતા બલકે હઝરતે રસુલેખુદા મોહમ્મદે મુસ્તફા સ૦ પંડે ઘણી મેહનત લેતા હતા, મરવી છે કે જ્યારે તે ખંદક ઘણી ખોદવામાં આવી ત્યારે બનવાકાળ તેમાંથી એક મહા મોહટો સખત પત્થર જણાયો ઇસ્લામી બળવાનોએ તેને ઘણોએ હલાવ્યો અને કોદાળીઓ અને ત્રીકમો વડે તેને ઘણોએ ખોદયો પણ જરાપણ હલ્યો નહી

અને તે એક કેકાણેથી દુટયો નહી કે કેટલાક જવાનોના બાઝુઓ ઝખ્મી થઇ ગયાં પણ કાંઇ વળ્યું નહીં ત્યારે લાચાર થઇ હઝરતે રસુલેખુદા સ૦ ને ખબર કીધી, આ વાત સાંભળીને હઝરત પોતે તશરીફ લાવ્યા અને એક માણુસ પાસેથી કોદળી લઇને પોતે પત્થર ઉપર ઉભા રહ્યા તે વરસે સખત દુકાળ હોવાથી ત્રણ દીવસ થયાં હઝરતે રસુલેખુદા સ૦ કાંઇ ખાધુ નહતું અને તે બાબતની મુશરીકોને ખબર ન પડે એટલા માટે પેટ ઉપર પત્થર બાંધેલો હતો અને તેથી ઘણાં અશકત થઇ ગયા હતા તો પણ ઘણી મહેનત લેતા હતા.

બુબર દાશી ફૌલાદે ખારા શિગાફ*
દર આમદ બઝિન્હાર રૂકોહે કાફ*
બનામે ખુદાએ જહાં આફરીં*
બેઝદતી શરા સૈયદુલ મુરસલી*

પછી આપે તે ફૌલાદની કોદાળી ઉંચી કરી અને પરવરદિગારે આલમનું નામ લઇ તે પત્થર ઉપર મારી તે કોદાળી પડતાંજ તે પત્થરનો એક ખુણો દુટી ગયો અને તેમાંથી વીજળી જેવો એક પ્રકાશ નીકળયો અને તેથી તે સલઅતું આખું મૈદાન પ્રકાશિત થઇ ગયું, હઝરતે આ અજાયબી જોઈ તકબીર કહી અને પછી બીજો ઘા માર્યો તો તેમાંથી પણ એક વીજળી નીકળી તો બીજી વાર પણ હઝરતે તકબીર કહી અને પછી ત્રીજો ઘા માર્યો તો તેમાંથી પણ વીજળી નીકળી તો વળી હઝરતે તકબીર કહી.

શુદ ઇંમાર આ સંગ ઝેરો ઝબર*
નમાંદ એહતેયાજશ બ ઝર્બે દિગર*

તે વખતે તે પત્થર ઉથલ પાથલ થઇ ગયો અને બીજો ઘા મારવાની જરૂર રહી નહીં, સલમાન રઝી૦ અચંબો પામી અરઝ કીધી કે રહીફિદાક યા રસુલલ્લાહ આ વીજળી શું હતી ? અને દરેક વખતે આપે શા માટે તકબીર કહી ? ફરમાવ્યું કે જયારે પહેલાં વીજળી ચમકી ત્યારે મને કીસરાના મેહલ દેખાયાં અને બીજી વીજળી વખતે રૂમના કૈસરના કીલ્લાઓ દેખાયાં અને ત્રીજી વખત મેં યમનના ઘરબાર જોયાં તો જીબરઇલે મને તે વિશે એવી ખબર આપીકે મ્હારી બાઅદ મ્હારા અનસારો અને અહબાબો તે સરવે જગ્યાઓને જીતી લેશે અને ત્યાંના સઘળાં રહેવાશીયો મ્હારો દીન કબુલ ફરમાવશે, આવી ખુશખબરી સાંભળી મેં ખુદાએ તઆલાનો શુકર અદા કર્યો અને તેથી દરેક વખતે મેં તકબીર કહી, આ ખુશખબરી સાંભળીને સરવે મોઅમિન બિરાદરો પણ ખુશ થયાં અને એક બીજા સાથે તકબીર કહેવા લાગ્યા. હાંસીલકલામ તે ખંદક છ દીવસમાં તૈયાર થઇ ગઇ અને સરવે માટી બાટી ત્યાંથી ઉપાડી લીધી અને સાતમા દીવસથી મુશરીકોનુ લશ્કર આવવું શરૂ થવાના સમાચાર મળ્યાં હજું તે લશકર અહીંયાથી એક મનઝિલ દુર હતું તેથી હઝરતે રસુલે ખુદા સ૦ પોતાના લડવૈયાઓને ફરમાવ્યું કે પાક પરવરદિગાર ઉપર ભરોસો અને તવક્કલ કરી ખંદકની વટમાં છુપા રહો અને દુશ્મનોથી પોતાની જાનોને છુપાવો દુશ્મનો આવે તે પહેલાં તેઓના રસ્તાઓને ઇંટાળા અને પત્થરોથી ભરી દીયો અને હથીયારનો ઉપયોગ કરો, આ હુકમ સાંભળતાંજ સરવે જણાઓએ ખંદકની આસપાસ મકામ કર્યો અને દુશ્મનોનો રસ્તો બંધ કરી દીધો પછી જયારે મુશરીકો યસરિબની પાસે પહોંચ્યાં ત્યારે અબુસુફયાને હય્યઅખતબને કહ્યું કે અએ નામદાર હુશીયાર રહો અને જાણો કે આ સઘળાં યહુદીયો અને બતહાના લોકો ત્હારી શરમથી મુસલમાનો સાથે લડવા માટે તૈયાર થયાં છે પણ મેં મોઅતબર રીતે સાંભળ્યું છે કે બની કરીઝાના યહુદીયો મદીનામાં રહેતાં હોવાથી તેઓએ મુસલમાનો સાથે સંપ રાખવાનો કરાર કર્યો છે અને વાયદો આપ્યો છે કે અમો

લડવા માટે નહીં જઇએ અને મુસલમાનો સાથે સલાહ સંપથી રહીશે, જો આ વાત ખરી છે તો તે બાબત મુરવ્વતના નિયમ વિરૂદ્ધ છે અને દરેક ડાહયા અને સમજુ માણસ પાસે આ બાબત બેજા છે કે અમોને તો લડવા માટે બોલાવે અને દુશ્મનોના ફંદામાં ફસાવે અને પોતે તો ઘરનાં બહાર કદમ નકાઢે માટે તું જલદી જા અને તેઓને સમજાવ અને જેમ બને તેમ ઝડપથી તેઓને તે કરારથી ફેરવી નાંખ, હયયઇબને અખતબે આ સખુન સાંભળીને કહ્યું કે ખરેખર તેઓએ આ બાબત તો બેજા કરી છે. અને પોતાની બીજી કોમને શરમાવવું પડે એવું કામ કરે છે, હું જાઉં છું અને તેઓને મકર અને ફરેબ કરી અહીંયાં લાવું છું એમ કહી તે ગુસ્સે થઇને ઉભો થયો અને રાતના વખતે મુસાઇયોના સરદાર કઅબ અસદ પાસે પહોંચ્યો તો જોયું કે તેના ઘરનો દરવાજો બંધ છે અને ત્યાં નકોઇ દરબાન છે અને તેમજ તેમાંથી ન કાંઇ અવાજ સાંભળાય છે પ્રથમ તો થોડી વાર ચુપ રહયો પછી કુતરાની પેઠે ભસીને બોલ્યો શું કોઇ માણુસ આ ઘરમાં છે કે જે કઅબ અસદ જે હયઅખતબના આવવાની ખબર કરે? આ વખતે કઅબ પોતાના મેહલમાં જાગતો હતો જ્યારે તેણે તેનો અવાજ સાંભળ્યો ત્યારે મનમાં સમજ્યો કે આ કમબખતનું આવવું ફીતના અને ફસાદથી ખાલી હશે નહીં તેથી દરબાનને કહ્યું કે દરવાજો ખોલી દે અને તને જે કાંઇ કહે તેનો તું જવાબ આપ નહીં, એટલામાં વળી અખતબે બુમ પાડી અને ઘણો શોર મચાવ્યો પણ દરબાન ઉઠયો નહીં તેથી કઅબ લાચાર થઇ દરવાજાની પાછળ પંડે આવ્યો અને બોલ્યો કે અએ ફીતનાખોર શું કહે છે? અને શા માટે અત્યારમાં દરવાજો ઉઘડાવે છે? ઇબ્ને અખતબે કહ્યું દરવાજો ખોલ્યા બાદ સવાલ જવાબ થશે અને ત્હારો આ ગુસ્સો ફોગટનો છે હું એક ખુશ ખબરી લઇને આવ્યો છું અગર તેનો મઝા ચાખીશ તો જીંદગી સુધી ભુલીશ નહીં, આ સાંભળીને કઅબે જવાબ આપ્યો કે અએ ફીતનાખોર—

**મન આં મુઝદારા નેક દાનમકે ચીસ્ત***
**મરા આં ચુનાં મુઝદા દરકાર નીસ્ત***

હું સારી પેઠે જાણું છું કે તે ખુશ ખબરી શું છે? મને એવી ખુશ ખબરીની કાંઇ જરૂર નથી જલદીથી અહીંયાંથી પાછો ફરીજા અને પોતાની ઇજ્જત અને આબરૂ ખો નહીં અને અત્યારમાં હુ દરવાજો નહીં ખોલું, આ સાંભળીને અખતબે કહ્યું કે શું અરબની એજ રાહ રસમ છે કે પોતાના ઘેર મેહમાન આવે તેને ઘરમાં આવવા દે નહીં એવી રીતે તેણે મલાલના ઘણાં વેણ કહયાં.

પોતાના પ્રાણ કરતાં પણ આંગણે આવેલો મહેમાન લાખ દરજે વધારે વહાલો હોય છે પણ તને તો મેહમાન કરતાં રોટલી વધારે વહાલી છે, હજુ મેં તને કાંઇ બાબત કહી નથી એટલામાં શું તું સમજી ગયો કે હું શા માટે આવ્યો છું ભલા તું મ્હારા મનના ભેદને કેવી રીતે સમજી ગયો કે બેધડક કહે છે કે હું સમજી ગયો, બોલ તું શું સમજ્યો એક રોટલી માટે આવી વાતચીત કરવી કયારે દુરસ્ત છે? અને તું ત્હારા મનમાં જરા વિચાર તો ખરો કે આંગણે આવેલાં મેહમાનનું નિરાશ થઇ પાછા જવું કેટલું ખોટું છે? કઅબે તેના આ વેણ સાંભળીને લાચાર થઇ દરવાજાને ખોલી દીધો જાણે કે ફીતનાએ ફીતનાને બગલમાં લઇ લીધો પછી તે મકરબાઝ તેના ઘરમાં દાખલ થયો અને તરતજ અનહદ શીકાયતો સહીત પોતાના મોહના તાળાને જીભની કુંચીથી ખોલ્યું પછી કઅબે પણ ઘણી ઉઝરખ્વાહી કરી અને તેની આગળ ખાણાથી ભરપુર એક થાળ મુકયો, ઇબ્ને અખતબે પહેલાં મસલહતન બે ત્રણ લુકમાં

ખાધાં અને પછી તેની તરફ પોતાનું મોંહ ફેરવીને કહ્યું કે ખરેખર તેં મને આફ્રીન કહી નહીં અને મ્હારી કારવાઇ ઉપર તેં મને શાબાશી આપી નહીં શું તેં જોયું નહીં કે મેં કેવું કામ કર્યું છે? અગર તેનાથી તત્ રીતવાળા લોકો ખુશ થાય તો બજા છે, એટલે હું અહીંયાથી દર્દનાક થઇ કઅબા તરફ ગયો અને ત્યાં પહોંચીને ચારે તરફ ફર્યો અને ત્યાંના એક રઇસ અને સીપેહદારની પાસે જઇ પોતાનું છુપુ દુઃખ જાહેર કીધું અને તેની આગળ એવી મીઠું મરચું ભભરાવી વાત કરીકે તે મોહમ્મદ સ૰ સાથે લડવા માટે તૈયાર થયો અને એક દીવસ સઘળાં કુરૈશીયોએ એકઠાં થઇ લાત મનાત અને હુબલના સોગન ખાઇ આપસમાં એવો કૌલ કર્યો કે જ્યાં સુધી મોહમ્મદ સ૰ આ દુન્યામાં રહે ત્યાં સુધી આપણે તેની સાથે લડવાથી પાછી પાની કરીયે નહીં અને તેથી યસરિબ ઉપર હુમલો કરવા માટે દસ હજાર જવાન પહેલવાન તૈયાર થયાં છે અને તેઓ સઘળાં એક પર્વતને જડ મુળથી ઉખાડીને ફેંકી દીયે એવાં છે તેઓની સામે ઇસ્લામીયો શું ટકી શકશે? અને તું થોડાંજ વખત પછી જોઇશ કેઃ—

નશાની દિગર અઝ મોહમ્મદ નિશાં*
નઅઝ દીનો આઇન નઅઝ પયરવાં*

મોહમ્મદ સ૰નું તથા તેના દીનનું અને તેના પયરવેનું કાંઇ નામ નીશાન રહ્યું નથી.

માટે અએ નામદાર તને પણ લાઝીમ છે કે તું અમોને આ કામમાં ભાગ લે, હા તું લશ્કરમાં દાખલ થા નહીં જોઇયે તો વેગળેથી ઉભો ઉભો તમાશો જો, આ સાંભળીને તેણે કહ્યું કે અએ ફીતનાખોર એટલાજ માટે હું દરવાજો ખોલતો નહતો અને તને અંદર બોલાવતો નહતો તને મેં કરેલા અહદની શું ખબર નથી કે મને હઝરતે રસુલે ખુદા સ૰થી બહાદરાવે છે અને તેઓના મુકાબલામાં મને લઇ જાય છે? શું તું મને પોતા જેવો વચનનો અને કરારનો ભંગ કરનાર સમજે છે?

નયાયદ ઝેમા નકશે પયમાને ઉ*
કે હસ્તીમ અરહુને એહસાને ઉ*

મ્હારાથી તો વચનનો ભંગ થઇ શકશે નહીં કેમકે અમો મોહમ્મદ સ૰ના બોજા નીચે દબાયલા છીએ જયારથી હું તેઓની શેવામાં ગએલો છું ત્યારથી મેં તેઓ તરફથી મ્હારા ઉપર મહેરબાની અને અતા વિના બીજું કાંઇ જોયું નથી. અગર આ વખતે હું મ્હારી નાદાનીથી કરારને તોડી નાંખુ અને લડવા માટે તૈયાર થઇ ઘરની બહાર નીકળું તો જ્યાં તેઓ મને તેમ કરવાનું કારણ પુછે તો હું શું કહું? આ ત્હારી વાતો નકામી છે અને તું મોહટો મુરખ અને અજ્ઞાન છે, જા અહીંયાથી ચાલ્યો જા અને કાયદા વિરૂદ્ધ વાતો હવે પછી મ્હારી પાસે બોલ નહીં, હય્ય અખતબે ગુસ્સે થઇને કહ્યું કે હે! નીચામાં નીચ માણસ કરાર અને વચનનું બહાનું કાઢ નહીં આ ત્હારો તેઓ પ્રત્યેનો ઇખ્લાસ અને તઅઝીમ માત્ર ત્હારી નામરદાઇ અને તેઓના ખૌફના કારણથી છે જરા ગૌરકર અને નાદાનીના ઘરમાંથી બહાર નીકળીને જો કે ભાગ્યના જોરે કે અમારી તરફ કેટલાં મદદગારો આવી મળ્યા છે અને અભાગ નસીબે કેવું ઝેર કર્યું છે પહેલાં તો અમોજ લડાઇના મેદાનમાં કદમ મુકીશું અને પ્રાણ જતાં સુધી લડીશું.

નમાનંદ અસ્ત જાએ મોદારા દિગર*
બિરૂન આએ બરદાર તેગો સિપર*
મયંદીશો વસ્વાસ દરદિલ મયાર*
કેફી રોઝીઅઝ યાસ્ત દર કારઝાર*

હવે બીજો કોઇ રસ્તો રહયો નથી માટ તલવાર ઢાલ લઇને ચાલ તૈયાર થા અને મનમાં જરાએ વહેમ અને વસ્વાસ લાવ નહીં કે જરૂર રણ સંગ્રામમાં આપણીજ ફતેહ થવાની છે. અને નહીં તો આજ પછી ઘણો

શેઠ લાઈબ્રેરી

પસ્તાઇશ અને આવી તક હવે પછી હાથ આવશે નહીં અને ત્હારા આબરૂનો શીશો મલામત ( નીંદા ) ના પથર ઉપર પડી ફુટી જશે, એવો તેનો ગુસ્સો જોઇ કઅબ પળવાર તો વિચારમાં પડી ગયો અને પછી વળી હોશમાં આવી કહેવા લાગ્યો કે અએ મુરખા! ત્હારા લશકરની સંખ્યા ઉપર ભુલો પડ નહીં અને ગર્વ ધર નહીં 'કલ્ફીમુલ્લાહુ'ની તવરીતના સોગન ત્હારૂં આ અસંખ્યા લશ્કર મ્હારી નજરોમાં એ કાળા વાદળ જેવું છે કે જેમાં ગજેના અને વીજળી પુષ્કળ હોય પણ તે સાથે જરાએ પાણીની ભીનાશ હોય નહીં જેમકે કહેવત છે કે ભસતા કુત્તા કાટે નહીં ઔર ગરજા બાદલ બરસે નહીં કે તેમજ વળી નીયમ છે કે જેની અજમાયશ થઇ ગઇ હોય તેની ફરીથી અજમાયશ કરવી પોતાને ઝલીલ અને ખ્વાર કરવા સમાન છે અને બદ્ર અને ઓહોદની મોહટી મોહટી લડાઇયોમાં તે મગરૂર કોમથી (કુરેશીયો) શું વળ્યું હતું કે આ વખતે તેઓ જીતશે? અએ બંધુ ખાતરી પુર્વક જાણુ છું કે તેમાં જરાએ હયા નથી અને મને આવી રીતે ફરેબ લાવી ફંદામાં નાંખ નહીં કેમકે તે લોકોમાં વફાદારી નથી અને જો તું મારૂં કહયું માનતો ન હોય તો જોઇ લેજે કયાં વાર છે જે વખતે ઇસ્લામીઓ સામે જંગ શરૂ થાય ત્યારે જો જો કે–

અસાં આં દીલેરાં પરેશાં રવન્દ*
ગુરીઝાનો ઉફ્તાનો ખીઝાં રવન્દ*
નકસરા બકફ રૂગ્હે બાશદ ન તેગં*
ખુશ્કદ દીદહ પુર અરક વલબ પુર દરેગં*
તુ ખુદરા વમારા મર ગરદાં ખરાબ*
કે નાયદ અઝીં કૌમ કારે સવાબ*

તેઓ કેવી રીતે વિખેરાઇ જાય છે અને કેવી રીતે ડરી જઇ બાવરા બની શેરથી નાસતાં શીયાળીયાઓની જેમ ઉઠતાં પડતાં જેમ આવ્યું તેમ નાસે છે? અને તેઓ કેવા ઝાર ઝાર રડે છે? અરે તેઓના હાથમાંથી તડોતડ હથીયારો ભોંય પડી જશે અને નેતરની જેમ થરથર ધ્રુજશે માટે ભલો થઈ અને પોતાને શા માટે ખરાબ કરે છે? અરે ભાઇ હું સારી પેઠે જાણુંછું કે આ કોમથી કદી પણ સારૂં અને ખુબી ભરેલું પરિણામ આવનાર નથી; જ્યારે ઇબ્ને અખતબે તેની આવી ધીમી સલાહની વાત સાંભળી ત્યારે તેના મનમાં શયતાનની જેમ ફરેબ આપવા પેઠો અને ઠંડા પેટે બોલ્યો કે હા ભાઇ, ત્હારી વાત ખરી છે પણ વખત વખતમાં ફરક હોય છે, કોઈ ચોઘડીયું કેવું તો કોઇ કેવું?! જે બાબત થઇ ગઇ તેની તો વાતજ શું તેતો મુર્ખાઇ અને જહાલતનો વખત હતો પણ આ વખતે એમ થવા નહીં પામે કેમકે આ વખતે આપણે ન્યાયની નજરથી જોઇશું તો જણાઇ આવશે કે આપણું લશ્કર અસંખ્ય અને પુર જોર છે. અને મુસ્લામીયોની ઘણી થોડી સંખ્યા વળી ઉપરાંત લડાઇની સામગ્રીમાં પણ ઘણી ખામીયો? તો તેઓ કેવી રીતે જીતશે, ગઇ વખતે પાંચ હતાં તો તેજ જગ્યાએ આ વખતે પચાસ છે, અને બદર અને ઓહોદમાં માત્ર અમરઇબ્ને અબ્દેવદ હતો કે જે ઘણો બળવાન છે. પણ આ વખતે તો અસંખ્ય કબાયલ અને બેહદ કોમો આવી પુગી છે અને તેઓમાં અબ્દેવદ જેવા સેંકડો સેંકડો પહેલવાનો છે, અરે દોસ્ત આ વખતે તો એવો મોકો આવ્યો છે કે જરા તનમન દઈ કોશીશ કરીયે અને તલવારો ઉપાડીયે અને ઘોડાઓને છોડી દઇયે તો પળવારમાં વિજય પામીયે અને જોત જોતામાં મદીનાને જમીન દોસ્ત અને પાયમાલ કરી નાખીયે અને મદીનામાં કોઇ પણ ઇસ્લામીનું નામ નીશાન પણ બાકી રહેવા દઇયે નહીં અરે મુસાઅ૦ નું નામ લઇને ઉપાડેલા કામ માટે જરા કોશીશ કરીયે તો બેડો પાર થાય એમ છે તો પછી તું શા માટે અમોને નિરાશ કરે છે? અમો ત્હારા ભલામાંજ

રાજી છીયે ને ? આ વાતો સાંભળી કઅબ મલઉનના મનમાં જુની અદાવતની આગ સળગી ઉઠી તેથી બોલ્યો કે અએ અખતબ પણ હું રસુલે અરબી સામે શા કારણથી લડવા માટે બહેર નીકળું અને તેનું કારણ શું કહું ? મને તો ત્હારી આ વાતો ઉપર કાંઇ વિશ્વાસ બેસતો નથી કેમકે હાર જીત એતો આસમાની ખેલ છે કોણ જાણે શું થશે તેની ખબર નથી આટલી બધી સંખ્યા ઉપર વિશ્વાસ રાખવો એ પણ કાંઈ ઠીક બાબત નથી કેમકે "જાલૂત" અને "તાલૂત"નો કીસ્સો તો જાણે છેજ ને ? અગર ધારો કે આપણે ન જીત્યા તો નક્કી જાણજો કે આ લોઢનો પહાડ એટ' કીલ્લો પાયમાલજ થઇ ગયો. અને પછી કાંઇ તમો અમનચેનમાં રહેવા પામશો નહીં અને તમો તો બતહાના કુરૈશીયો પાસે અથવા ખયબરીયો પાસે ચાલ્યા જવાના અને હાથી હાથીની લડાઇમાં ઝાડનો ખોડો નીકળવાનો એટલે વચમાં રહેલો હું માર્યો જવાનો એટલે હું તો અહીંયાથી ન જઇ શકીશ તેમજ ન રહી શકીશ અને હઝરતે રસુલે ખુદા સ૦ મ્હારા ઉપર હુમલો કરશે અને મારો માલ સરવે લુટી લેશે તો હવે આથી એજ બેહતરછે કે મને મ્હારા હાલ ઉપર છોડી દયો. ઇબ્ને અખતબે કહ્યું એ વાતોમાં કોઇ જાતનો અંદેશો કર નહીં.

અને અગર ત્હારી મદદ અમોને નહીં મળે તો તવરેતની કસમ હું અહીંયાથી કદમને આગળ વધારીશ નહીં અને વારંવાર ત્હારો નદીમ રહીશ બલકે સરવે અહલો અયાલને અહીંયા લઈ આવીશ, આ વાત કરીને તે મરદુદે તરત પોતાની બગલમાંથી તવરેતને કાઢી અને અહદથી બધાવવા માટે તેને હાથ ઉપર મુકી કઅબે પણ આ કસમથી દમ ન માર્યો અને રાહેરાસ્તથી ફરી જઇને ગુમરાહીના રસ્તામાં કદમ મુકયો. આખર તેની અજલે તેના હાથ પગ અને મોંહને બાંધી લીધું, અને તેણે હઝરતે રસુલે ખુદા સ૦ સાથે અહદનામું કર્યું હતું તે પેટીમાંથી બહાર કાઢયું અને ગુસ્સે થઇ ફાડી નાંખ્યું અને અહલે નઝીર અને કુરૈશનો સાથ દેવા તૈયાર થયો. આ બાબત જોઇને અખતબ ઘણો ખુશ થયો અને તેનો હાથ ચુમી લીધો અને કહેવા લાગ્યો કે અએ નામદાર તું લડાઇ માટે તૈયાર થઇને બેસ હું અબુ સુફયાન પાસે જાઉછું અને ત્હારા ભળવાની તેને ખુશખબરી પહોંચાડુછું, આવતી કાલે જ્યારે અમો લડાઈના મેદાનમાં આવીએ અને ખયમાઓ નાંખાયે અને મુનાદીયો પુકાવરાવીયે ત્યારે તુ પણ કાલ ત્યાં ફૌજ સહીત આવી મળજે આટલું કહીને અખતબ મલઉન તો ચાલતો થયો અને અબુસુફયાન મલઉનને આ બાબતથી જાણીતો કર્યો, અબુસુફયાન એ પાયા વીનાની ખુશખબરી સાંભળીને ઘણું હસ્યો.

---

## પ્રકરણ ૧૧૩ મું.

### હઝરતે રસુલે ખુદા સ૦નું બની કોરૈઝાના અહદ તોડવાથી વાકિફ થવું અને તેથી કેટલાંક અસ્હાબોને તેઓ પાસે મોકલવા.

મરવી છે કે જ્યારે કઅબઅસદ હય્ય અખતબના ફરેબમાં ફસાઇ જઇ હઝરતે રસુલે ખુદા સ૦ સાથેના અહદથી ફરી ગયો ત્યારે તે વાત ચારે તરફ ગલીયો કુંચીગોમાં ચર્ચાવા લાગી કે કઅબઅસદ પણ અહદથી ફરી ગયો અને લડવા માટે તૈયાર થયો એટલે સુધી કે રફતા રફતા આ સમાચાર હઝરતે રસુલે ખુદા સ૦ ના અસ્હાબોને કાને આવ્યાં તેથી સરવે જણ ઉદાસ થઇ ગયાં અને તેઓના મનમાં એક મહા મોહટો રોઅબ બેસી ગયો અને

કહેવા લાગ્યાં કે વા અજબા સામી તરફ તો દુશ્મનોની આવડી મોહટી સંખ્યા લડવા માટે તૈયાર થએલી છે અને આપણે માત્ર ગણતરીનાજ માણસો છીએ હવે કોણ જાણે આ લડાઇનું પરિણામ શું આવશે ?

આ સમાચાર હઝરતે રસુલે ખુદા સ૦ પણ સાંભળ્યા ત્યારે ઘણો અચંબો પામ્યા અને એકદમ ઝોબૈરને ફરમાવ્યું કે તું બેધડક યહુદીયોના કીલ્લામાં જા અને જે જે ખરી હકીકત હોય તે જલ્દીથી લાવ, ઝુબૈર હુકમ થતાં તરતજ કુદી પડયા અને યહુદીયોના કીલ્લાઓ તરફ રવાના થયાં.

બે રફ્તો બેદીદો બે યામદ બે ગુફ્ત*
કે બારાસ્તી ઇંખબર હસ્ત જુફ્ત*

અને ત્યાં ગયો અને તરતજ તહકીક કરીને આવીને કહેવા લાગ્યો કે યા રસુલે ખુદા સ૦ તે ખબર બરાબર અને સાચી છે, હઝરતને આ સમાચાર સાંભળતાંજ ઘણોજ ગુસ્સો આવ્યો અને તેનું અહદથી ફરી જવું હઝરતને ઘણું ભારે લાગ્યું, પછી હઝરતે રસુલે ખુદા સ૦ પોતાના સઘળાં અનસારો અને અસ્હાબોને કે જેઓ યહુદીઓની સાથે સારી પેઠે ઓળખાણ રાખતા હતા બોલાવ્યા અને આ સરવે હાલથી તેઓને વાકીફ કર્યા અને પછી સાઅદઓબાદા અને સઆદમઆઝ અને બીજાં કેટલાંક બાહોશ માણસોને હુકમ આપ્યો કે તે અહદને તોડનાર યહુદીયો પાસે જાઓ અને તેઓને પુછો કે આપણી સાથેના કરારમાં એવો શું વાંધો પડયો કે તે કરાર તમોએ તોડી નાંખ્યો ? શું તમોએ મ્હારી તરફથી મહેરબાની અને વફાદારી શીવાય બીજું કાંઇ જોયું ? આ ઉપરાંત જેવો મોકો તેવી વાત કરી તેઓ ઉપર હુજ્જતને કાયમ કરો, આ હુકમ સાંભળતાંજ તે ચારે જણાઓ યહુદીયો તરફ રવાના થયાં અને તેઓના ચ્હેરા ગુસ્સાથી લાલચોળ થઇ ગયાં હતાં તેઓને જ્યારે કઅબ યહુદે આવા ગુસ્સાથી આવતાં જોયાં ત્યારે જરા બીહીન્યો પણ અજાણ્યો બની ગયો અને તેઓના હાથ પકડીને ઘણાંજ માન સાથે ગાદી ઉપર બેસાર્યા. પછી સઅદમઆઝે પહેલાં કહ્યું કે અએ યહુદીયોના સરદાર અમોએ એક એવી વાત સાંભળી છે કે જે ત્હારા જેવા ડાહયા અને બાહોશ માણસથી બનવી મુશ્કીલ છે પણ તેને ત્હારી પાસે ઝાહીર કરવી જરૂર છે કેમકે કોઇએ એવી ખબર આપી છે કે તેં હઝરતે રસુલે ખુદા સ૦ સાથેના કરારને જો કે તેઓના ત્હારા ઉપર અનહદ અહસાન અને આભાર હતા છતાં તોડી નાંખ્યો, ખુદાની કસમ હું એ વાત માનતો નથી અને કાંઇ આ વાત અક્કલમાં ઠસતી નથી કેમકે કોઇ કારણ વિના ત્હારા જેવો ડાહયો માણસ બેઠે ઉઠે ફીતનો ઉભો કરે તે અચંબો પામવા જેવું છે, અને ત્હારા જેવો સરદાર એવું કામ કરી પોતાની જમી જમાવેલી આબરૂ ઉપર નક્કામો પાણી ફેરવે તે બનવા જોગ નથી, તેણે સઆદમઆઝના આ વેણ સાંભળીને કહ્યું કે હા ત્હારી આ વાતો ખરી છે અને તેમાં જરાએ શક નથી અને ખરેખર આ બાબતમાં મ્હારીજ ભુલ છે પણ બીહુંછું કે જો આમને આમ જો આ કરારનામું વીસ વરસ સુધી નભશે તો કોઇને કોઇ દીવસે તેનું પરિણામ અમારી હાર શીવાય બીજું કાંઇ થશે નહીં.

કે મા ગરજે આઇને ખુદ ન ગુઝરીમ*
બહરગિઝ બદીને શુમા બેગીદીમ*
શુમાહમ ઝેમા બાર નદારીદ દસ્ત*
પસઆખિરહમીં આરાદર કાસાઅસ્ત*
ચુમારા બઇ બાશદ અંજામકાર*
તુ ઇં રોઝરા રોકે આખિર શુમાર*

કેમકે અમો અમારા ધર્મથી કદી ફરનાર નથી અને તમારો ધર્મ ઇખ્તીયાર કરનાર નથી અને તેથી તમો છેવટે અમોને મુસલાન કર્યા વિના રહેનાર નથી તો તે વખતે પાછું એનું

એજ થયું અને અમારૂ પરિણામ પણ એજ થયું તો આ દીવસનેજ તે દીવસ સમજી લે, સઅદે કહ્યું અએ બેવફા ત્હારી આ વાત તદ્દન અઘટીત અને બેજા છે આવો ફરેબ નફર અને શયતાનને પોતા ઉપર ફાવવા ન દે કોઇ કમબખ્તે તને આ અહદ તોડવા માટે ભરમાવ્યો છે. નક્કી જાણજે બન્ને તરફથી તે કરાર ઉપર કાયમ રહેશે અને આગર સો વરસ પણ થઇ જશે તોપણ તેના ઉપર કાયમ અને મજબુત રહીશું, જ્યારે તું પોતાના અહદ પ્રમાણે ચાલીશ ત્યારે અમારાથી એક વાળ જેટલો પણ વાંધો જોઇશ નહીં. અને તેં જે તફલીફ દીનનો ગુમાન કર્યો તે ત્હારો ખોટો ગુમાન છે કેમકે અહદનામુ અને કરારનામું થતી વખતે તેમાં લખાએલું છે કે જ્યારે તમોને પુરે પુરી તહકીક થઇ જાય કે મોહમ્મદ સ૦ બેશક ખાતેમુલ અંબીયા છે અને પરવરદિગારના મોકલેલાં છે જેમકે તેઓના સચ હોવા ઉપર તવરીત ગવાહ છે અને આગળના પયગમબરોના ભેદો આમાં છે ત્યારે ઇમાન લાવજો અને કદી તેઓના હુકમનો બહાર ન નીકળો, તો હવે પણ તને એજ કહુછું અને હજુ સમજાવુંછું કે આ દીનને તહકીક અને યકીન કર્યા બાદ કબુલ કરજે અને શયતાનના ફરેબથી વિશ્વસના સબંધને તોડ નહીં તે બદબખ્ત શકાયે અઝલીયે જ્યારે આવાત સાંભળી ત્યારે ઝુંઝલાઇને કહેવા લાગ્યો કે એ અહદ તો આજીઝી અને નમ્રતાના વખતમાં હતો અને નહીં તો હમણાં મ્હારા હાડકાના ચુરેચુરા અને મ્હારા શરીરના ટુકડે ટુકડા કરી નાંખવામાં આવે તો પણ હું હઝરતે મુસા અ૦ના દીનથી ફરૂં નહીં અને બીજા આઇન ઉપર ન જાઉં મેં તમારી સાથે જે અહદ કર્યો હતો તે માત્ર મ્હારો મકર અને ફરેબ હતો અને હું આજ શુભ દીવસની રાહ જોતો હતો.

કહું કજ ફલક શુદ રવા કારે મા*
મહોમેહ ઝદ સિક્કા બર નામે મા*
દરખ્તે કે કશ્તીમ આમદ બબાર*
ગિરિફ્તીમ ઇં પરદાઅઝ રૂએ કાર*

હવે અમારા ભાગ્યનું જોર વધ્યું છે કે અમો જે દીવસની રાહ જોતા હતા તે દીવસ આવી પહોંચ્યો અને અમોએ જે ઝાડના બીજ વાવ્યાં હતાં તે ઉગી નીકળ્યું, અગર હવે તને જાહેર કર્યા બાદ ધારકે ફરીથી ત્હારી સાથે અહદ કરૂં તો સમજુ અને બાહોશ માણસ તેના ઉપર કેવી રીતે વિશ્વાસ લાવશે, તે બાબતમાં એક વખત ખલલ પૈદા થાય તે બાબત બીજી વખત કરવી નકામી છે, માટે હવે જે થયું તે થયું ન થનાર નથી માટે હવે જે થાય તે ખરી. જ્યારે તે યહુદીએ આ વાત કરી ત્યારે ઇસ્લામીયોની નજરોમાં દુન્યા કાળી મેશ જેમ દેખાવા લાગી અને ગુસ્સાના કારણથી તેઓની રગેરગ ધ્રુજવા લાગી મઅદ મઆઝે ગુસ્સે થઇને કહ્યું કે હે! વચનનો ભંગ કરનારા નીચ પોતાની જીભ અને મોંઢા પ્રમાણે વાત કર અને પોતાની વુસઅત અને શકતીના પ્રમાણમાં પગલાં ભર, ત્હારા જેવાં ગધેડાંથી બીજું શું થનાર છે? એ તો જાણી ગયા કે નખમાંથી ખરી અને પશુઓના માથામાંથી શીંઘડા વિના બીજું કાંઇ નીકળવાનું નથી અગર ત્હરૂં આ બેહુદા બકવું અને ફરી જવું કુરૈશના સીપાહીયોની સંખ્યાના કારણથી છે તો તેઓથી પહેલાં બદર અને ઓહોદમાં શું જોયું હતું કે હવે જોઇશ? અગર ખરો મરદ છે તો ચાલ હથીયાર બાંધી તૈયાર થા અને જો કે—

કઝ ઇમદાદે દાવર બરોઝે નબર્દ*
ચસાં ઝીં દિલેરાં બરઆરીમ ગર્દ*
બઅબોહીયે ઇં કલાગાં મનાઝ*
કેબસ બહરે ઇશાં યકી જુરર બાઝ*
ચે બાક અરજહાં પુરશવદ ઝે સિપાહ*
કે ફ્તહસ્ત દર દસ્તે યકતા ઇલાહ*

ઇલ્મ રોશની છે. શેઠ લાઈબ્રેરી હાજીભાઈ

લડાઇના મૈદાનમાં અમો તેઓનો કેવો હાલ કરીયે છીયે, અને તું આ એકઠાં થએલાં કાગડાઓની સંખ્યા ઉપર ભુલો પડ નહીં કેમકે તે કાગડાઓમાં જ્યારે માત્ર એકજ બાઝ આવશે ત્યારે તેઓ ફુરરર કરી ઉડી જશે અને અરસપરસ વિખેરાઈ જશે અરે અગર સીપાહીયોથી આખી દુન્યા પણ ભરાઇ જાય તો તેમાં શું વળે? ફતેહ આપવી ન આપવી તે તો અલ્લાહનાજ હાથમાં છે, જરા હોશમાં આવ અને ગફલતની ઉંઘમાંથી સાવધ થઇજા અને મુસા અને ફિરઐાનનો હાલ વિચારી જો કે મુસા અ૦ એકલા હતા અને ફીરઐાનીયો પુષ્કળ હતાં એવી રીતે અગર આખી દુન્યા તમારી યાર થાય તો અમારી તરફ અમારો પરવરદિગાર બસ છે, ખુદાની કસમ જ્યારે હઝરતે રસુલે ખુદા સ૦ ના જાનનિસારો જે વખતે દુસ્મનોને પાયમાલ કરે તે વખત ઉપર નાઝ કરૂછું અને તુ બદબખ્તને હાથ બાંધેલ કત્લ કરવા માટે લાવે અને અમો અમારી આંખોથી જોઇયે, કુઆબ બદબખ્ત આ વાતોથી ધીરજ રાખી શકયો નહીં અને તેના તન મનમાં આગ લાગી ગઈ તેથી એકદમ જેમ આવ્યું તેમ બકવા મંડયો અને બે અદબીની વાતો ભસવા લાગ્યો, તો સઅદ મઆઝે પણ તેને ઘણી વાતો સંભળાવી, અગર તેણે એક વાત કહી તો આમણે બે વાત સંભળાવી, એમ કરતાં કરતાં ભારે શોર બુલંદ થયો અને નજીક હતું કે તલવારો નીકળે અને ત્યાંજ બદલો લેવામાં આવે પણ સઅદ મઆઝે સમજ સુચકતા વાપરી કહ્યું કે ખૈર અએ નામદાર બરાડા પાડીને શીદ બોલે છે? અમોને હઝરતે રસુલે ખુદાસ૦ કાંઇ લડવા માટે મોકલ્યા નથી બલકે તને નસીહત કરવા માટે મોકલ્યાં છે.

**કે ગયર અઝ નસીહત બકારે દિગર***
**નફરમુદ માસુર ખયરૂલ બશર***
**નસીહત નમુદીમો સુદે ન દાશ્ત***
**નમાયદ કનું પા ફૂરો તર ગુઝાશ્ત***
**મિયા બાઝ ગરદીમ નિઝદે નબી***
**કેમી તરસમ અઝ ગયઝ આસી શવી***

તો અમોએ તને નસીહત કરી પણ તેથી તને કાંઇ ફાયદો થયો નહીં, હવે લડાઇ વધારવાથી શું મતલબ? ચાલ અમો અમારા નબી સ૦ તરફ પાછા જઇયે છીયે કે અમો બીહીયે છીયે કે તું ગુસ્સો કરી ગુનેહગાર થાવ, આ સાંભળીને સઅદે વાતને લંબાવી નહીં અને શોર બકોર કરતો ઉભો થયો, હાંસીલ કલામ તે દીનદાર હઝરતે રસુલે ખુદાસ૦ની ખીદમતમાં આવ્યાં અને તેનાથી જે જે વાતો થઇ હતી તે સઘળી અરજ કરી સંભળાવી અને અરજ કરી યા હઝરત અમોએ તેને ઘણોએ સમજાવ્યો પણ તે શકીયે અઝલી સત્ય પંથપર આવ્યો નહીં અને અમારૂં કહેવું તેના ઉપર કારગર થયું નહીં, જ્યારે હઝરતે આ કીસ્સો સાંભળ્યો ત્યારે "હસ્બો નલ્લાહ વ નેઅમલ વકીલ" વીના બીજું કાંઇ ફરમાવ્યું નહીં.

## મિસમેરિઝમ અને મોઅજીઝા.

જેમ જેમ ઝમાનાને સુધરેલો ઝમાનો કહેવામાં આવે છે તેમ તેમ દીન ઈસલામની કમર તુટતી જાય છે, કેમકે કેટલાંક બહુજ ઉંડા ઉતરી અક્કલને દોડાવી ઊંધે મારગે દોરાઈ જાય છે, તેનું કારણ એટલુંજ કે દીની ઇલ્મ હોતુ નથી તેથી ઇસલામ ઉપર થતા હમલા અટકાવી શકતા નથી તેમજ તેનો રદ કરી શકતા નથી, જેમકે મિસમેરિઝમનો અમલ નીકળવાથી મોઅજીઝાને પણ તેવીજ બાબત ગણી મોઅજીઝાની નવાઇ અને તે ખાસ ખુદા તરફથીજ હોવાનો ઇનકાર કરે છે, તેમજ નવા નવા અખ્તરા અને હીકમતો તથા અજાએબ જેવી ચીજો થવાથી ઇસલામની કેટ-

લીક બાબતો ઉપર હસે છે, પણ ઇસલામમાં એવા એવા આલીમો પડયા છે કે અવા વીચાર વાળાઓને તેઓએ શીખેલી વીધ્યાને આધારે અને તેઓ જે કાનુન અને રસ્તેથી ભુલાવો ખાય છે તેજ કાનુન અને રસ્તેથી એવા એવા જવાબ આપે છે કે જો હઠ ધરમી મુફ્તે વીચારે તો તેઓ પોતાની ભુલ કબુલ કર્યા વીના રહેશે નહીં. અને ઇસલામ ઉપર એઅતેરાઝ કરી ઇસલામને હલકુ કરી નાખવા બલકે જુઠુ ઠેરાવવા કેટલાંકોએ કમર બાંધી અને પોતાથી બનતુ કર્યું પણ કાંઇ વળ્યું નહીં, અને **સર સઇયદ અહમદ ખાન સાહેબ** જેવા બાહોશ અને બહુજ અક્કલવાળા કે જેઓની બોહળી અક્કલ હોવાથી કેટલોક વખત સારી રકમમાં તેઓનું માથુ વેચાણું છે, તેઓ અક્કલ દોડાવતા દોડાવતા એટલે સુધી વધી ગયા કે કુરઆને શરીફ મોઅજીઝો છે તે કબુલ નથી કરતા, તેમજ કહે છે કે આપણા પૈગમબરે મોઅજીઝો બતાવ્યો નથી વી૦ વી૦ પણ તેઓના તેમજ **નેચરીના આર્યા સમાજના** અને પાદરી સાહેબોના ઇસલામ ઉપર એઅતેરાઝના જનાબ મૌલાના વ મુકદ્દતદાના મોલવી **હકીમ સય્યદ ગુલામ હસનૈન** સાહેબ કનતુરીએ જુના તથા નવા ૭૨ ઇલમની રૂએ એવા એવા જવાબ હાલની રૂઢી મુજબ આપ્યા છે કે આગલાના એઅતેરાઝ ઉડી ગયા છે, અને એ વીશે આપે કીતાબ નામે **ઇન્તેસારૂલ ઇસલામ** (ઇસલામની હીમાયત) લખી તેમાં ઘણી બાબતોનો રદ અકલી અને નકલી દલીલોથી લખ્યો છે.

તો એ જવાબોમાં એક જવાબ એ પણ છે કે એઅતેરાઝ કરનારા કહે છે કે **મિસમેરિઝમ અને મોઅજીઝામાં** કશો ફરક નથી, તેથી એ હકીમ સાહેબે તેમાં જમીન અને આસમાન કરતા પણ વધારે ફરક બતાવ્યો છે તેનો ખુલાસો નીચે મુજબ—

**મિસમેરિઝમ** જે અમલ છે અને તેના થકી જે મતલબ પાર પાડી શકે છે તે કેવો અમલ છે અને કેવા મહેનત અને મશક્કતે હાસીલ થાય છે તે તે અમલ કરનારા જાણે છે, અને તેઓ તેમાં અને મોઅજીઝામાં કેટલો ફરક છે તે પણ સમજી શકે છે, બીજાઓએ એ તમામ સમજવું મુશકીલ છે, જ્યાં સુધી ઇનસાન પોતે તે અમલ સીખી અને કરીને યકીન કરે નહીં ત્યાં સુધી એ બાબતનું યકીન થવું મુશકીલ છે, તેમજ દરેક હુન્નર વાળો જેમકે સુતાર સોનાર વી૦ કે તેઓ પોતાના અને બીજાના કામમાં જે તફાવત છે તે સમજી શકે છે, તેમ બીજા એ કામ ન જાણનારા સમજી શકતા નથી, પણ આ ઝમાનામાં જ્યારથી પલાનચેટ (તખતી) મેઝ વીટી ઘડયાળ તીલીસ્મી (મંત્ર વાળું) અથવા લોહચુંબકની બનાવટ અથવા જાદુ વી૦થી મિસમેરિઝમમાં મદદ મળે છે તેની બાબતોનો વધારો થતો જાય છે તેથી જાહીલો અને ટુંકી અક્કલવાળા તેમજ કેટલાંક ખાસ લોક પણ શકમાં પડે છે, અને મોઅજીઝાને પણ **મિસમેરિઝમ** જેવો ગણે છે, માટે મોઅજીઝામાં અને મિસમેરિઝમમાં જે મોહટો તફાવત છે તે સર્વ સમજી શકે એવી રીતે સાબીત કરી આપવામાં આવે છે, તો નબીયોના મોઅજીઝા જે તવારીખથી માલુમ થાય છે તે અને મિસમેરિઝમમાં ઊંડો વીચાર કરી તપાસીએ તો મોટા મોટા કેટલાક ફરક છે—

**૧—લો ફરક—તદરરૂજ** (પાયરી) નો છે, એટલે **મિસમેરિઝમ** વી૦ છે તે થોડું કરી રફતે રફતે સીખાય છે, અને એ મુજબ તમામ હીકમત કામ કળા વી૦ માટે છે, કે શુરૂઆતમાં થોડું થોડું કરીને સીખાય છે, અને લાંબી મુદ્દતે તે બરાબર અને સંપુર્ણ સીખી રહે છે, તેમજ મિસમેરિઝમ વાળો થોડે થોડે સીખી સારી રીતે પુરી બાબત

સીખ્યા વીના એકદમ એ અમલ કરી શકતો નથી, અને મોઅજીઝો છે તેનું ખાસ કોઈ ઇલમ નથી તે સીખવાની જરૂરત નથી તે સીખવાના કાયદા કાનુન નથી, તેની આદત પાડી રફતે રફતે કામીલ દરજ્જે પહોંચે તેમ નથી બલકે જે મોઅજીઝો જેવી હાલતમાં ચાહે કે તરત કરી શકતા હતા, આમાં કોઇ એમ કહે કે મોઅજીઝો કરવાનું પણ ઇલમ છે અને તે પણ સીખીને બતાવતા હતા તો કોઇ પણ નથી અને આપણા પયગમબર વીશે કોઇ પણ તવારીખ વી૦થી બતાવી આપે કે તેઓએ ફલાણે વખતે ફલાણા પાસે મોઅજીઝા બતાવાનો ઇલમ હાસીલ કર્યો અને સીખ્યા, અને રફતે રફતે તેમાં કામીલ થયા, અને તે માટે ફલાણો અમલ કર્યો, તો જો હઠ ધરમી મુકીને ઇનસાફથી વીચારે તો આ બાબત બસ છે કે મોઅજીઝા માટે કોઇ અમલ કે દવા કે ચીજકે કળાકે હુન્નરકે તાલીમ લેવાની કોઇ બાબત નથી બલકે જ્યારે મસલેહત જોતા ત્યારે મવકા મુજબ મોઅજીઝો બતાવતા અને તેથી સાફ જાહેર છે કે તે ખુદા તરફથી છે, તો મિસમેરિઝમ અને મોઅજીઝામાં આ મોહટો ફરક થયો કે તે સીખીને કરે છે અને જેટલું સીખે તેટલુંજ કરે, અને મોઅજીઝો જેવો ચાહે તેવો સીખ્યા વીના બતાવે.

૨—જો ફરક—જેટલા અમલ નફસાની તેમજ રૂહાની છે તેમાં ભારેમાં ભારે અને ખાસ જરૂરની શરત એ છે કે હવાસ (ઇંદરીઓ) ઠેકાણે હોય એકાંત હોય, કોઇ જાતની ગડબડ ન હોય, ધ્યાન બરાબર હોય, મગજ બીજા કામમાં રોકાએલો ન હોય, વી૦ વી૦ તે વખતે તે પોતે સીખેલા અમલથી મતલબ પાર પાડે છે, પણ મોઅજીઝા માટે એવી એકે શરત નથી બલકે તેથી ઉલટી હાલતમાં મોઅજીઝા બતાવ્યા છે, જેમકે સામાવાળા સાથે તકરાર અને ઝગડામાં મગજ રોકાએલ હોય, ગડબડાટ ચાલી રહી હોય, દુશમનોનો ઘેરો હોય ધર પકડ ચાલતી હોય તેવા વખતમાં પયગમબરો મોઅજીઝો બતાવતા હતા, બલકે તારીખ કહી રહી છે કે ઘણે ભાગે એવેજ મવકે મોઅજીઝા બતાવ્યા છે કે લોકોનો ઠઠ અને ઘેરો અને ગડબડાટ મચી રહી હોય.

૩—જો ફરક—હથીયાર અને ચીજોનો છે, કે નફસાની કુવ્વત વધારવા માટે અમલવાળા કેટલાંક હથીયાર અને ચીજો રાખે છે, જેમકે મિસમેરિઝમના આમીલને તે ચીજોની જરૂરત છે અને જાણે છે, તેમજ કેટલીક ચીજો નડે છે અને આડી આવે છે તે હોવી જોઇએ નહીં, પણ મોઅજીઝામાં એવી કશી ચીજની જરૂરત નથી, તેમ કોઇ બાબત નડતી નથી, ફકત પયગમબરની પાક ઝાત ખુદાના હુકમથી જે ચાહે તે તરત ઢીલ વીના કોઇ પણ સરસામાન કે જોગ કે ચોકસ વખતની પાબંદી વીના ફવરન મોઅજીઝા બતાવતા હતા.

૪—થો ફરક—મિસમેરિઝમ વી૦ વાળા જ્યારે પોતાનો અસર બીજા ઉપર નાખવા ચાહે છે જેમકે કોઇ બીમારી કાઢી લેવા અથવા બીજી બાબત માટે તો તે વખતે વચમાં ત્રીજી ચીજની જરૂરત પડે છે જેમકે કપડું, રૂ, પાણી, લોહચુંબક, બનાવટી શીશો, કોએલા વી૦ એવી ચીજોમાં તેના તરીકાથી અસર ભરીને બીમાર પાસે પહોંચાડે છે, પણ પયગમબરોને મોઅજીઝા બતાવા માટે એવી માથાકુટ કરવાની કશી જરૂરત પડતી નહતી, ખુદાએ જે તાકત આપેલી તે વડે જબાનથી જે કહેતા તે ફૌરન થઇ જતું, એકાંતમાં શાંત રહેવું અને ઇછા કરવી વી૦ દુન્યાદાર નાકસ લોકોનું કામ છે,

૫—મો ફરક—મિસમેરિઝમ અમલ વાળા છુપી વાત જાણવા માટે અમલ કરે છે અથવા બીજાને બતાવે છે ત્યારે તેના જાહેરી હવાસ (ઇંદરીયો) બીલકુલ નકામી થઇ પડે છે,

એટલે તેને કાંઇ ભાન રહેતુ નથી બેભાન થઇ જાય છે, ન સાંભળે છે ન જુવે છે, ન ગરમીની ખબર પડે છે નસરદીની ખબર પડે છે, અને આ જાહેર વાત છે કે જ્યારે એવી બાબતમાં ઉતરે ત્યારે તે હોશમાં રહેતો નથી, અને અક્કલ પણ કબુલ કરે છે કે એમજ થવું જુવે કે જ્યારે બાતીનના હવાસનો ગલબો થાય ત્યારે જાહેરના હવાસ નકકામાં થઇ પડે છે, પણ પયગમબરો મોઅજીઝાથી કોઇને કોઇ છુપી બાબત બતાવતા ત્યારે તે આગલો બેહોશ થતો નહીં બલકે તેના હવાસ ઠેકાણે રહેતા હતા, અને કોઇ જાતનો ફેરફાર થતો નહતો, તેમજ પોતે પણ બે હવાસ કે બેભાન થતા નહતા, બલકે પોતે બરાબર સારી હાલતમાં શુદ્ધ અને હુશયારી અને હોશમાં રહેતા હતા, આ વાત પણ જાણુવી જરૂર છે કે મિસમેરિઝમ ઇલમવાળા લોહચુંબકથી જે ઊંઘ લાવે છે તેને દીવાના પણાંની સાથે વધારે સરખાવે છે, અને સર સય્યદ અહમદ સાહેબ પણ ઇશારાથી કહે છે કે આપણા પયગમબર સ૦ને કુફફારો કહેતા હતા કે તેઓમાં દીવાના પણું છે; પણ એજ શક અને વહમને દુર કરવા માટે હમેશા હઝરતે રસુલે ખુદાસ૦ કુફફારો સાથે વાદવીવાદ કરતા તે વખતે પુછતા હતા કે મારામાં કોઇ વાત દીવાના પણાની તો જોતા નથી ના ? ! આથી મતલબ એ છે કે દીવાના પણું જુદીજ ચીજ છે, હકીમોએ તેની પીછાન માટે દસ ચીજો મુકરરર કરી છે, દીવાંના પણું એક જાતની બીમારી છે કે તે ઇનસાનના ઇખતીયારમાં નથી, અને વજદ (હર્ષોન્માંદ) લોહચુંબકની ઊંઘ, વી૦ ઇખતીયારી બાબત છે, કે ઇનસાન પોતે એવી હાલતમાં પોતાને લાવે છે, અને નબીયો અલયહે-મુસ્સલામની મોઅજીઝા બતાવાની હાલત તે એ સર્વેથી જુદીજ ત્રીજી હાલત છે માટે નોબુવ્વતનો ઇનકાર કરનાર ફીલાસોફી કોઇ એવા શકમાં નાખે કે નબીય્યોને દીવાના પણાની હાલત થતી તે ઉપર દોરવાઈ જવું નહીં.

૬—ઠો ફરક—મિસમેરિઝમનો અસર જેના ઉપર નાખવો હોય તે માટે ખાસ અને જરૂરી એ શરત છે કે તે આગલો એ અસર થવાનો ઇંનકાર કરતો હોવો જોઇએ નહીં, બલકે એ બાબતને ખરી જાણુતોહોવો જોઇએ અથવા તેનું દીલ એ વીશે ખાલી હોવું જોઇએ અસર થાય છે કે નથી થતો એ વોશે કાંઇ તેના દીલમાં ન હોય, તો તેનો અસર તેના ઊપર પડી શકે છે, અને એ "મિસમેરિઝમ"નો આમીલ તેના ઉપર એ અમલ ચલાવી શકે છે, અને એ અસરનો જેમ જેમ વધારે ઇન્કાર કરનાર હશે તેમ તેમ તેના ઉપર અસર થવો વધારે અને વધારે મુશકીલ છે, એટલુંજ નહીં પણ ઘણે ભાગે એવા ઉપર બીલકુલ અસર નહીં થાય, અને મોઅજીઝા છે તે તેથી ઊલટી બાબત છે કે નબીયો ખાસ કરીને ઘણે ભગે નોબુવ્વતનો ઇનકાર કરનારનેજ મોઅજીઝો બતાવતા હતા, કેમકે જેઓ તેઓનો ઇકરાર કરતા તેઓને મોઅજીઝો બતાવવાની જરૂરત રહેતી નહીં.

અને જેમ જેમ ઇનકાર કરનાર વધારે દ્રઢ હોતો તેમ તેમ તેના ઉપર વધારે અસર થતો એટલે તેને પુરો મોઅજીઝો બતાવતા હતા.

નાજી કહે છે કે આ ઝમાનામાં પણ જુવો કે તાઅઝીયા વીશે ઘણા મોઅજીઝા હીંદુસ્તાનમાં થાય છે, પણ જેઓ ઇમામે હુસેન અ૦ ઉપર પુરૂ ઇમાન રાખતા નથી અથવા બીલકુલ ઇમાન રાખતા નથી તેઓનેજ ઘણે ભાગે મોઅજીઝો દેખાય છે, મોહીબ્બોને ઘણે ભાગે મોઅજીઝો દેખાતો નથી કેમકે તેઓને જરૂરત નથી.

૭—મો ફરક—મિસમેરિઝમનો અસર થવા માટે જરૂર છે કે મોટી ઊમ્મરનો મજબુત દીલનો હોવો જોઇએ નહીં, તેમજ

સવદાવો સફરાવી વી૦ મીઝાજના ઈખતેલાફ વાળો હોવો જોઈએ નહીં. બલકે નાની ઊમ્મરનો હોય ઓરત હોય નાજુક હોય વી૦ વી૦ તો તેના ઉપર અસર થાય છે, પણ મોઅજીઝામાં એવી કશી શરત નથી, નાની ઊમ્મર હોય કે મોટી, ઓરત હોય કે મરદ, મીઝાજ પણ જુવે તેવો હોય જેને ચાહે તેને મોઅજીઝો બતાવી શકતા હતા.

૯—મો ફરક—જુવે તેવો ઝબરદસ્ત મિસમેરિઝમના ઇલમવાળો હોય, જુવે તેવો બીજા હરફો વી૦ની ખાસીયતના અમલવાળો હોય, અથવા જુવે તેવો જાદુગર હોય પણ તે નબી અને નબીના વસી ઉપર કોઇ રીતે પોતાનો અમલ કરી શકતો નહતો, તેનો અમલ નબી અને વસી ઉપર લાગુ પડેજ નહીં, અને મોઅજીઝાનો અસર જુવે તેવો જાદુગર હોય કે બીજો કોઇ હોય અમલવાળો હોય તેના ઉપર ચાલી શકે છે, અને તે પોતાના અમલથી મોઅજીઝાને અટકાવી શકતો નથી.

આ જગ્યોએ એક ખુલાસો કરવો જરૂર છે કે હઝરતે મુસા અ૦ વીશે કુરઆને શરીફમાં છે કે જાદુગરોની દોરીઓ અને લાકડીઓ સાંપ જેવી દેખાવા અને દોડવા લાગી તેથી આપ ડરી ગયા, તો એ ડરવું તેઓના જાદુના અસરથી કે તે સાંપ જેવા જોવાથી નહતો, કેમકે હ૦ મુસા અ૦ને ખુદાએ દરેક રીતે નીર્ભય કરીનેજ ફીરઔન વી૦ના મુકાબલામાં મોકલ્યા હતા, એટલુંજ નહીં પણ સંપુર્ણ વાયદો આપ્યો હતો કે ફીરઔન ઊપર ફતેહ અને જય આપીશ, જેમકે એ પણ કુરઆને શરીફમાં છે, તો જ્યારે ખુદાએ એવો મુજબુત વાયદો આપેલો છતાં આપ ડરે તો (નઉઝબીલ્લાહ) તેઓનું ઇમાન કાચુ ગણાય કે ખુદાના મજબુત હતમી વાયદા ઉપર ભરોંસો રહ્યો નહીં, આવું સુસ્ત ઇમાન એક અદના દરજાવાળાનું હોતુ નથી કે ખુદાએ પોતે વાયદો આપ્યા પછી તેમાં શક રાખે, તો આતો ઓલુલ અઝમ નબી હતા, જ્યારે આ મુજબ બાબત છે ત્યારે હઝરતે મુસા અ ને ખૌફ કઇ બાબતનો થયો તે જાણવું જરૂર છે, તો તે ખૌફ એ હતો કે આપની ઉમ્મતમાંના હજારો માણસ હાજર હતા અને ફીરઔને બોલાવેલા જાદુગરો અને હ૦ મુસા અ૦નો મુકાબેલો અને ઇમતેહાન હતુ, એ જોવા માટે ખલાયક ભેગી થાએલી, તો આપ ડર્યા કે એવું ન બને કે જાદુગરોનો જાદુ જોઇ ડરીને એ લોકો ભાગી જાય અને તેનો રદ આપ લાકડીનો અઝહદો કરે અને તેઓની દોરીઓ અને લાકડીઓ જે સાંપ જેવી દેખાવમાં હતી તેને ગળી જાય તે જોવા પામે નહીં, અને આપનું હક પણ તેઓથી છુપુ અને અંધારામાં રહે, અને તેથી ચારે તરફ બદનામી થાય, અને થનારી હીદાયતને લંબાણ થાય તેથી ડરી ગયા, એ મવકો હજુ હીદાયતની શુરૂઆતનો હતો, અને પહેલે જે કામ શુરૂ કરે તે વખતે વધારે ચોકસીથી કામ કરવું જોઇએ કે પહેલેજ ફતેહમંદ થાય તો પછી ફતેહ થતી રહે, અને પહેલેજ એ હકવાત જાહેરમાં ન આવવાથી પાછા પડે તો પછી હમેશા પાછા પડવાનો વખત આવે, અને તેથીજ ખુદાએ ફરમાવ્યું કે "લાતખફ ઇન્નક અન્તલઅઅલા" એટલે ડરો નહીં જરૂર તેઓ ઉપર ગાલેબ થશો અને ફતેહ પામશો, અગર કોઇ એમ ખીયાલ કરે કે આ ડરવું એ કારણથી હતું કે હ૦ મુસા અ૦ ઉપર બશરીયત (ઇનસાન પણું) ગાલેબ થઇ, પણ નોબુવ્વત જાહેર કરવાને વખતે મોઅજીઝો બતાવાને મવકે અને ગુમરાહોની હીદાયતની હાલતમાં દુશમનોના મુકાબેલામાં બશરીયત ગાલેબ થાય એવું હોય તો નોબુવ્વતનો ઓહદો કેવી રીતે જાળવી શકાય? એટલુંજ નહીં પણ ઇમાનની સુસ્તી અને ખુદાના વાયદા ઉપર ભરોંસો ન રાખવો કે જે

હલકા દરજાના ઇનસાનની ખસલત છે એ બાબત હ૦ મુસા અ૦ પયગમબરે ખુદાને લાગુ પડે છે, હાસલકલામ એ બાબ કોઈ રીતે હ૦ મુસા અ૦ને પોતા માટે નહતો.

જે પ્રમાણે હ૦ મુસા અ૦ના કીસ્સામાં બાઅઝે યહુદી અખબાર લખનાર અને બાઅઝે ઇસલામીઓ તફસીર લખનારને ગફલત થઇ છે તેજ પ્રમાણે આપણા પૈગમબર હ૦ મોહમ્મદ સ૦ વીશે પણ એક વાતમાં ગફલત થઇ છે કે કહે છે કે હઝરત ઉપર જાદુએ અસર કર્યો હતો અને તેથી આપનો એવો હાલ થયો હતો કે જે બાબત કરી ન હોય તે કરી છે એવો ખીયાલ કરતા હતા અને કુફફારો લોકોને કહેતા હતા કે તમો એવા શખસની પયરવી કરો છો? કે જેને જાદુ કરવામાં આવેલ છે. તો આ રીવાયત ઇસલામની અને અકલની રૂએ ખીલાફ છે, જો એ બનવા જોગ હતે તો કુફફારો દરેક નબીને જાદુ કરી હીદાયત કરતા અટકાવતે, અને કુફફારો જે જાદુનુ તોહમત મુકતા તે ખરૂં હતે કે આપને જાદુ કરેલ છે તેથી એવી વાતો કરે છે. હવે શક એ રહ્યો કે જ્યારે હઝરત ઉપર જાદુ અસર કરી શકે નહીં તો આપને જાદુથી બચવાની દોઆ પડવાનો શા માટે હુકમ હતો? તો તેથી કાંઇ એમ સાબીત થતુ નથી કે આપને જાદુનો અસર થવાના બાપથી એવો હુકમ હોય, જેમકે આપ માઅસુમ હતા છતા ગુનાહથી બચવાની દોઆ માગતા હતા તો શું તેથી એમ સમજવું કે આપથી ગુનાહ થઇ જતો? ના હરગીઝ નહીં, એ શીવાય કોઇ એવો એઅતેરાઝ કરે કે ઝેર તલવાર વી૦નો અસર નબીયોને થતો, અને તે ચીજોમાં એવી તાસીર રાખેલી છે તેથી અસર થવો જુવે, તેમજ જાદુમાં પણ એક જાતનો અસર છે તો તેનો અસર નબીને શા માટે ન થાય? તો જાણવું કે ખુદાએ નબીયોને જે પોતા તરફથી ખાસ કુવ્વત આપી છે તેથી જાદુનો અસર તેઓમાં થઇ ન શકે તો શું હરકત આવે છે? નયચર (કુદરતનો કાનુન)નો દસ્તુર છે કે જે બાબત જે કામ માટે મુકરરર કરી તે થયાજ કરે છે, બી વાવે તો ઝાડ ઊગે છે, આગમાં લાકડુ વી૦ નાખે તો આગ તેને બાળે છે ઇત્યાદી, તેણે જે જે કુદરતી કાનુન બાંધેલ છે તે થયા કરે છે તો તેથી ઊલટું કેમ થઇ શકે? તો જાણવુ કે **મોઅજીઝા** છે તે **નયચરથી** ઘણે ભાગે ઊલટા છે, જેમકે ઓરત મરદ એ જણથી બચ્ચું જન્મ પામે છે તે **નયચરનો** નીયમ છે, પણ તેથી ઊલટુ પણ થીએલ છે જેમકે **હ૦** ઇસા અ૦નું પૈદા થવું કે બાપ વીના ફકત **માથીજ** પૈદા થયા, તો તે વખતે **નયચરનો** નીયમ કયાં રહયો? જેણે કાનુન બાંધ્યા તેને તેમાં ફેરફાર કરવાનો કે વધારો ઘટારો કરવાનો ઇખતીયાર છે, અને ઇનસાનમાં અને નબીયોમાં ખુદાએ એક આ ફરક પણ રાખેલ છે કે નબીયોને જાદુ અસર કરતો નથી, અને આ જે ખરાબ એતેકાદ છે કે નબીયોની રૂહને બોલાવે છે તે તદ્દન ખોટી વાત છે, એ બુઝરગવારોની રૂહ એવા અમલવાળાના અમલથી આવેજ નહીં, અને કેટલીક દોઆ તાવીજ હરફો વી૦માં એવી ખાસીયત છે કે તે જેની પાસે હોય તેને જાદુ અસર કરતો નથી, અને એવી દોઆ વી૦ ઇમામોએ આપણા માટે બતવેલી પણ છે. તો જ્યારે આપણને જાદુથી બચવા એ બુઝરગવારો દોઆ બતાવે તો એ દોઆ શું તેઓને બચાવી ન શકે? હાસલ કલામ જાદુનો અસર એ બુઝુરગો ઉપર થતો નહતો, અને જો થતો હોય તો તેઓની વાત ખુદા તરફની વાત છે તે કેમ કબુલ રખાય?

**૯—મો ફરક—**એ છે કે ઘણા જણ જે અમલ કરે છે તે કુફર શીરક, વી૦ મળેલા

ઇલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ મામદાણી
માળીયા (મીયાણા)



અને ખરાબ હોય છે, જેમકે સુર્યનો અમલ, ઝેહરા અને મીરરીખ તારાનો અમલ, તેમજ શયતાની અમલ હોય છે, કે એવા ખરાબ અમલના જોરથી પોતાનો મતલબ પાર પાડે છે, અને કેટલાંક હકીમો પણ એવા અમલ સીખીને બીમારોનો હાલ તપાસી તે અમલની કુવ્વતથી કહે છે કે ગઇ પરમદને ફલાણી ચીજ ખાધી હતી વી૦ અને કેટલાંક આવા અમલ વીના પણ નાડ ઉપરથી સમજી લીએ છે, તેમજ જોતીશ નજુમ રમલ વી૦થી પણ કેટલીક બાબત બતાવે છે, તેમજ શયતાન મલઊને પણ ઇનસાનને ગુમરાહ કરવા માટે કેટલાંક એવા એવા અમલ સીખવ્યા છે કે તેથી હમેશા નાપાકીમાં રહેવું પડે છે, જનાબતનું ગુસલ ઉતારતા નથી સીતારાની પુજા કરે છે, તેમજ એવી કેટલીક બાબતો શયતાનની મદદ થકી થાય છે તે તમામ હરામ અને કુફર છે, આ સર્વેથી મતલબ એ છે કે અગર કોઇ હકીમ આવા અમલ સીખીને બીમારનો ગુજરેલો તમામ હાલ કહે તો શું બનવા જોગ નથી? પણ તે ઉપરથી તેને કઇ દવાએ અને કીએ દીવસે સારૂ થશે એમ જાણી શકવું મુશ્કીલ છે, જો એમ હોય તો પછી દુન્યામાં બીજા કોઇ વઇદ કે હકીમને કોઇ બોલાવેજ નહીં, તો નબીયો ઉપર તોહમત મુકવી કે તેઓ પણ આવા અમલ જાણતા અને કરતા તે તદન ભુલ છે, એ વાત તેઓ કરેજ નહીં કેમકે એ ખુદાના માનવંત બુઝુરગો કુફર અને શીરકને મટાડવા માટે આવેલા હતા, નકે ઉમ્મતને મુશરીક અને કાફર બનાવા આવેલા હતા, તેઓ મોઅજીઝે બતાવતા હતા તે ખાસ નુરાની કુવ્વત અને શકિત હતી કે તે ખુદાએ અતા ફરમાવી હતી, બાકી તે સીખવા માટે કાંઇ પણ અમલ કે રીયાઝત કરેલ નથી, કોઇ અમલ કે જેમાં સીતારાને પુજવાની બાબત હોય એવો અમલ કરતા નહતા તેમ સીખવાડતા પણ નહતા બલકે એવા અમલની મનાઇ કરતા હતા.

હાસલ કલામ એ કુફર પણાના અમલથી એવી બાબત થતી હોય તે કબુલ કરીએ તો પણ નબીયો અને ઇમામોને નીસબત એ વીશે અપાય નહીં તેઓ માબસુમ અને પાક પાકીઝા હતા. ખુદાએ જેઓને મોઅજીઝા અને કરામાત આપી હતી તેથી જે ચાહે તે કરી શકતા હતા, મોઅજીઝાને અને એવી વાહીયાત બાબતોને લાગે વળગે શું? તેમાં અને આમાં ઝમીન આસમાન કરતા વધારે ફરક છે.

**૧૦ મો ફરક**—આ ફરક ઊપર આ બયાનનો ખાતેમો છે, અને આ જેટલા ફરક બયાન થયા તે તમામ ટુંકમાં અને બહુજ થોડાં ફકત નમુના તરીકે છે, મોઅજીઝા અને બીજી મિસમેરિઝમ વી૦ બાબતોમાં બેશુમાર ફરક છે, તે છતાં કોઇ એમ કહી શકે છે કે હાલ મોઅજીઝા કયાં છે તે અમો સરખામણી કરી જોઇએ? તો તે વીશે જાણવું કે ખુદાવંદે કરીમ કાદેર અને હકીમ છે અને તે પોતાના બંદાઓની હીદાયતનો સામાન હમેશા હર વખત મવજુદ રાખે છે, તો જુવે તેવો શખસ જુવે તો ખુદાનો ફરમાંબરદાર હોય અથવા નાફરમાન હોય અગર તેઓ મિસમેરિઝમ વી૦ અને મોઅજીઝામાં ફરક સમજવા ચાહે તો તેનો આસાન તરીકો એ છે કે જે પલાનચીટ (તીલસમી તખતી) અથવા જાદુઇ વીટી અથવા હાઝરાતી ઘડીયાલ વી૦ વીશે મોટા મોટા દાવા થાય છે જેમકે રામકીશન કૈઝાબાદીએ મજબુત દાવો કર્યો છે કે સ્વામીજીની દયા અને કૃપાથી કરામાતી વીટી મળી છે, જો એ વીટીથી જાહેર કરેલી બાબત નબને તો એકસો રૂપીયા ડંડ આપવાની જાહેર ખબરો છપાવી છે, તો જો એવી ચીજો કે જે યુરોપ અને હીંદુસ્તાનમાં ફેલાણી છે અને અરવાહોને હાજર કરવાના દાવા કરે છે અને તેઓને ખાત્રી છે કે એ અમલથી અરવાહ હાજર થાય છે, અને તે થકી હક અને બાતીલ વાતની તહકીક થઇ

શકે છે અને એમ પણ કહે છે કે પયગમબરો પણ એજ ઇલ્મના સબબથી લોકોને તાબે કરતા હતા તો આ નિસમેરિઝમ વી૦ વાળા શામાટે પોતાના નફા અને નુકસાનની વાતો દરયાફત કરીને તેથી ફાયદો મેળવતા નથી? અને લા મઝહબ તેમજ દહરીયા અને ઇસલામીઓ વચે મોટો ઝગડો છે કે તેઓ કહે છે કે મરવા પછી હીસાબ કીતાબ કયામત વી૦ કાંઇ નથી, અને ઇસલામીઓ કહે છે કે છે, તો એ મિસમેરિઝમ વી૦ વાળા અરવાહોને હાજર કરી એ ઝગડાની વાત પુછી શામાટે ખાત્રી કરતા નથી? જેમકે જ્યારે રૂહાની તાકત પુરે પુરી હાસલ થાય અને અરવાહોને હાજર કરીને અહવાલ પુછી શકે ત્યારે પછી અગર મગર શામાટે કરવું પડે? અને કેમ એક વાત ઉપર આવતા નથી કે અરવાહોને પુછી દરયાફત કરીને આમ નક્કી કર્યું છે. જેઓ દાવો કરે છે કે ખરો હાદી અને મુશકીલને આસાન કરનાર તરીકો અમોને મળ્યો છે છતાં શામાટે જહાલતમાં પડયા રહે છે?

આ તમામ બાબત કે અરવાહોને હાજર કરવી મિસમેરિઝમનો અમલ વી૦ જે આ ઝમાનામાં જારી છે, તે વીશે સર્વે જણને કાંતો તેની સચ્ચાઇ ઉપર ખાત્રી નથી, અથવા એ તરીકો નકામો અને પાયા વીનાનો છે કે જેથી ઇનસાનની દીન દુન્યાની કાંઇ પણ મુશકીલ આસાન થઇ શકતી નથી અને હાજત પુરી થતી નથી, બલકે જેવી રીતે નજરબંધન ખેલ અને હાથ ચાલાકીના તમાશા કરે છે તેમજ આ પણ એક તરીકો છે તે સીવાય હક નાહકને ઓળખવાની બાબત કાંઇ નથી, ફકત જાહેરમાં અજબ થવા જેવું થોડીવાર બતાવે તેજ, જેમકે ઠીકરાના રૂપીયા બનાવીને બતાવે છે, પણ તેને ચલાવવા કે તેનો ખુરદો કરી લાભ લઇ શકતા નથી, તે એવા તીલસમ પલાનચેટ અને વીટીને પયગમબરોના મોઅજીઝા સાથે કેવી રીતે સરખાવી શકાય? મોઅજીઝા કાંઇ ખેલકે તમાશા જેવા નહતા તેનો અસર મજબુત ચોકસ અને ખરો થતો હતો, એ અસર જયાં સુધી રાખે ત્યાં સુધી બલકે હમેશા માટે બાકી રહેતો હતો, જેમકે મુરદાને સજીવન કરતા અને કેટલાંક તે પછી લાંબી મુદ્દત હયાત રેહતા, સુકા ઝાડ લીલા થઇ ફળ લાગતા અને તેના મેવા ખાવામાં આવતા, ખારૂં પાણી મીઠું થતુ, થોડું ખાવું ઘણા જણ પેટ ભરીને ખાતા, જન્મના આંધળા સારા થતા, કોઢ ચાલ્યો જતો, તો આ ખુદાના તરફના મોઅજીઝા અને લોકોએ શોધી કાઢેલા નજીવા ચમતકારને કાંઇ પણ લાગતુ વળગતુ નથી અને અકલમંદ કોઇ રીતે એ બન્નેને એક સરખ કહી શકેજ નહીં, ઉપરાંત જેઓ શોઅબદા કરે છે જેને આપણે નજરબંધનો અથવા હાથ ચાલાકીનો ખેલ કહીએ છીએ તે કરવા માટે જે જે કામ અને મેહનત કરવી પડે છે તેમ મોઅજીઝામાં કાંઇ પણ કરવું પડતુ નથી બલકે અહીંયા ઇલ્મ હલીકે ત્યાં ધારેલી બાબત થઇ, "ચે નીસબત ખાકરા બઆલમે પાક" (માટીને આલમે પાક સાથે શું લાગે વળગે?) (અધુરૂ)

# બાબી ધર્મ.

## લ૦ મોઅમિન વલી મોહમ્મદ (ઉરફે) લલ્લુભાઇ છગનભાઇ અમદાવાદી

ગયા કેટલાક રાહેનજાતના અંકમાં હું અંજુમને દાવતુલ ઈસ્લામ સંબંધે એક આરટીકલ લખી ગયો છું. મને આશા છે કે તે થોડાં પણ અગત્યના શબ્દોએ તે અંજુમનને

મદદ આપવા તરફ દોરવાનો શાખાઓમાં અસર કર્યો હશે. પાક મઝહબને પ્રસારનો અને તેના ફેલાવા માટે બનતાં પ્રયત્નો કરવાં એ દરેક મુસલમાનની અથવા બીજા શબ્દોમાં કહેતા દરેક પાક મઝહબના પૈરવની મોહટામાં મોહટી ફરઝ છે, દરેક મઝહબની નેમ માણસને **નજાત** તરફ દોરવાની રહેલી છે, પણ તે જેમ પુરી પાડનાર માત્ર એકજ પાક મઝહબ અથવા ધર્મ છે, અને જેમ જેમ તે મઝહબના પૈરવ વધારે હશે તેમ તેમ તે નેમ વધારે પુરી થતી જશે અને તેથીજ દરેક ધર્મનો પૈરવ પોત પોતાના ધર્મને પ્રસારવાની કોશીશ કરે છે, જ્યારે તેના ધર્મમાં કોઇ નવો માણસ દાખલ થાય છે ત્યારે તે ખુશ થાય છે. દરેક પૈગમ્બર કે જે દુન્યામાં આવેલ છે તે પોતાના જાહેર થવાથી કે અંત સુધી મઝહબની તરફ લોકોને બોલાવતા રહેલ છે.

આપણા મહાન પૈગમ્બર **હ૦ મોહમ્મદ સ૦** કે જેઓ પછી કોઇ પૈગમ્બર નથી તેઓ પણ **ઈસ્લામ** ધર્મને ફેલાવવાની જે તનતોડ મહેનત કરતા હતા તે જગ જાહેર છે. તો શું આપણે તેમના પૈરવ તરીકે એમ વર્તવું જોઇએ નહી ? આપણે આપણા પાક મઝહબને ફેલાવવાના પ્રયત્નો કરવા જોઇએ નહી? ખરેખર આપણે મુસલમાન તરીકે તેમ કરવુંજ જોઇએ. આપણા પાક પૈગમ્બરની સુન્નતે (પંથે) ચાલવુંજ જોઇએ.

આજથી એકસો ત્રણ વર્ષ પહેલાં પાદરીયોની એક મંડળી માંહો માંહે સલાહ કરવા બેઠી કે જ્યારે હઝરતે ઇસા અ૦ના હવારીયોને, હુકમ હતો કે લોકોને હઝરત ઇસા તરફ બોલાવે ત્યારે શું આપણને તેવો હુકમ નથી ? ખરેખર છેજ અને તેથીજ તેઓએ પોતાના ઉપદેશકો ગામે ગામ અને દેશે દેશ મોકલવા શરૂ કીધાં આજ દુન્યામાં કોઇ ખુણો અથવા ભાગ કોઇ પણ પાદરી વિનાનો નથી.

એવીજ રીતે ખુદાએતઆલા કુરઆને શરીફમાં, આપણા પૈગમ્બર સાહેબ તરફ ખીતાબ કરીને ફરમાવે છે કે **ઉદઓઇલા સબીલે રબ્બેક બિલ હિકમતેવ બિલ મવએઝતીલ હસનહ.** (એટલે) હે ! મોહમ્મદ સૃષ્ટિને ખુદાના રસ્તા તરફ બોલાવો, અને ત્હારૂં બોલાવવું હીકમત કહેતાં મજબુત દલીલો અને સારી સારી શીખામણો વડે હોવું જોઇયે.

આ ખીતાબ જેવી રીતે હ૦ મોહમ્મદસ૦ તરફ છે તેવી રીતે કુલ ઉમ્મતીયો તરફ પણ છે. હ૦ મોહમ્મદ સ૦એ ખુદાના એ હુકમ પ્રમાણે પુર્ણ રીતે કરી દેખાડયું અને પોતાના ઉમ્મતીયોને એનો અમલ સોંપ્યો, તો વાંચકો ! આપણે પણ એ કામ માટે તત્પર થવું જોઇયે અને ચુસ્ત કમર બાંધી એજ હેતુ પાર પાડવા સ્થપાએલી **અંજુમને દાવતુલ ઇસ્લામને** મદદ કરવી જોઇએ.

એ અનજુમન તરફથી **દાવતુલ ઇસ્લામ** નામનું ફારશી તથા ઊરદુ એક પેપર પખવાડીક નીકળે છે તેમાં દરેક સવાલ કરનારા જે અપાએલા જવાબ તેના સવાલ સાથે એવી તો ઉત્તમતાથી આપવામાં આવે છે કે તેવી ઉતમતા કયે જોવામાં આવી નથી. અધીપતી સાહેબ આપના આ ચાલુ પંદરમી સાલના પહેલા અંકમાં બાબીને સો રૂપીયાનું ઇનામ આપવું જાહેર કરેલું છે તે વાંચી, મજકુર દાઅવતુલ ઇસલામ પેપરમાં જે બાબીયોનો રદ લખાય છે તેનો તરજુમો આપવાનું મન થયું, જે વાંચકોને ઘણોજ લાભ પહોંચાડયા વિના નહીંજ રહે અને એવા અજ્ઞાન, તથા ભરમાઇ બેઠેલા બાબીને સજજડ જવાબ મળ્યા

વિના નહીં રહે ખુદા તેવાઓને બુધ્ધિ આપે મેં આપની આખી તફસીર વાંચી છે તેમાં કયે પણ એવી બાબત મ્હારા જોવામાં આવી નથી કે જેથી **બાબી** મઝહબ સાબીત થતો હોય. મને આશા છે કે આપ તમારા જગપ્રસિદ્ધ માસીકમાં બાબીયોનો જે રદ **દાવતુલ ઇસ્લામ** પેપરમાં છપાય છે તેનો તરજુમો સ્વીકારી આભારી કરશો.

**દાવતુલ ઇસ્લામ** અખબારના એડીટર જનાબ મૌલાના વમુક્તદાના મોલવી હાજી સઇયદ મોહમ્મદઅલી દાઇયુલ ઇસ્લામ સાહેબે અંજુમને **દાવતુલ ઇસ્લામ**ના ભીંડી બજાર મુંબઇમાં આવેલા હોલમાં **ઇસ્લામ**ની સત્યતા સંબંધે ભાષણ આપતાં ફરમાવ્યું કે ઇસ્લામની સત્યતા સાબીત કરવા માટે દલીલ માગનારો જેવી દલીલ માંગે તેવી દલીલ આપી શકાય છે, પરંતુ જો (ઇરાનમાં હમણાંજ આશરે સાઠ વર્ષ ઉપર જાહેર થએલાં) બાબી મઝહબના પૈરવ એમ કહેતાં હોય કે ઇસ્લામની સાબેતી માટે જે દલીલો છે તેજ દલીલો બાબી મઝહબના ખરા પણાની છે, તો તેઓનું તેમ કહેવું તદ્દન ખોટું છે; હું **દાઈયુલ ઇસ્લામ** દુન્યાના લગભગ સર્વ ધર્મો અને મઝહબોને સારી પેઠે જાણુંછું અને સર્વથી ખબરદારછું તેવીજ રીતે આ **બાબી મઝહબને** પણ ઘણી સારી રીતે જાણુંછું [1] બાબી મઝહબવાળાઓનું કહેવું એવું છે કે ઇસ્લામ ધર્મ આ ઝમાનામાં મનસુખ (રદ) થઇ ગયો અને તેની જગ્યાએ બાબી મઝહબ આવ્યો અને તે આ જમાનાનો ખરો—હક મઝહબ છે.

બાબી **મઝહબ**ની આ સંબધેની દલીલ ઘણીજ હંસી કાઢવા યોગ્ય છે, ઇસ્લામની સાબેતીની અનેક—અગણિત દલીલોમાંથી એક દલીલ મોતવાતેર રીવાયતોથી વર્ણન થતાં મોઅજીઝાઓ છે, પરંતુ બાબી લોકો મોઅજીઝાઓને માનતા નથી અને તેથી તેમનું એમ કહેવું કે **ઈસ્લામ** માટે જે દલીલ છે તે દલીલ બાબી મઝહબ માટે પણ છે, તો જ્યારે તેઓ મોઅજીઝાને માનતા નથી ત્યારે તેઓનું કહેવું જુઠુ ખોટુ ઠર્યું અને તેમનીજ દલીલથી રદ થયું, બાબી લોકો કહે છે કે, **બાબ** [2] અને **બહા** [3] જેઓ બાબીયોના ખુદા છે, તેઓએ કોઇ મોઅજીઝો દેખાડયો નથી, તો ઇસ્લામની મોંઅજીઝા વાળી દલીલ તેમના ખુદાઓ માટે ઠરતી નથી, તેઓ પોતે, તેમના ખુદાઓએ કોઇ મોઅજીઝો દેખાડયો નથી, એમ કબુલ કરે છે, તેઓનું કહેવું એવું છે કે પૈગમ્બરનું ખરાપણું સાબીત થવા માટે તેણે પોતાના દાવા પછી માત્ર કોઇ કીતાબ લખવી અથવા કોઇ પુસ્તક રચવું, પુરતું છે, ઇનશાઅલ્લાહ હું આ ધર્મનો રદ પુર્ણ રીત્યે બયાન કરીશ, હીંદુસ્તાનના કેટલાંક લોકોનું માનવું એવું છે કે **ઇરાન**માં બાબી ઘણા છે, અને લગભગ સર્વ ઇરાનીયો બાબી થઇ ગયા છે, આ વાત તદ્દન ખોટી છે. ઇરાનમાં માત્ર નહીં જેવા, આટામાં નમક સમાન લોકો બાબી છે, બાબી ફીરકાની ગણતરી કરતાં જણાય છે કે સાઠ વર્ષ જેવી મુદ્દતમાં (એટલે બાબી મઝહબ શરૂ થવાથી તે અધ્યાપીલગીમાં) તેના પૈરવોએ એટલી બધી કોશાશો કીધી કે પોતાનો મઝહબ ફેલાવવા ખાતર પોતાના જીવ ખોયા, છતાં બાબી ધર્મના પૈરવોની સંખ્યા બે હજાર કરતાં પણ ઓછી છે, વર્ષોના વર્ષ થયાં બાબી લોકો અમેરીકામાં ઉપદેશ કરે છે અને ત્યાંના લોકોને બાબી ધર્મ તરફ બોલાવે છે, પરંતુ ત્યાં અધ્યાપિલગીમાં **માત્ર ચૌદ**

---

૧—તેઓ ઇરાનના રહેવાશી છે એટલે બાબી ધર્મને ઘણી સારી પેઠે જાણતા હોવાજ જોઇયે. ૨—મીરઝા મોહમ્મદ બાબ ૩—બહાઉલ્લાહ જે મોહમ્મદ બાબની પછી થયો.

માણસોજ બાબી થવાજ પામ્યા છે. અને બાબીયોએ એમ જાહેર કરી દીધું છે કે અમેરીકામાં ચૌદ મીલ્યન ( એક કરોડ અને ચાળીસ લાખ માણુસો ) જણાઓએ બાબી ધર્મ સ્વીકાર્યો છે, કેટલી ગપ ! ખરેખર જુઠું બોલવું તો પછી બખીલી શામાટે કરવી ? (દા. ઇ. અંક બીજો) આ પછી તે સાહેબને કોઇએ **બાબી મઝહબ** વિશે લંબાણ યુકત પત્ર લખી કેટલાંક સવાલ પુછ્યાં છે, જેનો જવાબ તેઓ તેના સવાલ સહિત પોતાના પેપરમાં છાપે છે તેમાંથી ભાવાર્થ રૂપે સવાલ અને જવાબના તરજુમાને આપ સમક્ષ રજુ કરૂછું.

**સવાલ**———મને મુંબઇમાં એક બાબી થઇ ગએલા મીત્રની સાથે મુલાકાત કરવાનો પ્રસંગ મળ્યો. હું તેને બાબી થઇ ગએલો જોઇ ઘણો દીલગીર થયો, મેં તેને ઘણો સમજાવ્યો અને કહ્યું કે તેં પાક મઝહબ ઇસ્લામને મુકી એક એવો તકલાદી ધર્મ સ્વીકાર્યો કે જેમાં માત્ર છુટા પણા વિના બીજું કાંઇ નથી એ જાણી મને ઘણો ખેદ થાય છે. તે મારી દીલગીરી પ્રત્યે ધ્યાન આપે તે બદલ, મેં બાબી ધર્મ ન સ્વીકાર્યો તેથી તે ઉલટો દીલગીર થવા મંડયો. તેણે કહ્યું કે ઇમામ મેંહદી જાહેર થવાથી ઇસ્લામ ધર્મ મનસુખ થઇ ગયો, અને નવી શરીયતે બાબીનો જમાનો આવ્યો, તેણે કહ્યું કે **બેહારૂલ અનવાર**ની તેરમી અથવા ચાૈદમી જીલ્દમાં એક અથવા બે હદીસો એવા ભાવાર્થની છે કે હઝ તે ઇમામે મેહદી અ૦ ઇરાનમાં નવી કીતાબ સાથે જાહેર થશે, અને સાત વર્ષ સુધી ઇરાની લોકોને ઉપદેશ (હિદાયત) કરશે, ત્યાર પછી હઠ ધરમી લોકોના હાથે માર્યા જશે, શું ખરેખર આવી હદીસ બેહારૂલ અનવારમાંછે ? બાબી લોકોના આ દાવાએ મુંબઇમાં કેટલાંક લોકોને ભટકાવી ગુમરાહ કીધાં છે, બાબી લોકો કહે છે કે તે હદીસ મુજબ તે માણુસ (મીરઝા મોહમદ બાબ) જાહેર થયો અને નવી કીતાબ લાવ્યો અને માર્યો એ ગયો મને આ હદીસ વિશે ખબર નથી પરંતુ એટલું કહી શકુંછું કે આ તેમનું કહેવું જુઠ છે, માત્ર ઇમામ મેહદીના બારામાં એક અથવા બે હદીસને માની લઇયે અને તે વિશેની હજારો હદીસોને મુકી દઇયે એ કેવી રીતે બની શકે ? હજારો હદીસોમાં કહેવામાં આવ્યું છે કે, જયારે ઇસ્લામનું માત્ર નામજ બાકી રહેવા પામશે ત્યારે ઇમામે મેહદી સત્તા અને તલવારની સાથે પ્રગટ થશે, બાબી લોકોએ આ વિશે કેટલો ગપ ગોળો ચલાવ્યો છે એના સંબંધમાં જો આપ ખુલાસો કરશો તો હું ઘણો આભારી થઇશ.

**જવાબ**———(દાઇયુલ ઈસ્લામ સાહેબ તરફથી) એવી હદીસો કીતાબે બેહારૂલ અનવારમાં નથી, સુન્ની અને શીઆ બન્નેની કીતાબોમાં હઝરતે ઇમામે મેહદી અ૦ના બારામાં ઘણી હદીસો છે જે ઉપરથી એમજ સિદ્ધ થાય છે કે હઝરતે ઇમામે મેહદી અ૦નું નામ હઝરતે મોહમ્મદ સ૦નું નામ છે જેઓ હી૦ સ૦ ૨૫૬ માં હઝરતે ઇમામે હસને અસ્કરી અ૦ ને ઘરે નરજીસ ખાતુનથી જન્મ પામ્યા છે, અને હમણાં તે ગાયબ છે. આખર જમાનામાં જાહેર થશે અને **ઈસ્લામ** ધર્મને પ્રસારશે, તે મોઅજીઝા દેખાડશે અને **તલવાર** વડે આખી દુન્યાને **ઇસ્લામ** સ્વીકાવરાવશે, તેમના જાહેર થવાની આશા, મક્કામા આવેલા **"રૂકન"** અને **"મકામ"**ની વચ્ચે હશે તો જે માણુસ તેરમી સદીમાં જનમ્યા હોય તેમને અને તે ઇમામ [illegible] ગે ? હમણાં એટલે તેરમી

સદીમાં દાવો કરનાર એકતો **મીરઝા રઝા** શીરાઝના કાપડીયાનો દીકરો, અને બીજો મીરઝા બુઝુર્ગ માઝનદરાનીનો દીકરો હતો, તેઓ બન્ને જણાઓએ ખરૂં પુછો તો ખુદાઇનો દાવો કર્યો છે અને તે બાબત અમે આવતા અંકોમાં તેમનીજ કિતાબોથી સાબીત કરી દેખાડી આપીશું, પહેલાં માણસે (મીરઝા મોહમ્મદે) ઇસ્લામ શરીયતની વિરૂધ અહકામ લખ્યાં ઇસ્લામને મનસુખ ગણ્યો, પહેલાંની શરીયતોમાં જે જે મેહરમોની સાથે નીકાહ હરામ હતાં તેવા મેહરમોની સાથે નીકાહ કરવા જાયઝ ઠરાવ્યા, તેના મરણ પછી બીજા માણસે (બહાઉલ્લાહે) તેના એટલે મીરઝા મોહમ્મદ બાબના લખેલાં અહકામોને મનસુખ કીધાં, અને તને બદલે બીજા હુકમો જારી કીધાં તેના સર્વ હુકમોમાંથી એક હુકમ એ છે કે ઇરાનના સર્વ હમ્મામ (ન્હાવણીયા) હરામ છે, આ બન્ને જણાઓના અહકામ આએજ પત્રના સવાલોના જવાબ આપતી વેળાએ વર્ણન કરી દેખાડીશ.

**ઇસ્લામ** ધર્મ સબંધે ન્હાનું બચ્ચું જાણે છે કે તે છેલ્લો આખેરી દીન—ધર્મ છે, તેને મનસુખ કરનાર કોઈ દીન કે ધર્મ આવનારો નથી, હઝરતે મોહમ્મદ સ૦ છેલ્લા નબી અને પૈગમ્બર છે, અને તેઓએ ફરમાવ્યું છે કે **મ્હારા દીનની બાદ ખુદા તરફથી કોઇ દીન આવશે નહીં.** મુસલમાન તો ખૈર જો તમે બીજા કોઇ ધર્મના માણસને પણ પુછશો તો તે પણ કહેશે કે હઝરતે મોહમ્મદ સ૦મે પોતાને આખર પૈગમ્બર ગણેલ છે અને પોતાના દીનને કદીએ મનસુખ ન થાય એવો સર્વદા કાયમ દીન બતાવેલ છે, **ઇસ્લામ** હમેશાં આખરી દીન ગણાતો આવ્યો છે અને ગણાતો રહેશે, આવી સ્થીતિમાં કેવી રીતે બનવા જોગ ગણી શકાય કે ઇસ્લામની કીતાબોમાંજ કોઇ માણસ ઇરાનમાં મેહદી તરીકે જાહેર થશે અને સાત વર્ષ દાવત કરશે ઇત્યાદી હોય ? ! ! કોઇ માણસ ઇસ્લામ વિરૂધ અહકામ લખતો હોય, ઇસ્લામને મનસુખ ગણતો હોય, ખુદાઇનો દાવો કરતો હોય, તેને હક ઉપર હોવો ઇસ્લામી કીતાબો જાહેર કરતી હોય એવું મંદ બુધ્ધિનો મુર્ખ માણસ પણ માની શકશે નહીં. અને કદાચ માનો કે ઇસ્લામી કીતાબોમાં એવી એકાદ બે ઝઈફ (અશક્ત) હદીસો વર્ણન થએલી હોય તો પણ તેને લાખો સહીહ (ખરી) અને તેનાથી ઉલટી હદીસોના મુકાબલામાં રદ કરવો જોઇએ, નકે એ એકાદ બે ઝઇફ પાયા વીનાની હદીસોના આધારે નવો ધર્મ—દીન સ્થાપવો જોઇએ, **મને આશ્ચર્ય તો એ બાબતનો છે કે ઇસ્લામની કીતાબોમાં બાબી લોકો પોતાના મઝહબને લગાર પણ સાબીત કરી શકે એવી ઝઈફ એકાદ બે હદીસો પણ સમુળગી નથી** હવેના અંકોમાં, બાબી લોકો, જે હદીસોને, પોતાના મઝહબની સાબેતી માટે પેશ કરે છે તે હદીસો લખવામાં આવશે અને વિચારવંત સાહેબો પાસેથી ન્યાયની ખાતર પુછવામાં આવશે કે એ હદીસો લેશ માત્ર પણ તેમના દાવાને પુષ્ટિ આપે છે કે નહીં, ખરેખર એ હદીસો તેમના દાવાને લગારે પુષ્ટિ આપી શકતી નથી. (દા૦ ઇ૦ અંક ત્રીજો)

(અપુર્ણ.)

# અમદાવાદ રાહેનજાત ઓફીસ તા૦ ૨૩ જુન સન ૧૯૦૭
# મે૦ પોલીટીકલ ભોમીયાના અધીપતી સાહેબ.

જોગ અમદાવાદ.

સલામ બાદ લખવાનું કે કેટલાક અંક થયા આપે આપના માન પામેલા પત્રમાં ગુજરાતી છઠ્ઠી ચોપડીમાં જે પાઠ અફ્ઝલુલ્મુર્સલીન ખાતેમુન્નબીય્યીન હઝરતે મોહમ્મદે મુસ્તફા સ૦ વીશે લખાએલ છે અને તેમાં લખનારની કેટલીક ભુલ છે અને તેમાં હઝરત માટે તોછડા અને બેઅદબી ભરેલા શબ્દો વાપરેલા છે, તેથી ઇસ્લામી બીરાદરોને વાકેફ થવા અને એ પાઠ વાંચીને ઇસલામી બાળકોના મન ઉપર માઠી અસર થવા પામે નહીં તે અટકાવા તેમજ ઇસલામી બાળકોને મોઢેથી એ પાક અને પાકીઝા પૈગમબર કે તેઓ ખુદાના ખાસ વઝીર તરીકે છે તેઓને તોછડા શબ્દ વડે યાદ કરી તેઓને માઠું ન લાગે એ બંધ પાડવા આપે ધ્યાન ખેંચ્યું તે ખરેખર વખાણવા અને તારીફ કરવા લાયક છે, અને તેથી આપે ગુજરાતી વાંચક વર્ગ ઇસલામીઓ ઉપર મ્હોટું એહસાન કર્યું છે, તે બાબે ઇસલામીઓ તરફથી આપને મરહબા (શાબશી) અને આફરીન ઘટે છે.

આપણા પયગમબર સ૦નું નામ મુબારક લેવાય તે વખતે આપ ઉપર દેરૂદ પડવી લાઝીમ છે, તેને બદલે આપણા બચ્ચા બેઅદબી ભરેલા શબ્દો હરવખત વાંચે તે ઘણીજ ભુલ કહેવાય તો ઉમ્મેદ છે કે આ બાબે ઇસલામી આગેવાનો નવશેરવાને આદીલને ભુલાવે એવી અદાલત કરનાર સરકારને અરજ કરશે, એટલે ખુશીથી એ પાઠ કાઢી નાખી હવે પછીની આવૃતીમાં નહીં છપાવા ગોઠવણ કરશે.

આ વીશે કેટલાક સાહેબોએ લખાણ મોકલ્યા જે આપે થોડાંક છાપેલ છે તેમાં તા૦ ૧૩ મી જુનના અંકમાં મી. સુખનવર તરફનો વીષય પ્રગટ થયો તેમાં છે કે તે પાઠમાં તોછડા શબ્દો ઉપરાંત ખોટી વીગતોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે, જેમકે તે પાઠમાં છે કે "અલી" "મોહમ્મદ"નો ભત્રીજો અને જમાઈ હતો, તો સાહેબ મોહમ્મદેન લો પ્રમાણે ભત્રીજો જમાઇ થઇ શકેજ નહીં, ખરી વીગત તો આમ છે કે હઝરત અલી અ૦ હઝરતે મોહમ્મદ સ૦ના પીત્રાઇ ભાઇ અને જમાઇ હતા.

તો આ બાબે જાણવું કે એ પાઠ વાળાએ અલબત ભુલ કરી છે કે હઝરત અલી ભત્રીજા નહતા, પણ ભત્રીજો જમાઇ થઇ શકેજ નહીં એ મસઅલામાં મી. સુખનવરની નજર ચુક થઇ ગઇ છે, કેમકે ઇસલામમાં ભત્રીજો જમાઇ થઇ શકે છે અને તેમાં મતભેદ પણ નથી.

છઠ્ઠી ચોપડીમાં છે કે હ૦ મોહમ્મદ સ૦ જનાબે ખદીજાને ત્યાં નોકર રહયા હતા, તે વીશે જાણવું કે આપ એજંટ તરીકે જ૦ ખતીજાનો માલ વેચવા શામ ગયા હતા, અને જ૦ ખદીજા શાદી થવાની પહેલેજ હઝરતને માલ વેચવા મોકલ્યા ત્યારે આપને પોતાના આકા અને સરદાર કહેતા હતાં, અને આપની ખીદમત માટે ગુલામ સાથે આપ્યો હતો.

આપને ૪૦ વરસની ઉમ્મરે નોબુવ્વત મળી તે જાહેર રીતે, પણ આપતો અસલથીજ નબી હતા, આપ ફરમાવતા હતા કે હઝરતે આદમ અ૦ માટી અને પાણીમાં હતા ત્યારથી હું નબીછું, આપ પૈદા થયા તેજ વખતે આપે ખુદાની વહદાનીયત (યકતાઇ)ની અને પોતે તેના પયગમબર હોવાની ગવાહી આપી, આપ રસ્તામાં જતા હતા તો ઝાડમાંથી આવાજ આવતો કે "અસ્સલામો અલયક યારસુલલ્લાહ" (અએ ખુદાના રસુલ આપ ઉપર

સલામ થાય) વી૦ બાબતો લખવાથી લંબાણુ થાય તેથી ખતમ કરી ઊમ્મેદ રાખુછું કે હઝરતને જાહેરી નોબુવ્વત મળવાની પહેલે આપનો ખાસ જાણવા જેવો અહવાલ કે જેથી ઘણા સાહેબો અજાણ્યા છે તે લખી નાની એવી એક કીતાબ જાહેર પાડું.

લી૦ હાજી ગુલામઅલી
હાજી ઇસમાઈલ.

અધીપતી રાહેનજાત અને નુરેઇમાન
ગુજરાતીમાં કુરઆને શરીફની
તફસીર વી૦ ૧૦૬ કીતા-
બોના કર્તા.

## પરચુરણ.

### ખોદે તે પડે! વાવે તેવું લણે!!

"બોંબે ગેઝેટ"નો ઔરંગાબાદનો ખબર પત્રી નીચલી હકીકત જણાવે છે;—

" તા૦ ૨૮ મી મારચની રાત્રે ઔરંગપુરામાં એક ખુનનો બનાવ બન્યો હતો. એક કણબી સ્ત્રીના છોકરાને પરણાવવા તેણીના એક શ્રીમંત ભાઇએ ઉદારતાથી ખરચ પુરો પાડયો. લગનની રાતે તે ભાઇ પોતાની બેહનનાં ઘરમાંજ સુતો બહેનની મતી બગડી અને ભાઇના દ્રવ્યની વાતો જાણી તેના ખુનનો ઘાટ ઘડયો, પરંતુ પેલા તવંગરને કાંઇક ખબર એ વીશે પડી, જેથી તે છુપયોજ ઘરમાંથી રાત્રે બાહેર નીકળી ગયો. પેલી સ્ત્રીએ તેજ રાત્રે અંધારાનો લાભ લઈ ભાઇને માટે રાખેલા ઓરડામાં જઇ બીછાના ઉપર સુતેલા આસામીને તલવારે કાપી નાખ્યો. તેમ કીધા બાદ બતી સળગાવી જુવે છે તો પોતાનોજ પુત્ર! તુરત ગભરાઇને નાસવાની ગોઠવણ આ સ્ત્રીએ તો કરી, પણ પેલા મામાએ અગાઉથી પોલીસને બખર આપી દીધેલી, માટે નાસવા અગાઉ તે કુકરમી સ્ત્રી પકડાઇ ગઈ આ ખુની ઓરત તથા તેના ખાવીંદની તપાસ સેશનસ જડજ આગળ નીકળશે. "

કોકાનાડા ખાતેની સંસારી કોનફરન્સમાં લગ્ન વિગેરે પ્રસંગની મજલીસોમાં નાચની બદી બંધ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

---

અરબી અખબાર " અહલ્રાત્રા " ઇરાનના શાહ વીષે લખતાં નીચે મુજબ જણાવે છે. નામદાર ઇરાનના શાહની ઉમર ૩૪ વરસની છે તેમના વીષે કહેવામાં આવે છે કે પુરવના. શાહોની માફક તેઓ ઝાઝી વાર મહેલમાં રહેતા નથી શાહી કુટુંબની ફકત એક સ્ત્રી તેમના " નીકાહ " માં છે તેઓ ઉડાઉ નથી. કહેવામાં આવે છે કે તે નામદાર પુખ્ત અને મક્કમ વીચારો ધરાવે છે. આગળ ચાલતાં તે લખે છે કે એ નામદાર મુફસ્સીલના હાકેમો સાથે ટેલીફોનથી વાત કરે છે. જો કોઇ ફરયાદી ટેલીફોનથી શાહને કાંઇ કહેવા માગે છે તો એ નામદાર તરતજ તેની ફરીયાદ સાંભળે છે વગેરે.

ડા૦ મહમદ શાદકની દીલસોજ મેહેરદારે લાહોરની અંજુમને હીમાયતે ઇસલામ તરફથી ચલાવવામાં આવતા યતીમખાનાના નાવારેસ બચ્ચાંઓની કેળવણી તથા પરવરીશ કરવાના ફંડમાં રૂ. ૧૪૦૦૦ આપ્યા છે.
(ઇસલામ ગેઝેટ.)

ખંભાત પાસે પેટલાદથી એક અલી નામના શખસ ગયા મહીનામાં અત્રે આવેલા તેઓ કહેતા હતા હું બુખારી સય્યદછું મારી શાદી થઇ નહતી તે વખતે ઇરાદો હતો કે જે ઓરતનું નામ ફાતેમા હોય તેની સાથે શાદી

કરીશ, તેમજ થયું, પછી ઇરાદો કર્યો કે પહેલે છોકરો થાય તેનું નામ હુસન રાખીશ, અને બીજો છોકરો થાય તેનું નામ હુસેન રાખીશ, તો ખુદાએ બે ફરઝંદ આપ્યા છે, એકની ઊમ્મર ૪ વરસની છે, બીજાની ૩ વરસની અને એજ નામ રાખ્યા છે, પહેલો છોકરો જન્મ પામ્યો તેના એક વરસે તેજ મહીનો અને તેજ તારીખે બીજો છોકરો જન્મ પામ્યો છે.

## સવાલનો જવાબ.

કબુતર રાખે તે શખસ ખુની અને મુફલીસ થાય છે, તે વાત ખોટી છે, પણ કબુતર પાળવામાં હદીસોમાં સવાબ તથા ઘણા ફાયદા વારીદ થયા છે, જે ઘરમાં કબુતર હોય તે ઘર જીનના તોફાનથી અમાનમાં રહે છે, શયતાન દુર થાય છે, હુલ્યતુલમુત્તકીનમાં છે કે દાઊદ બીન ફરકદથી મનકુલ છે તે કહે છે કે મેં હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ના ઘરમાં રાઅબ્બી જાતનું કબુતર જોયું કે તે બહુજ બોલે છે, હઝરતે પુછયું આશું કહે છે તુ જાણે છે? મેં અરજ કરી નહીં, આપે ફરમાવ્યું કે ઇમામે હુસેન અ૦ના કાતીલો ઉપર નફરીન કરે છે, માટે એ કબુતરોને ઘરમાં પાળજો. કેટલીક હદીસોમાં છે કે ખાનગી કબુતર તેમજ "યાહુ" જાતનું કબુતર (કે તે 'યાહુ" બોલ્યા કરે છે) ખુદાને બહુજ યાદ કરે છે, અને અહલેબૈતને દોસ્ત રાખે છે, અને ઘરના માણુસોને દોઆ આપે છે કે ખુદા તેઓને બરકત આપે.

મઇયીતને ગુસલ આપવાથી મસે મઇયીતનું ગુસલ ચડયું, તે પછી એહતેલ્લામ થયું તો જનાબે શેખની રાય મુજબ જનાબતની નીય્યતથી એક ગુસલ કરે અને મસે મઇયીતનું તેમાં દાખલ કરે તો બસ છે.

## જુદી જુદી હદીસો.

( હુલ્યતુલમુત્તકીનથી. )

હદીસ ૧૭૨૯ હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ ફરમાવ્યું કે કાલામરીમાં મોત સીવાય તમામ બીમારીથી શીફા છે.

હ૦ ૧૭૩૦ એજ હઝરતને કોઇ શખસે અરજ કરી કે પેશાબ વધારે આવવાથી ઇજા પહોંચે છે માટે કાંઇ ઇલાજ બતાવો. આપે ફરમાવ્યું કે કાળામરી મળસકે ખા, અને હું તાવ દુર થવા માથાનો દુખાવો દુર થવા આંખનું દરદ દુર થવા તેમજ પેટનો દુખાવો દુર થવા બલકે તમામ દરદો દુર થવા કાળામરી ખાઉછું અને ખુદા મને તેથી શફા આપે છે.

હ૦ ૧૭૩૧ હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ થી મનકુલ છે કે જે કોઇ મોઅમીનને ખાણું ખવરાવે તેના માટે બેહીશ્ત વાજીબ થાય છે, અને જે કોઇ કાફરને ખવરાવે તો ખુદા ઉપર લાઝીમ છે કે તેનું પેટ જહન્નમના ઝકકુમથી ભરે. હ૦ ૧૭૩૨ બીજી હદીસમાં છે કે જે કોઇ ત્રણ મુસલમાનોને ખવરાવે તેને ખુદાએતઆલા ત્રણ બેહીશ્તમાંથી ખાણું ખવરાવશે. ૧-જન્નતુલફીરદૌસ, ૨-જન્નતે અદન, ૩-જન્નતે તુબા, હ૦ ૧૭૩૩ બીજી હદીસે હસનમાં હઝરતે રસુલે ખુદા સ૦થી મનકુલ છે કે મોઅમીન ઉપર મોઅમીનના ૭ હક છે.

૧—તેની સામે તેની તઅઝીમ કરે
૨—દીલમાં તેની મોહબ્બત રાખે.
૩—પોતાનો માલ તેના માટે વાપરે.
૪—તેની ગીબત કરવી હરામ કરે.
૫—બીમાર થાય તો જોવા જાય.
૬—ખુદાની રહમતે પોંચે તો મઇયીતમાં હાજર થાય.
૭—તેના મરવા પછી નેકી સીવાય તેની બીજી વાત ન કરે.

# ઇન્ના લિલ્લાહે વઇન્ના એલયહે રાજેઊંન.

## દીલગીરી ! દીલગીરી ! !

લખનારને ઘણીજ દીલગીરી ઊપજે છે કે નોસીબે માડાગાસકર વાળા શેઠ ગુલામઅલી ભાઇ કાનજીભાઇ ગયા જુન મહીનાની ૯ મી તારીખે ખુદાની રહમતે પહોંચ્યા એ સાહેબનો ટુંક હાલ–એ સાહેબ અસલ પોરબંદર પાસે રાવળના રહેવાશી હતા, વેહપાર અર્થે નોસીબે માડાગાસકરમાં રેહતા હતા તેઓ છભાઇ હતા, આથી પહેલે ચાર ભાઇ ખુદાની રહમતે પહોંચ્યા હતા, તેઓ તથા તેઓના એક ભાઇ માવજીભાઇ હયાત હતા તે લાંબી મુદતથી બીમાર હતા અને નોસીબેમાં હતા, ગુલામ અલીભાઇ કરબલા ગયા પછી માવજીભાઈ ગુજરી ગયા.

ગુલામઅલીભાઇ દીનદાર મોહીબ્બે અહલે બૈતે અતહાર રાહેનજાત અને નુરેઇમાનને દીલોજાનથી ચાહનાર હતા, એ સાહેબ હર વખત લખતા કે મુલાકાતનો ઘણો શોખ છે, છેવટે ઝીયારત અને હજ વી૦ માટે ગયા ઝીલહજ મહીનામાં નોસીબેથી અત્રે અમદાવાદ આવ્યા, અને થોડા દીવસ રહી ઇદેગદીરની મજલીસ અને જમણાનું કરીને રાવળ ગયા ત્યાં કેટલાક દીવસ રહીને પોતાની માતાજી તથા ભાભીયોને દીન ઇસલામ કબુલ કરાવા કોશીશ કરી છેવટે મહા મુશકીલે તેઓની માતાજીએ તથા તેઓના ભાઇ મરહુમ વાલજી ભાઇની ધરવાળી તથા એક દીકરો ૧૨ વરસનો અને તેથી જરા મોટી દીકરી તેઓએ હક મઝહબ કબુલ કરવાથી તેઓને લઇને મોહરરમની ૩ જી તારીખે અમદાવાદ આવ્યા, અને સગવડે જુદુ મકાન લઇને રહયા, મોહરરમમાં ઓનયાઝ કરી, અને મોહરમની ૧૨ તારીખે ઝીયારત કરવા જવા માટે પોતાની માતાજીને સાથે લઇ મુંબઇ ગયા અને પોતાના મરહુમભાઇ વાલજીભાઈની ધરવાળી અને બન્ને બચ્ચાઓને અત્રે મુકી ગયા, અને મને ભલામણ કરી ગયા કે તેઓને નમાઝ તહારત મસાએલ ઊસુલેદીન ફુરૂએદીન વી૦ની તાલીમ આપજો, અને હું આવું ત્યાં સુધી તમામ વાતે હુશીયાર કરી રાખજો, અને એ સરવેને કપડા લાવી સીવડાવી આપજો અને ખાસ દીકરીને એક જોડો રેશમી કપડા લાવી દેજો અને ખબર રાખશો, તેઓના કહેવા મુજબ અમોએ અમલ કર્યો, નમાઝ તહારત એતેકાદ વી૦ જરૂરી બાબતો યાદ કરાવી. પલેગના સબબથી બારગામ જવું પડયું તો તેઓને પણ સાથે લઇ ગયા, એ ગુલામ અલીભાઇ તથા તેઓની માતાજી અને નોસીબે વાળા શેઠ ખમીસાભાઇ સુમાર પોતાના ઘરના માણસો તથા માતાજી અને બેન (મરહુમ હાજી આલી ભાઇ થાવરની વીધવા) અને (એ મરહુમનો ફરઝંદ) અબદેરસુલને સાથે લઈ ઝીયારત માટે રવાના થયા, અને હાજી અલીજુ નામના એક ગરીબ શીઆને મારી ભલામણથી સાથે લઇ ગયા.

રસ્તામાં ગુલામઅલી ભાઇની તબીયત સેજસાજ બગડી હતી પણ કાઝમૈન કરબલા સામરા અને નજફ વી૦ સર્વે જગ્યોની ઝીયારતો કરીને પાછા આવ્યા તે વખતે દરયામાં જરા મોઝા વધારે હોવાથી એ સરવે કરાંચી ઊતર્યા, અને ખમીસાભાઇને પોરબંદરની ઇસ્ટીમર તરત મળવાથી તેમાં રવાના થઇ ગયા, અને ગુલામઅલીભાઇ કરાંચી ઉતરીને વધારે બીમાર થવાથી મને પોસ્ટ કારડ લખેલો કે હું

બીમાર થઇ ગયોછું હયાતી હશે તો મુલાકાત થશે નહીં તો બોલ્યું ચાલ્યું માફ કરી ફાતેહાથી શાદ કરશો, આ કારડ વાંચી મેં ટેલીગ્રાફ કર્યો કે કોઇને મોકલું? તેઓનો જવાબ આવવાથી અત્રેથી મારા ફરજંદ મોહમ્મદઅલીને કરાંચી રવાના કર્યો, તેણે ત્યાં જઇ બે ત્રણ દીવસ રહી દવા કરી છેવટે રેલનું સેંકડ કલાસનું ખાતું રીઝવડ કરી તા૦ ૪ જુનના અત્રે લાવ્યો, અતરે ડાક્ટરોની દવા કરી પણ કાંઇ વળ્યું નહીં, અને તા. ૯ જુન રવીવારના રાત્રે ૧૧ વાગે ખુદાની રહમતે પહોંચ્યા, સોમવારે ગુસલ કફન આપી અતરે દફન કર્યા, અફસોસ અતરે આવ્યા ત્યારે જીભ બંધ થઇ ગઇ હતી કાંઇ પણ વાત કરી શકયા નહીં સેજ સાજ બોલતા તે પુરૂ નહીં. એકાદ વખત પોતાના ભત્રીજા ગુલામહુસેનને પુછયું નમાઝ સીખ્યો ? તો કહ્યું હા, આહ મનની મનમાં રહી ગઇ, વાતો કરવા ઘણુંએ દીલ થતુ પણ બોલી શકતા નહતા, પછી અતરેથી શેઠ ખમીસાભાઇ સુમારને રાણાવાવ કાગળ લખ્યો તેથી તે આવ્યા અને મરહુમની માતાજી તેમજ ભાભી અને બચ્ચાઓને કયાં રાખવા શું કરવું તે મશવેરો કર્યો, ખમીસાભાઇએ કહ્યું કે નોસીબેથી અતરે આવ્યા તે વખતે મરહુમે પોતાનું વીલ કરી રજીસ્ટર કરેલ છે, તેમાં ઠ૦ કાનજી દુવારકાદાસવાળાને તથા મને (ખમીસાભાઇને) ટ્સ્ટી કર્યા છે, તો વસીયત મુજબ અમલ કરીશું.

મરહુમ અતરે આવેલા તે વખતે મોહરમમાં બે નયાઝો કરી તેનો ખરચ અને તેઓએ થોડી રકમ રોકડી લીધી તથા તેઓના ભાઇના બચ્ચા વી૦ ને કપડા કરાવી આપવા કહી ગયા અને તેઓ આવે ત્યાં સુધી ખરચ આપવા વી૦ માટે મુંબાઇથી બસો રૂપીયાની નોટુ મોકલી. તેનો કુલ હીસાબ શેઠ ખમીસાભાઇને આપ્યો, બાકી રૂ. ૩૯ાાૠાા અમારા નીકળ્યા તે અમોને આપ્યા, ઉપરાંત મરહુમની મા તથા ભાભી અને ભત્રીજો અને ભત્રીજીના ખરચ માટે રૂ. ૧૩૬ાાૠાા અમોને આપી ગયા અને મરહુમની પાછળ મરહુમની વીસમાની મજલીસ કરી લાડવા જલેબી મોળુ ખાવું અને ડાળનું જમણ કરયું રૂ ૪૪) બેઠા મજલીસમાં આપણી જમાતનો મોટો ભાગ ઉપરાંત મોમના હીંદુસ્તાની વી૦ ઘણા માણસો આવ્યાહતા મજલીસ ઘણી સારી થઇ.

ખુદાવદે કરીમ અહલેબૈતના સદકાથી એ મરહુમ ઝવ્વારને જન્નત નસીબ કરે, અને વારસોને સબર અતા કરે, મરહુમની ઓરત અને બે દીકરા અને બે દીકરી એ સરવે નાની ઉંમરના છે, અને ત્યાં દુકાન પણ સારી રીતે ચાલતી મુકી છે, મુંબઇમાં બે આડત્યાઓ પાસે સારી રકમ છે.

## દીલગીરી.

લખવાને ઘણી દીલગીરી હાંસીલ થાય છે કે મુંબાસામાં શેઠ. હાજી જીવરાજભાઇ ખટાઉને જુન મહીનાની નવમી તારીખે એકાએક રસ્તામાં ચકરી આવવાથી મસજીદમાં લઇ ગયા ત્યાં પા કલાકની અંદર ખુદાની રહમતે પહોંચી ગયા તેઓ ઘણાજ લાયક અને સાદાતો તથા ગરીબોને ઉદારતાથી આપનાર હતા તેઓ ગુજરી ગયા તે દીવસે મુંબાસાની મસજીદના ઈસ્ટેટ માટે રૂ ૫૭૦૦ ના મકાન ખરીદ કરયા, મરહુમ પોતાની પાછળ એક નાનો છોકરો બે નાની છોકરીઓ અને વીધવા મુકી ગયા છે, મરહુમનો વહીવટ ઘણો બહોળો છે કે યુગાન્ડા તથા જરમન ઈસ્ટ આફ્રીકામાં મોટી દુકાનો છે તેઓ પોતાની પાછળ લગભગ ચાર લાખ રૂપીયાનો વારસો મુકી ગયા છે, મરહુમના ગુજરવાથી મુબાસાના ઇસ્નાઅશરીઓને ઘણી ખોટ ગઇ છે ખુદાએતઆલા મરહુમને જન્નત નસીબ કરે અને વારસોને સબર અતા કરે. લી૦ અલીમહમદ હાજી અબદલ્લાભાઇ હુંસરાજ.

## મજલીસ કરી.

શેઠ માધુભાઈ શામજી માઇવાતાનાનાથી બારમા ઇમામ અ૦ના નામ ઉપર સલવાત પઢાવીને મોઅમીનોને જમાડવાના રૂ૬પા મોકલ્યા તેમાંથી ગયા મહીનામાં ઇમામે ઝયનુલ આબેદીન અ૦ ની વીલાદતની તારીખે એક મજલીસ ધામધુમથી કરી સરવેને જમવાનું ઇજન આપી સારૂ સારૂ ખાવાનું કરીને જમાડયા, અને મજલીસમાં વએઝ નસીહત ઉપરાંત દુરૂદના નાઅરા બુલંદ કરાવ્યા અને તે મજલીસમાં નોસીએવાળા શેઠ ખમીસાભાઇ સુમારભાઇ પણ હાજર હતા, મજલીસમાં આપણી જમાતના મરદ ઓરતો ઉપરાંત સાદાત હીંદુસ્તાની મોમના વી૦ ઘણા સાહેબો પધારયા હતા મજલીસમાં આસરે ચાલીસ રૂપીયા ખરચ થયા બાકીના રૂપીયા ઇ૦ એવીજ કોઇ તારીખે મજલીસ કરી સલવાતો પડાવીને વાપરીને પહોંચ છાપીશું.

## પહોંચ.

ખબરદાર નામનું અઠવાડીક પત્ર મુબઇથી મળ્યું વખાણવા લાયક છે.

હીદાયતુલઆલમ નામનું નવું વોહરા માસીક અમરેલીથી મળ્યું. વખાણવા લાયક છે.

આ માસીક વોહરા કોમ માટે ઘણું ફાયદાકારક થઇ પડશે. માટે ઉત્તેજન આપવા ભલામણ કરીએ છીએ.

રફીક, અખબારે ઈસ્લામ, હીદાયતુલમોઅમેનીન, જંગબાર સમાચાર, મેમણમીત્ર, પોલીટીકલ ભોમીયો; ઇસલામ ગેઝેટ, ભાઇબંધ, વી૦ મળે છે, સર્વેની ચડતી ચાહીએ છીએ.

## ખુશખબરીઓ.

ગયા અંકમાં લખેલું કે રાણપુરમાં ઇમામવાડો લેવા રૂ ૨૫૦ માં મકાન લીધુ તે ગડબડના સબબથી રૂપીઆ મોકલ્યા નથી, પણ પાછળથી સમજુતી થઇ ગઇ, બે ઘર સામી પાટીમાં ગયા હતા તે પાછા આવી ઇકરનાઅશરમાં સહી આપી, અને બુખારી સાદાતોએ કહ્યું મકાન લેશો તો મોમીન વધશે વી૦ તેથી અઢીસો રૂપીઆ રાણપુર વાળા ખોજા વલીભાઇ વીસરામને આપ્યા છે, અને મકાન દુરસ્ત કરવાનું કામ ચાલે છે.

સુંબાસા તરફ જીન્જામાં ગયા માહે રમઝાનમાં ઇમામવાડો વકફ કરી ખુલ્લો મુકેલ છે, તેનો ખરચ દરમાહીને પાંચ રૂપીઆ રાખેલ છે, અને નીચે મુજબ ત્યાં વાળા બીરાદરો દરમહીને લવાજમ ભરે છે.

શેઠ અબદલભાઇ નથુભાઇની કું. રૂ ૫. અજમ હાજી મોહમ્મદ બાકર રૂ ૫

શેઠ વાલજીભાઇ ભાણજીની કાં રૂ ૫. અજમ હાજી મોહમ્મદ હાજી હસન રૂ ૫

ત્યાં પાંચ છ બીરાદરો છે તે સરવે એજ ઇમામવાડામાં નમાઝ પડે છે, અને માહે રમઝાનમાં કુરઆનખાની વી૦ થાય છે, ખુદાએતઆલા એ સરવેને જઝાએ ખૈર અતા ફરમાવે.

## કારેખૈરના નાણાની પહોંચ.

૨।⁼ શેઠ અલીભાઈ બાબુલચટ ગામ સદકાનો રૂ ૧)⁼ ગરીબને આપ્યા છે. અને હ૦ અબ્બાસ અ૦ નો રૂ ૧। હવે પછી.

૭૫ શેઠ જાફરભાઇ ખાકુભાઇ માંડવી કછ ખુમસના.

૨૫ શેઠ મોહમદઅલી કરીમ મોમના હરેર ખુમસના, એ બન્ને રકમના રૂ ૧૦૦) ની નોટ તા. ૯—૭—૭ ના રોજે લખનઊ જનાબ મુજતહેદ સઈયદ આકા હસન સાહેબને મોકલી.

૪।।। બંદેખુદા બેરએરા હ૦ અબ્બાસ અ૦ ના માનતાના મુસાફરને આપ્યા.

૧૪।।⁼ શેઠ નુરમામદભાઇ ઘેલાભાઇ ફ્રેરટદાફ્રીન પચીસ ફરાંક ૪૦ જોગવાઇએ કરબલા મોકલીશું.

૫।। શેઠ સલેમાનભાઇ માવજીભાઇ અન્તો ન્યુ એનેસ હ૦ અબ્બાસ અ૦ ના.

૨ શેઠ કુરજીભાઇ દેવસીભાઇ વાઘનફ, આપનો ફરઝંદ ગુલામઅલી તારીખ ૧૭—૬—૭ ના ખુદાની રહમતે પોચો તેની રૂહના સવાબ માટે એક કુરઆન ખતમ કરાવ્યું.

૨।। શેઠ રેમતલાભાઇ ડુંગરશી મજલીસ કરી.

૬।। શેઠ સબુરભાઈ શરીફભાઇ બે મજલીસના, તેમાં સવાપાંચની મજલીસ કરી સવાની હવે પછી.

૮।।⁼ શેઠ ઇસમાઇલભાઇ જીવાભાઇ ચીહોંમે કારેખૈરના હવે પછી વાપરીશું.

આગળની બાકાની મજલીસો કરી છે, ખુદાએતઆલા એ સરવેને જઝાએ ખૈર અતા ફરમાવે.

—০০※০০—

## વકફ.

શેઠ કરમાલીભાઇ હંસરાજ ટબોરાવાળા તરફથી તેઓના પીતાજી તથા માતાજીની રૂહના સવાબ માટે રાહેનજાત કીતાબ નવમી નકલ બે, અને નુરેઇમાન દસમી કીતાબ નકલ બે, મળી ચાર કીતાબ વકફ થઇ છે, માટે મરજી પડે તે દરેક માટે બે આના પોસ્ટેજ મોકલીને મંગાવી લીએ. ખુદાએતઆલા મરહુમોને જન્નત નસીબ કરે, અને વકફ કરનારને જઝાએ ખૈર અતા કરે.

બીજી પહોંચ વી૦ બાબતો જગ્યાની તંગીથી મુલતવી રાખવામાં આવે છે.

## ખાસ મરદો માટેજ.

### આદાબે મુજામેઅત.

આ કીતાબ છાપવી નહતી પણ કેટલાંક કારણવા ફરીને છપાવી છે કીંમત પોસ્ટેજ સુદ્ધાં અઢીઆના.

## હણીયાણાનો કાગળ.

જનાબ અશરફુલ હાજ હામીએ દીને મોબીન જનાબ હાજી નુરમોહમ્મદ સાહેબ મેઘજીભાઇ પોતાના તા. ૫–૭–૦૭ ના કાગળમાં લખે છે કે મીઠા શરીફે ચોપડી છપાવેલી તે જામનગર હણીયણા વીગેરે ટપાલ મારફતે તેણે મોકલી છે વાંચીને મોઅમીનોને ઘણો સદમો થાય છે, તેણે જે આપના ઉપર નાહક તોહમતો મુકીને લખ્યું છે તે તેણે પોતાની બુરાઇ બતાવી છે, અને તમારા તરફથી અતરે વાળાઓને પુરો સંતોષ છે અને સારી રીતે જાણે છે તમારી ખુબીઓ અને તમારા તરફથી જે દીની ફાયદા પહોંચે છે વીગેરે લખીને અમો તથા અતરેવાળા મોકલીશું.

મીઠાના હસદ અને કીનાથી તમારી ઇજ્જતમાં ખલલ પહોંચવાનો નથી સરવે સાહેબો તમોને જાણે છે, અને મીઠાભાઇને જેજે ઓળખે છે તે સારી રીતે ઓળખે છે ખુદા તેને તેનો બદલો આપશે, બાકી બીના ખૈરીયત છે. લ૦ કમતરીન હાજી નુરમોહમદ મેઘજીના સલામ.

# "નજાત" ના ચિરાગેં સામે અદેખાઈની હવા, અને એ અદેખાઈની ઝેરી હવાને દુર કરનારી અકસીર દવા.

બૈત.

યાશેરે ખુદા ખાદીમકો મસરૂર કરો=લિલ્લાહ ઝાલીમકા ઝુલ્મ દુર કરો*

રૂબાઇ.

ઝાલીમ કરતે હેં ઝુલ્મ મદદકો પહોંચો=ઇસ હાજીએ નાજીકી મદદકો પહોંચો*
તુમકો હૈ કસમ રૂહે હુસૈને મઝલુમ=યા હઝરતે અબ્બાસ મદદકો પહોંચો*

જીસ શમ્અકી હો રોશની અલ્લાહકો મનઝુર*
હોતા હૈ ફોરૂગેં ઉસ્કા ઝમાનેસે કહીં દુર*
(એટલે જે ચીરાગની રોશની અલ્લાહને મનઝુર હોય તે લોકોથી બુઝી શકે ખરી ?)

ચિરાગેરાકે ઈઝીદ બર ફરૂઝદ=હરઆંકસ તુફ કુનદ રીશશ બેસુઝદ*
(એટલે જે ચીરાગને ખુદા રોશન કરે તેને જે ફુંક મારે તેનીજ દાઢી બળે.)

## બિસમિલ્લાહિર્ રહેમાનિર્ રહીમ.

અલ્લાહુમ્મ સલ્લે અલા મોહંમ્મદ વઆલે મોહંમ્મદ.

ખુદાની મેહરબાનીથી અને અહલેબૈતના સદકાથી વાસ પચીસ વરસથી આ અદના શેવક હીદાયતનું કામ કરે છે, ખુદા કબુલ કરે (આમીન) તેમાં ખાસ કરીને પંદર વરસ થયાં રાહેનજાત માસીક અને કીતાબો કાઢવી શરૂ કરી છે, અને તેથી જે જે ફૈઝ પહોંચ્યો છે તે સર્વે બીરાદર જાણે છે, એવા ઘણા કાગળ છે કે તેમાં લખેલ છે અમો ખાસ રાહે-નજાતની બરકતથીજ ઇમાન લાવ્યા છીએ. અને હાલ પાંચ વરસ થયા હીદાયતફંડ તરફથી કામ જારી છે, તેમાં આ વરસમાં તો જે વધારો થયો તે રોશન છે કે દર મહીને રૂ ૧૫૦ નો ખરચ છે, કેટલેક ઠેકાણે પુરો પગાર કેટલેક ઠેકાણે અરધો કેટલેક ઠેકાણે ત્રીજો ભાગ કેટલેક ઠેકાણે કાંઈ રકમ મદદ તરીકે મળી ૧૪ જગ્યાએ ફૈઝ પહોંચે છે, અને અમદાવાદમાં એક વરસમાં આશરે એકસોથી સવાસો મજલીસો આપણે ઘરે થાય છે, અને તેમાં મીઠા શરીફના લખવા મુજબ સારૂ સારૂ ખાવાનું પણ થાય છે, એ સરવે સખી બીરાદરોના ઉદાર દીલથી છે, પણ જેનામાં હસદ અને અદેખાઇની બુરી બીમારી હોય તે અને શૈતાન મલઊન દીનની અવી જાહેજલાલી કેમ જોઇ શકે ? કેવી રીતે ખામોશ બેસી શકે ? તેથી ફીતના અને ફસાદ કરાવી દીનના ચીરાગને હોલવવા ચાહે છે. પણ જે ચારાગની રોશની ખુદાને મનજુર હોય તે કોઇથી પણ ઓલવાઇ શકેજ નહીં. અમદાવાદમાં તમામ કોમ એટલે અહલે ઇસલામ તેમજ હીંદુ વી૦ સરવે ઘણા સારા અને પ્રમાણીક છે અને

ફીતના ફસાદથી દુર રહે છે, એટલે સુધી કે હીંદુ અને મુસલમાનના એવા તેહવારો ભેગા આવી જાય છે કે તેથી કેટલેક ઠેકાણે મોટા રમખાણ થાય છે, પણ અમદાવાદમાં સુલેહ અને શાંતીથી પસાર થાય છે, અમદાવાદમાં મોહરરમમાં આપણે ત્યાં મજલીસો અને માતમ થાય છે અને સુન્નત જમાતના મોહલ્લામાં અમારૂ મકાન છે પણ કોઇ કોઇ જાતની હરકત કરતુ નથી ખુદા તેઓને નેક બદલો આપે ઇજ્જત આબરૂ માલ દોલતમાં બરકત આપે. પણ શીઆ ઇસ્નાઅશરીનો દાવો કરનાર ખોજા મીઠા શરીફ હસદથી હરવખત ફીતના અને ફસાદ અને મજલીસ તોડવાના ઉપાયો કરી અમોને સખત હેરાન અને પરેશાન કરે છે તે અતરેના સુન્ની શીઆહ બલકે હીંદુ પણ જાણે છે

અવા અવા ઝુલ્મો સહન કરયા પણ અમોએ છાપ્યું નહીં, એટલે સુધી કે કબ્રસ્તાન વેચી નાખ્યું તોપણ છાપ્યું નહીં, અને જયારે દોઢ બે વરસે શેઠ કરમાલીભાઇની સામે કબુલ થવા છતાં પણ મુરદા દાટવાના નાણા મીઠાભાઇના ગળેથી છુટયા નહીં અને એ ગુસ્સાના સબબથી મુંબઇની જમાતને ખોટા તોહમતો મુકીને અરજી મોકલી તે વખતે અમોએ કબ્રસ્તાનની હકીકત રાહેનજાત ૧૪ મી સાલના ૬ ઠા અંકમાં છાપી તેમાં પણ મીઠાભાઇનુ નામ જાહેર કરયું નહીં, પણ જયારે ચોપડી છપાવી ત્યારે અમોએ ખરી હકીકત જાહેર કરવા આ પછીના ચાર પેજમાં ટુંક જવાબ છાપ્યા, અને તે પછી કેટલાંક સાહેબોની ફરમાશ થઇ કે બરાબર ખુલાસા લખો તેથી બીજા ટુંક ખુલાસા પાંચમાં પેજથી લખ્યા છે, અને છેવટે કેટલાંક સાહેબોના લખાણ દાખલ કરયા છે તે ઉપરથી હક નાહક ખરા અને ખોટાની પારખ થઇ મક્કર તથા ફરેબ ખુલ્લો થઇ જશે જેમકે શાએર કહે છે—

**સદાનાવ કાગઝકી બહતી નહીં=છુપી મકકી બાત રહતી નહીં***

પોતાના વખાણ પોતેજ લખવા અથવા બીજાએ વખાણ કરેલ છાપવા તે પસંદ કરવા લાયક નથી પણ જયારે અવા અદેખા અને હસદખોર ચોર કોતવાલને દંડે એમ કરી ફરજ પાડે ત્યારે પોતાનું નીરદોષપણું જાહેર કરવા લાચારીથી છાપવું પડે તે જુદી વાત; મ્હારો તો એતેકાદ એજ છે કે ખુદા ખુશી હોય તેજ કામ કરવા અને તેની સામે નેક હોઇએ તો બસ છે.

દીબાચામાં થોડી જગ્યો ખાલી હોવાથી **મેઅગઝુસ્સઆદામાંથી** કેટલાંક ઉમદા અને ઉપયોગી ફીકરા લખવામાં આવે છે, જાણવું જોઇએ કે **અમાનત** અદા કરવી અને હક રીતે વરતવું એ સીફતો બહુજ ઉમદા અને નજાત મળવાનું અને મોટે દરજ્જે પહોંચવાનું અને લોકોમાં ઇજ્જત અને આબરૂમાં વધારો થવાનું કારણ છે, યકીન કરીને જાણવું કે એ સીફતવાળાની હમેશા ફતેહ છે તેઓ હમેશા સર્વે ઉપર ગાલેબ રહે છે અને ફતેહ પામે છે, હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ ફરમાવ્યું કે ખુદાએતઆલાએ કોઇ પૈગમબરને પૈગમબરી આપી નહીં પણ રાસ્તગોઇ અને અમાનતદારીથી કે નેક તેમજ બદની અમાનત અદા કરતા હતા, અને એજ હઝરતથી મરવી છે કે કોઇ નમાઝ પડે રોઝા રાખે તેથી ફરેબ ખાતા નહી, કેમકે કેટલાંકને એ કામની આદત પડી છે ન કરે તો ગમતુ નથી, પણ ઇમતેહાન કરવું હોય તો રાસ્તગોઇ અને અમાનતદારી તપાસજો, કેમકે નમાઝ રોઝા કરતો હોય છતાં વખતે લોકોનો માલ પણ હજમ કરી જતો હોય !

જાણવું જોઇએ કે કેટલાંક હલાલથી માલ મેળવવામાં સુસતી કરે છે અને હલાલથી કમાવાની તકલીફ વેઠતા નથી તેઓની નીય્યત બગડીને લોકોએ મેળવેલા તૈયાર માલમાંથી લેવાનો ઇરાદો કરે છે અને તેથી ઘણે ભાગે ધીક્કારવા જેવી બાબત જેમકે ચોરી અથવા ભીખ અથવા જેમ મળે તેમ લેવામાં કોશીશ કરે છે, ખુદા સરવેને આવી બુરી સીફતથી બચાવી અમાનત વી૦ની નેક સીફત અતા કરે (આમીન.)

# ઝાલીમ અને મઝલુમની ખરી વાર્તા.

અત્રેવાળા ખેજા. મીઠા શરીફભાઇ કે જેઓ બાબી ધર્મના વખાણ કરે છે તેથી તેવા લાગે છે, અને હસદ તથા અદેખાઇમાં હદથી વધારે ગર્ક છે એટલુંજ નહીં પણ ઝુલમ કરવા ઉપર કમર બાંધી છે અને રાહેનજાત ૧૪ મી સાલના છઠ્ઠા હીસ્સામાં જણાવ્યા પ્રમાણે તેઓએ કબ્રસ્તાન વેચી દાદ આપી નહી, અને તે બાબે ચારે તરફ ફજેત અને ફસ્વા થયા તે ફસવાઇ દુર કરવા ચોર કોટવાલને ડંડે એમ વરતી જે જે ગુણો પોતામાં છે તેજ અમારા ઉપર બોહતાન મુકી તદ્દન ખોટી બાબતો લખી છપાવીને બીરાદરોને મોકલેલ છે, અને તેથી એમ સમજે છે કે અમારી ઇજ્જતમાં ઘટાડો થશે, પણ અગર લાખ મુનાફીકો જુવે તે લખે પણ ઇનશાઅલ્લા અમારી ઇજ્જતમાં કાંઇ પણ ખલલ પહોંચનાર નથી, જ્યાં ચારે તરફના દીનદાર બીરદરો અને આલીમો આ ખાકસારને સારી પેઠે ઓળખે છે અને ખેરખાહ છે અને ચડતી ચાહે છે ત્યાં એવા જુઠાના ખોટા અને નાલાયક ફીના અને હસદથી ભરેલા લખાણથી કાંઇ પણ અસર થનાર નથી બલકે ઉલટા ફટકાર અને ધીક્કારના તેને ઇનામો મળશે અને આખેરતનો અઝાબ જુદો.

હજુ પણ એ પોતાની ભુલ કબુલ કરી લખીતવાર માફી માગે તો બેહતર નહી તો અમો ખરી હકીકત જાહેર કરી તે ઝાલીમે પોતાના સગા ભાઇ વી૦ ઉપર તથા સાદાતો તેમજ મુસાફરો તથા મારા તથા બીજા બીચારા ગરીબો ઉપર કેવા કેવા ઝુલમ કર્યા છે, અને અહલેબૈતની દુશમની અને દીનની બરબાદીમાં કેવા કેવા કામો કર્યા છે. તે તથા તેના હીમાયતીઓ કેવી લોયાકત ધરાવે છે વી૦ નો હાલ લખી એક રસીક વાર્તા તરીકે ખરી બીના સનદો અને સહીઓ સાથે લખીને એક ચોપડી બાહેર પાડી મફત પેશ કરીશું. અને ઘટીત પગલા પણ ભરીશું

હવે તેણે જે મારા ઉપર ખોટા તોહમતો મુકી મુંબઇની જમાતને અરજી કરી છે તથા ચોપડી છાપી છે તેના જવાબ ટુંકમાં ધ્યાનમાં લેવા તસ્દી લેશો.

૧—અમો અતરે આવેલા તે વખતે કબ્રસ્તાન ન હતુ શેઠ કરીમભાઇ કાસમને કહી રૂ ૩૦૦) મંગાવી તે શેઠના નામનું ખત લખાવી રૂ ૩૦૦) મીઠાભાઇ શરીફને આપી રજીસ્ટર કરવા મોકલ્યા તો ખત ફાડી નાખીને પોતાના નામ ઉપર રજીસ્ટર કરાવ્યું, છેવટે રૂ૪૦૦) માં સુન્નત જમાતને વેચી નાખ્યું અને દાદ આપી નહીં, એ બાબત અતરે શેઠ કરમાલીભાઇ પીરભાઇ અને શેઠ રાશીદભાઇ અલીદીના ભુજવાળાના ભાઇ શેઠ રહેમતુલ્લાભાઇ અલીદીનાભાઇની સામે અતરે વાળા મુખી મથુરભાઇ પરેમજી અને હસનભાઇ પના જે હાલ તેના પક્ષમાં છે વી૦ઓએ કહી, અને મીઠાભાઇને બોલાવી શેઠ કરમાલીભાઇની સામે કબુલ કરાવ્યું, અને અમુક રકમ શેઠ કરમાલીભાઇને આપવા કબુલ કરી પણ એક મહીના સુધી હા હા કરીને આપી નહી. માટે જો ખાત્રી કરવી હેય તો એ શેઠ સાહેબોને પુછી વાકેફ થાઓ. તે લખે છે હસન ધારસીની ઓરતની લાશ રખડી નથી, હાજીના વાલીદની લાશને દફન થવા દેતા ન હતાં, તે તદ્દન ખોટી વાત છે એક ગરીબને લાંચ આપી સહી કરાવી છે, બાકી તેણે કબ્રસ્તાન વેચ્યુ તેથી બીજા ડરે કે રખેને અમારી જનાના ધણી થશે તે બનવાજોગ છે. ખુલાસો ઇ૦ ચોપડીમાં આવશે.

૨—તે લખે છે કે હાજી ગુલામઅલીને મસજીદનો ટ્રસ્ટી નેમ્યો નહીં તેથી મસજીદ તોડે છે પણ ખરી હકીકત આમ છે કે શેઠ કરમાલી ભાઇ તથા મઝકુર શેઠ રેમતલાભાઇની રૂબરૂ અતરેવાળા મુખી મથુર ભાઇ તથા હસન ભાઇએ કહ્યું મીઠા ભાઇના હાથમાં મસજીદ છે ત્યાં સુધી અમો એક પાઇ નહીં આપીએ, અને તે મસજીદ-વેચી નાખવાની તેમજ ગીરવી મુકવાની વાતો કરે છે, અને ૧૨ વરસ થવા પણ વકફ થઇ નથી માટે વકફ કરી આપો, શેઠ કરમાલી ભાઇએ મીઠાભાઇને વકફ કરવા કહ્યું પણ તરત વકફ

જશ ન આપતા શેઠને પણ જરા તસદી પડી, અને પાંચ જણ ટરસ્ટી નેમવા તેમાં મારૂ નામ શેઠ કરમાલી ભાઈએ લીધુ મેં સઈયદ મોલવી અલીનકી સાહેબ મારફત શેઠને કહેવરાવ્યું કે મેહરબાની કરી મારૂ નામ કાઢી નાખો અને મારા બદલે ખોજા હસન ભાઈ પનાતું નામ નાખો કેમકે મને મીઠાભાઈ ચેન પડવા નહીં દીએ, તેમજ મેં શેઠને પણ રૂબરૂ અરજ કરી, તો શેઠે મારી અરજથી નામ રાખ્યું નહીં, ભલા તેમાં મને માઠુ શામાટે લાગે? અને તે અરજીમાં લખે છે કે હાજી ગુલામઅલીએ એક વખત કહેલ કે મસજીદ મારા હાથમાં હોય તો સોનાના કાંગરા કરાવી આપુ તેથી શેઠને ખરાબ લાગ્યું, તો આ બાબતમાં જરાએ ખરાબ લાગવાતુ નથી બલકે ખુશ થવાતું છે, પણ ખરી હકીકત એમ છે કે મસજીદ તઈયાર થઈ અને ખુલ્લી મુકી તે વખતે જુજ કામ અધુરૂ હતુ, તેને બાર તેર વરસ થયા તો પણ એ કામ પુરૂ થયુ નહીં અને વખતો વખત મીઠાભાઈને મસજીદ માટે રકમો મળતી તેમાં કેટલીક મારા હાથની છે, છેલ્લે તે પુરી કરવાની શરતે રૂ ૨૫૦) મથુર ભાઈને વચમા રાખી મીઠાભાઈને માંડાગાસકરથી મંગાવી આપ્યા પણ થોડુ કામ કરીને કહ્યું રૂપીઆ ખલાસ, તે પછી પણ કામ અધુરૂ પુરૂ કરવા બે વખત રકમો મળી તો પણ અધુરૂ રહ્યું અને મસજીદ ખરાબ હાલતમાં તેથી એક વખત મારાથી બોલાઈ ગયું કે આપણા હાથમાં હોય તો મસજીદ સોના જેવી બનાવીએ તેને લખે છે તકબ્બુરાઈથી કહ્યું પણ તેની જેમ બરબાદ કરવાનું તો કહ્યું નથી ?

૩—એ સાહેબ મીઠાભાઈ મસજીદની ખૈરખ્વાહીનો ડેળ બતાવી ખરા થવા વાત વાતમાં જુઠા ઉપર લાઅનત લખે છે, તો અલબત જુઠા ઉપર ખુદાની લાઅનત ઉપરાંત ગઝબ પણ છે, પણ એ સાહેબ મસજીદની જે હુરમત રાખે છે તે અતરેવાળા ખુબ જાણે છે. પણ થોડા મહીના પહેલા મુંબાઈવાળા શેઠ હાજી અબદલાભાઈ હાજી માવજીભાઈના ભાઈ શેઠ હાજી ઇસમાઇલભાઈ તથા માડાગાસકરવાળા શેઠ મોહમ્મદહુસેનભાઈ કાનજી અતરે આવેલા તે મસજીદને જોવા ગયા તો ખાનએ ખુદાનો એવો હાલ જોયો કે તેઓના દીલ ભરાઈ આવ્યા કે મસજીદમાં ચારે તરફ કચરાનો પાર ન હતો, અને મસજીદને ઉપર ધાબો છે ત્યાં ગયા તો જોયું કે મસજીદના ટરસ્ટી મીઠાભાઈની ઘરવાળી છોકરાને લઈ બેચાર હીંદવાણીઓ સાથે પોતે પતંગ ઉડાડે છે, એ જોઈ એ સાહેબોને ઘણું ખરાબ લાગ્યું મને વાત કરી, પછી હાજી ઇસમાઇલભાઈએ મીઠાભાઈને કહ્યું તો જવાબ આપ્યો કે છોકરો રોતો હતો તે રમડતા હતા, અવી બાબતને મીઠાભાઈ મસજીદને રોશન કરી જાણેછે વાહ ! શેઠ મોહમ્મદહુસેનભાઈએ મીઠાભાઈને કહ્યું આ ઘાઘરાનો ચાલ કયારે નીકળશે ! તો જવાબ આપ્યો કયામતમાં ! જ્યારે એક દુરના તેમજ અમીર માણસને મથું ફોડી નાખે એવો જવાબ મળ્યો ત્યારે મારા જેવાનો શો હીસાબ ? ઉપરાંત શેઠ કરમાલીભાઈ પીરભાઈની રૂબરૂ મોલવી સાહેબે કહ્યું કે મીઠાભાઈનો છોકરો હરવખત મસજીદ ઉપર પતંગ ઉડાડે છે અને તાળુ પણ તોડીને ચડવાનું કહે છે.

૪—તે લખે છે કે ઘરે અંધારૂં અને મસજીદે દીવો કરવો તે મુરખાઈ છે એટલે બહારગામ મુલ્લાઓ મોકલે છે અતરે રાખતો નથી પણ મેં ૨–૩ વખત મદરેસો કર્યો પણ મીઠાભાઈએ તોડી નાંખ્યો, એ વાત પણ શેઠ કરમાલીભાઈની સામે અતરેવાળા તથા મોલવી સાહેબે કરી છે, જુઠા ઉપર ખુદાની લાઅનત અને ગઝબ હોજો !

૫—તે લખે છે કે મસજીદને બરબાદ કરે છે અને તેનું કારણ ખોટું લખે છે કે મસજીદમાં થતી મજલીસ બંધ કરી હાજી પોતાને ઘરે મજલીસ કરે છે પણ ખરૂં કારણ એ છે કે મસજીદમાં મેં શુરૂઆતથી જુમેરાતના વારા કરી મજલીસ ચાલુ કરેલો પણ મીઠાભાઈએ ફીતના કરી વારા બંધ કર્યા તેથી મામુલી મજલીસ બંધ ન રહે તેથી

મારે ઘરે મેં મજલીસ ચાલુ કરી. અને છેવટે ગયા માહે રમઝાનની ૨૧ મી રાતરે વીના કારણે મરજીદમાં મીઠાભાઇના છોકરાએ તથા તેની ઓરતે મારા ઉપર જે જુલમ કર્યો તે ઘણોજ અફસોસ કરવા જેવો હતો, એ વખતે ઇબ્ને મુલજીમ અને કુત્તામાએ મૌલા-અલી ઉપર ગુજારેલ જુલમ સર્વેને નજરે તર્યો, અને મસજીદની હુરમત બરબાદ ન થાય તેથી અમોએ સબર કરી, એ વખતે કુકડવાળા માજી સરકારી મુખી ખોજા નજરઅલીભાઇ ખીમજી અતરે કામ માટે આવેલા તે અને મુંબાઇવાળા ખોજા જાફરભાઇ નજરઅલી હાજર હતા. અને ૨૩ મી રાતરે ઉલટા ગળે પડીને પોલીસ મસજીદે બેસારી, એ હકીકત શેઠ કરમાલીભાઇને મુખી મથુરભાઇએ લખી તેમાં લખ્યું કે ઇમામે હુસેનને ઝાલીમોના ખોફથી ખાનએ કાબાથી હજ ન કરતા એક દીવસ પહેલા મુકીને જવું પડયું તેમજ હાજી ગુલામઅલીને મસજીદ તજી દેવી પડી. અને તે દીવસથી તો બીલકુલ અમો મસજીદમાં નમાઝ પડવાથી મહરૂમ છીએ.

૬—તે લખે છે કે આ મોહરમમાં હદ કરી નાંખી ગઝબ કર્યો. કે હાજીએ મસજીદની મજલીસ તોડવા પોતાને ઘરે મજલીસો કરી, સારૂ સારૂ જમાડતા તેથી ઘણા માણસો આવતા, અમો ગરીબ થોડા જણ મસજીદમાં જતા વી૦ તો તે બાબે ખરી હકીકત આ છે કે શેઠ કરમાલીભાઇ તથા શેઠ રેમતલાભાઇ અલીદીનાભાઇની રૂબરૂ અતરેના મોટેરાઓએ ખુલાસો કર્યો છે કે દર વરસે મસજીદમાં બપોર પછી ૪ વાગ્યાથી ૭ વાગ્યા સુધી મજ-લીસ થાય છે, અને મારે ઘેર સવારના ૮ થી ૧૧ સુધી થાય છે, પણ મારે ઘરે સરવે કોમ આવે તેથી ૩૦૦ થી ૪૦૦ માણસ થાય, અને મસજીદમાં થોડા, તેથી હસદ કરી દર વરસે એ મજલીસ અટકાવા પીતના કરે છે, અને આ વરસે મીઠાભાઇએ મારા ઘરની મ-જલીસ તોડવા માટે જનાબ જલાલશા સાહેબને ઓછામાંઓછા રૂ. ૫૦ આપવા કરીને બો-લાવ્યા જનાબે જલાશ સાહેબે ઉપરની હકીકત સાંભળીને મીઠાભાઇને ઘણા સમજાવ્યા પણ માન્યું નહીં અને હેંડબીલ છપાવીને વેંહચ્યા કે મસજીદમાં સવારના ૮ વાગે મજલીસ થશે અને મોટા જાકીર આવ્યા છે માટે આવજો, પણ સરવે ખોજા વી૦ જણે કહ્યું તમો જી-દની અને હાજીના ઘરની મજલીસ તોડવા માટે કરો છો માટે અસલો બપોર પછીનો ટેમ રાખો તો આવીએ પણ માન્યું નહીં અને ગણત્રીના ૧૦ થી ૧૮ સુધી માણસ મસ-જીદમાં જતા બાકી અમારે ઘરે આવતા એટલે સુધી કે મીઠાભાઇએ ૧૬ સહી કરાવી મું-બઇ અરજી મોકલી તેમાંના બહાર ગામના જે હાલ આવ્યા છે તે બે બાદ કરતા ફકત ત્રણ જણ સીવાય તમામ જણ એટલે સુધી કે હસન પના તથા તેના ઘરના સરવે જણ મોહરમમાં અમારે ઘરે આવતા અલબત નયાજો તો સારી થતી

૭—તે લખે છે કે અમોને દફન થવા હાજી ગુલામઅલી ગસબી કહે છે તે તદન તરકટ છે, અને લખે છે કે તારભાઇ ગીગાના બાપને ગસબ કહ્યું, તે ખોટી વાત છે, પણ તેના પક્ષવાળા પનાભાઇ જેઠાએ કહેલું કે રૂ. ૧૫ આપે તો દફન કરવા દેજો, મેં મના કરી જુઠા ઉપર ખુદાની લાઅનત; ગયા વરસે મેં બીજી જગ્યો દફન કરવા લઇ આપી ત્યારે વળી મીઠાભાઇએ તે પાસ થવામાં ખલલ પાડવા સરકારને અરજી કરી, તે વખતે અતરેની તમામ જમાત ઉશ્કેરાઇ ગઇ અને મથુરભાઇ તથા હસનભાઇ પના તેને નાત બ-હાર મુકવા નકી કર્યું તે વખતે તેણે અરજી પાછી ખેંચી લીધી.

૮-તે લખે છે કે હાજી ગુલામઅલીની બેને હસન પનાની દીકરીને જાદુ કર્યો, તો પહેલી તોહમત તો એકે મને કોઇ બેન હતી નહીં તેમ છે પણ નહીં, પણ મારા કાકા મામાની દીકરીઓ ઘણી છે તે મીઠાભાઇ પણ છેટેના કાકા થાય છે, મારા નાનજી કાકાની દીકરી હસન પનાને આપેલી તે ગુજરી ગઇ, અને હસનભાઇની દીકરીને ૩ વરસથી હોસ્ટીરી-

ચાલુ દરદ થયું છે અને એ દરદ એજ બાઇના ગામ મહુવામાં હાલ ૩૦ થી ૪૦ ઓરતોને છે, તેને તે કહે છે કે જાદુ છે, હવે હસન પના નાનજીભાઇની દીકરી બીજી જીવતી છે તેના ઉપર તોહમત મુકે છે કે જાદુ કર્યો, જો જાદુ આવડતો હોય અને ચાલતો હોય તો હસનને કે તેના છોકરાને કે બીબીને જાદુ ન કરતે ? કે આ રીતનોજ ન થતે ! ! અને કહ્યું કે વીરમગામના સઇયદે ફાલમાં જોયું છે વી૦ તેથી મેં ફકત તેને પુછાવ્યું કે જો કોઇ પણ ફાલમાં તે બાઇનું નામ કાઢી આપે તો સો રૂપીઆ ઇનામ આપું બાકી કોઇ જાતની ધમકી મેં લખી નથી. તે બાબે તે મારો કાગળ મવજુદ છે અને સઇયદ સાહેબ હયાત છે, ઉલટું એમ થયું કે તે સઇયદનું વરસ પુરૂ થયું અને બીજા વરસની માગણી કરી તો તે પણ મેં મનજુર કરી.

૯—મસજીદ તઇયાર થઇ તે વખતે મીઠભાઇએ મને કહેલુ કે મસજીદની બાજુમાં મકાન છે તે રૂ. ૪૦૦ માં મળે છે જો તે લેવાય તો મજલીસ અને જમણવારે કામ આવે, મેં કહ્યું ભાવનગર જઇ શેઠ દેવજીભાઇને કહી બંદોબસ્ત કરીશ, શેઠને વાત કરતાં જવાબ આપ્યો કે તેઓ રૂ. ૨૦૦) કરે તો રૂ. ૨૦૦) આપું. મેં મીઠાભાઇને લખ્યું, તેઓએ જવાબ લખ્યો અતરે રૂ. ૨૦૦ થઇ ગયા છે તરત રૂ ૨૦૦ મોકલો શેઠ દેવજીભાઇએ કહ્યું રૂ. ૫૦) આપી બાનાખત કરાવીને મોકલો, તો રૂપીયા મોકલું, મીઠાભાઇએ બાનાખત મોકલ્યું રૂ. ૨૦૦) મેં મોકલ્યા. પણ હજુ સુધી તે મકાન લીધું નહીં. અને તે ઘરવાળી ઉપર ફરયાદ કરી બાના ॥ વ્યાજ સાથે રૂ ૭૫ લીધા તે પણ કયાં ગયા ?

અરજીમાં મીઠાભાઇએ ૧૬ સહી કરાવી છે, તેમાં કેટલાંક પલેગના સબબથી એક મહીનાથી વઢવાણથી આવેલા છે તે કાંઇ જાણતા નથી કેટલાકને કહ્યું મદરેસો કરવાની અરજી છે એમ ફરેબ આપ્યો, અને કેટલાંક લાગતા વળગતાને ડર દમ આપી સહી કરાવી બાકી પોતે છે, હસન પનાને મારી સાથે દુશમનીનું કારણ એ થયું કે તે કહે છે મારી દીકરીને નાનજીભાઇની દીકરીએ જાદુ કર્યો છે તેથી નાનજીને નાતબાર મુકું, પણ હાજી ગુલામઅલી આડો ન આવે, પણ નિરદોષને કેમ નાતબાર મુકાય ?

હું જયારે અમદાવાદ રહેવા આવ્યો તેની પહેલે અતરેના મુખી શેઠ મથુરભાઇ પરેમજીના ભાઇ અલીભાઇ આબીદ કે તે પરહેઝગાર અને આબીદ છે, મને લખેલું કે ખુદા અને રસુલનો વાસ્તો અતરે રહેવા આવશો નહીં, મેં કારણ પુછ્યું તો ટુંકમાં લખ્યું કે અમુક ઝાલીમો તમોને સતાવશે, તો પણ હું અતરે આવ્યો, તે વખતે પણ મને બહુજ સમજાવીને કહ્યું કે તમો આ મોહલ્લાથી છેટે બે માઇલ જમાલપુરમાં મોમનાઓના મોહોલ્લામાં જાઓ, મેં કહ્યું હું કાંઇ પણ બોલીશ નહીં, તોપણ સતાવશે, પણ મેં તે આબીદનું કહ્યું માન્યુ નહીં અને ભાવનગરના મોઅમીનો રાજી નહતા છતા નારાજ કરીને આવ્યો તેનો આ સજા મળતી હશે.

હ૦ રસુલે ખુદાસ૦ પોતાના કાકા અબુલહબ અને કાકી ઉમ્મે જમીલાને હીદાયત કરતા હતા તેથી તેઓ હઝરતને પથ્થર મારતા અને સખત ઇજા આપતા, તેમજ અમારા છેટેના કાકા મીઠાભાઇ શરીફ તથા અમારી કાકીને અમે હક રસ્તાની હીદાયત કરીએ છીએ તેથી ઇજા આપે છે, હજુ પણ હાથ જોડીને અરજ કરૂંછું કે હવે તમારો આખરી વખત છે મોતનો પેગામ આવી ગયો છે કેમકે દાઢી સફેત થઇ છે માટે ખુદાથી ડરો ઝુલમ છોડો અને આકેબત સુધારો. પછી તમારી મરજી મેં તો મારી ફરજ અદા કરી છે, કેમકે મારૂં કામ હીદાયતનું છે, ખુદા કબુલ કરે.

છેવટે દોઆ કરૂંછું ખુદાવંદા તને અલી અસગર શીરખારનો અને હઝરતે અબ્બાસે અલમદાર અ૦નો વાસ્તો જે શખસ તોહમત મુકે મસજીદને બરબાદ કરે મજલીસ તોડે યતીમોનો ધરમાદાનો અમાનતનો પૈસો ખાય તેને દીન દુનયામાં સખત અઝાબ કર અને આખેરતમાં યઝીદ અને શીમર સાથે હશર કર. ( આમીન કહેશો. )

લી૦ શેવક હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલના સલામ વાંચશો.

ઇસ્નાઅશરી પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

# ખોજા મીઠા શરીફભાઇએ છપાવેલ પોતાનું અઅમાલનામું તેમાં લખેલી તદ્દન ખોટી બાબતોના ટુંકમાં થોડા ખુલાસા.

### ઉપરના ૪ પેજમાં ટુંક જવાબ છાપ્યા પછી કેટલાંક બીરાદરોની ફરમાઇશ થઇ કે ખરા ખુલાસા આ અંકમાં જરૂર છાપશો, તેથી ટુંકમાં વધુ ખુલાસા લખ્યા છે.

મીઠાભાઇ પોતાની ચોપડીમાં લખે છે કે મોમનોના પૈશાથી મુશરીક તેમજ બેનમાઝીને પણ મજલીસમાં બોલાવીને સારૂં સારૂં ખવરાવે છે તેથી પઇશાનો સદ ઉપયોગ થતો નથી. અને પોતે જાહીલનો દાવો કરવા છતાં દાખલો આપે છે કે બે નમાઝીને ખવરાવવામાં સીતેર પયગમબરનું ખુન કરવા જેવું છે. તો મુંબઈ વીગેર ઘણે ઠેકાણે મજલીસોમાં મુશરીક તેમજ બેનમાઝી આવે છે તો શું તેઓ સમજતા નહીં હોય? પણ મીઠાભાઇ જાણતા નથી કે વાએઝ સાંભળી મુશરીક મોમીન થાય, અને બેનમાજી નમાજીથાય, કે હીદાયતનો એજ રસ્તો છે, જેમકે મીઠાભાઇ દુધ, ઘી, વીગેરે હીંદુનું ખાએ છે તે તો ખૈર પણ મશકરીથી લોકોને કહે છે કે હીંદુનું મળે ત્યાં સુધી મુસલમાનનું લેવું નહીં, એવા એવા ખરાબ વીચારવાળા પણ મજલીસમાં કોઇ હોય તે વખતે નજીસ ખાવાની મઝીમ્મત બયાન થાય તો મુકી આપે.

પોતે પોતાના હક હોવાની દલીલ લખે છે કે હાજીને ઘરે ઘણા માણસો મજલીસમાં આવતા તેમાં શું થયું? યઝીદ પલીદની ફોજ ઘણી હતી, અને પોતે થોડા જણ માટે કહે છે કે ઇમામે હુસૈન અ૦ની તરફ થોડા માણસો હતા, વાહ છોટા મુંહ બડી બાત! અફસોસ મારે ત્યાં આવતા સાદાતો આલે રસુલ તેમજ બીજા આકા ઈમામે હુસૈનના સેંકડો દોસ્તો અને મોહીબ્બોને તો યઝીદી બનાવે છે, અને પોતે ઇમામ હુસેન અ૦નો દુશમન મજલીસ તોડનાર હુસેની ફોજમાં હોવાનો દાવો કરે છે ઝાઝા અને થોડાની દલીલ દરેક જગ્યોએ લાગુ પડતી નથી, જો એમજ હોય તો મુબઇમાં આપણા શીઆ ઇસ્નાઅશરી ખોજા હજારો છે અને બાબી ખોજા ફકત આઠ છે તો શું તેઓને હક ઉપર જાણવા? પોતે સાદાતનું દીલ દુખાવે તેની હદીસ લખે છે તો આથી વધારે સાદાતનું દીલ કેમ દુખાય? અને તે લખે છે ફલાણા ઉપર હાજીએ હમલો કર્યો, તે તદન ખોટી વાત છે મેં તેને તો છસો રૂપીઆ ઝીયારત માટે મંગાવી આપ્યા વી૦ પણ મીઠાએ તેઓને સખત ઇજાઓ આપી નોકરી મુકાવી અને મારી સાથે દુશમની કરાવી છે.

લખે છે કે હાજીના બાપને મોમના દાટવા દેતા ન હતા મેં મેહનત કરીને દફન કરાવ્યા અને તે રજા વગર દાટયા તે ગસબી જગ્યો છે. પોતેજ લખે છે કે કાશમશાહની દરગાહમાં ૫૦ ખોજા દફન થયા છે તો ભલા હાજીના બાપને શામાટે અટકાવે? પણ ખરી વાત છુપાવે છે કે હાજીએ લઇ આપેલું કબ્રસ્તાન પોતે વેચી દાદ આપી નહીં તેથી મોમનાઓએ ખોજાઓને દાટવા દેવા બંધી કરી, પણ મને તો ખુદ સઇદાણી બાઇએ મફત રજા આપી, પણ મીઠાભાઇ ફરેબ કરી રૂ૨૫) અપાવતા હતા, છેવટે રૂ ૧૦) મેં આપ્યા, કોઇ નારાજ નહતું.

લખે છે કે કબ્રસ્તાનનો કેસ લડવા હાજીએ કાંઇ મદદ કરી નહીં, પણ જમાતમાં ફાળો કરી સારી રકમ કરી આપી, અને મામદભાઇ મનજીએ ફાળામાં ભરેલી રકમ આપવામાં જરા ઢીલ કરી તેથી મીઠાભાઇએ નાતબાર મુકવા નક્કી કરીને વસુલ કર્યા, જુઠા ઉપર ખુદાની લાઅનત અને ગઝબ.

અફસોસ! તે લખે છે કે ખોજાના મુરદા રખડાવવા હાજીએ કબ્રસ્તાન વેચી નાખવા કહ્યું

પણ હાજી કહે ખરો ? અરે હાજીએ મુરદાની જે નેક દોઆ લીધી તે સર્વે જાણે છે, અને મીઠાએ મુરદાઓની બદદોઆ લીધી તે આખુ અમદાવાદ જાણે છે, હાલ મેં લઇ આપેલાં કબ્રસ્તાનની બાજુમાંજ મીઠાએ વેચી નાખેલ કબ્રસ્તાન છે તેમાં એક ઘુમટ છે, જ્યારે દફન કરવા બીરાદરો જાય છે ત્યારે તડકે બળે છે અને તે છાંયા વાળા ઘુંમટને જોઇને હાયકારો અને નીસાસો નાખી મીઠાને માટે જે શબ્દો કહે છે તે હું લખી શકતો નથી, તમામ જમાત જાણે છે. જુઠા ઉપર ખુદાની લાઅનત.

મારે ત્યાં જે મજલીસમાં આવે તેને લાડવા ખાવા જાઓછો કાં ? એવા મેણા મારી મારીને સતાવે છે, અને લખે છે કે ત્રણ પાઇનું ચોપાન્યું અને ત્રણ આના લીએ છે, પણ પોતેજ વીચાર નથી કરતા કે પોતે કોરટમાં જાય છે, અને આખો દીવસ મેહનત કરે શાક્ષી પુરે વકીલ કરી આપે ત્યારે માંડ દસ કલાકમાં એકાદ રૂપીયો મળતો હશે, પણ પોતે નજરે જોતા હશે કે બાલીસ્ટર બે કલાક ભાષણ કરીફીની પાંચસોની નોટુ ખીસામાં મુકી ચાલતા થાય છે તે કેમ ? તે કાંઇ બે કલાકના પાંચસો નથી ! એતો લીધેલી મેહનત અને સીખેલા ઇલમ અને અક્કલના નાણા છે.

સરવે બીરાદરોને વારંવાર લખે છે ભોળા છે ભોળા છે, તો તે એકલાજ હુશીયાર છે, પણ બળે છે પેટ અને કુટે છે માથુ, એમ કરવાથી શું થાય ? હાજી પાસે રકમ નાણા આવે છે તે તેઓને શું ? ભલે આવે જે જે કામના આવે તેમાં વાપરી સનદ સાથે દરમહીને હીસાબ છપાય છે જેને ભરોંસો હશે તે મોકલતા હશે, હાજી કોઇને જબરાઇ કરતો નથી.

માડાગાસકરવાળા શેઠ મોલુભાઇ કાનજીભાઇ અત્રે ત્રણ મહીના રહી ગયા અને અમદાવાદનો તમામ હાલ જોઇ ગયા, મીઠાભાઇના હસદ દુશમનીથી પણ વાકેફ થયા, વીરમગામ, ભાવનગર, તળાજા વી૦ની સફર કરી હાજીના હાલથી પણ વાકેફ થયા હશે, અને અત્રેથી ગયા પછી હજારો રૂપીઆ ખુમસ ઝકાતના હકદારોને મોકલવા આપવા મોકલે છે અને સાથે લખે છે કે આપને અતરેની જમાત આદીલ જાણીને મોકલીએ છીએ, મીઠાભાઇ પોતે હાજી નાજીની પાછળ લાંબો વખત જમાતની નમાઝ પડતા, અને પડતા નહતા તેઓને તાકીદ કરતા અને પહેલી સફમાં ઊભા રેહતા ત્યારે હાજી સારો હતો પણ કબ્રસ્તાનના રૂપીઆ માગવાથી ખરાબ થયો.

મીઠાભાઇ કબ્રસ્તાન વેંચીને રૂપીઆની દાદ આપતા નથી તેને આશરે ત્રણ વરસ થયા હશે તે ફરીયાદ તે પતાવા માટે દસબાર વખત જમાતમાં ચોવટો ચાલી, છેવટે હાલ ગયા મહીનામાં તેઓએ ચોપડી બાહેર પાડી તે વખતે વીરમગામવાળા શેઠ ગુલામહુસેનભાઇ સીદીભાઇ વી૦ ઓએ અમારી વચે સુલેહ કરાવા મેહનત લીધી તેમાં એવી સમજુતી ઉપર આવ્યા કે મીઠાભાઇ લખી આપે કે મેં મુંબઇની જમાતને અરજી કરી ચોપડી લખી તે મારી ભુલ થઇ પાછી ખેંચી લઊંછું, મેં કહ્યું એમ પણ લખી આપે કે કબ્રસ્તાનના રૂપીઆ મળશે ત્યારે આપીશ, અથવા હું માફ કરી આપું એ સાંભળીને શેઠ ગુલામહુસેનભાઇ તથા શેઠ મથુરભાઇ પ્રેમજી તથા શેઠ વેલશીભાઇ સંગજીએ કહ્યું એ વાત લખાવો નહીં, અને મથુરભાઇએ કહ્યું તમારાથી માફ કેમ થાય ? એ તો જમાતનો હક છે વી૦ તો આ આશું સમજવું ?

કેટલાં સાદાતો અને હીદાયતફંડના મોલવીઓને મસજીદે ઊતરવા મીઠાભાઇની સખત મનાઇ, અને બારગામથી એક મેમણ મીઠાભાઇને ત્યાં કોરટના કામે આવેલ તેને આપણી મસજીદમાં ૩ દીવસ રાખ્યા.

મીઠાભાઇ લખે છે કે અતરેની જમાત હાજીને ઘરે જાય તેનું કારણ જુમાતમાં જોરાવર તે તે (હાજી) ના સગા, તેના પક્ષમાં જે ગરીબ તે લાચાર, જનાબ (હાજી ગુલામઅલી)ની પાસે બાહાર ગામના રકમ નાણા આવે તેથી સારૂ સારૂ ખવરાવેછે, તો જે મોઅમીન જે કામમાં વાપરવાના પૈસા મોકલે તેમાં વાપરૂંછું તેથી મીઠાભાઇ અદેખાઇ કરે છે તો શું ખરાબ ખરાબ ખાવાનું કરી પૈસા વધારીને મીઠાભાઇને આપું ?

મીઠાભાઇ લખે છે હાજીને અલેફ્બે આવડે તેથી આલીમનો દાવો કરે છે પણ **નીમ મુલ્લા ખતરે ઇમાન**, તો ખેર અમો અલેફ્બે પણ જાણતા નથી પણ કેટલાંકના ઇમાનનમાં ખતરો થયો ! અલબત્તા સેંકડો ઇમાની થયા છે, અને થાય છે અને ઇ૦ થશે, ૧૦૬ કીતાબો પ્રગટ કરી છે, કુરઆને શરીફની તફસીરમાં મુજતહેદોના ઊમદા ઊમદા સર્ટીફીકેટ છે તે તમામ અમસ્થા લખી આપ્યા હશે? અફસોસ હસદની કાંઇ હદ પણ રાખી નથી જ્યારે હસદ અને ઝુઠ ઊપરજ કમર બાંધી ત્યારે શામાટે બખીલી કરે ? ! ! !

શેઠ કરમાલીભાઇ અતરે આવ્યા તે વખતે મસજીદના ખરચ માટે અમુક રકમ કરવા કહ્યું, તેથી અતરે ફાળો કરતા બેઆનાથી એક રૂપીઓ મહીના સુધી બીરાદરોએ લખાવ્યા તે રૂ ૧૦ નો મહીનો થયો, તેમાંથી રૂ ૫) નોકર અલીભાઇને અપાય છે, અને બાકી તેલ બત્તી અને રીપેર માટે છે, હવે તે ફાળામાં મીઠાભાઇએ દર મહીને આઠ આના લખાવ્યા છે પણ મસજીદના માણસને આપતા નથી અને કહે છે આવ્યા કેહજો જેમકે થોડા દીવસ થયાં મારે ત્યાં ભાવનગરવાળા શેઠ દાઊદભાઇ પીરભાઇ દેવજીભાઇ બેઠા હતા, તે વખતે અલીભાઇએ કહ્યું રૂ ૫)નો મહીનો ઠરાવ્યો પણ રૂ ૪.। મળે છે રૂ ॥ મીઠાભાઇ આપતા નથી તેમ જાહેર કરવા દેતા નથી પણ ખુદા હાજી ગુલામઅલીનું ભલું કરે કે મારૂં પુરૂ કરે છે.

એક મરસીયેખાન આગળ આવેલો એ ચાર દીવસ મજલીસમાં મીઠાભાઇએ પડાવ્યો હવે તેણે જતી વખતે કાંઇ માગ્યું તો કહ્યું જેટલા મરસીયા સંભળાવ્યા તેથી બમણા અમો સંભળાવીએ એટલે સરખું થશે. હાલ જનાબ મીર આગા સાહેબના ભાણેજ મરસીયેખાન આવેલા તેઓને ભાવનગર જવું હતું મેં ટીકીટના રૂપીઆ આપ્યા, ત્યાં મીઠાભાઇએ એક એક મજલીસનો એક એક રૂપીઓ ઠેરાવી તેની પાસે ત્રણ મજલીસ પડાવી, પછી તેણે રૂપીયા માગ્યા તો ચાર પાંચ દીવસ રૂડાડીને કાંઇ આપ્યું નહીં, તેથી તે સઇયદઆલે રસુલે ઘણી આજીજી કરી તો બે આના આપ્યા. તેથી તે સાદાત આલે રસુલ રોવા જેવી સુરત બનાવી મારી પાસે આવ્યા હવે મીઠાભાઇ સમજે કે સાદાત સાથે દુશ્મની કરવાની હદીસ કેના માટે લાગુ પડે છે ? પછી તે સઇયદને હ૦ અબ્બાસ અ૦ના નજરના રૂ. ૩) મેં આપીને વીદાઅ કર્યા.

આતો ઉપર ઉપરની બાબતો છે બાકી ગામના મોઅમેનોના તેમ બીજાના સેંકડો રૂપીયા લઇને આપતા નથી અને કેટલાંક ઝાર ઝાર રડે છે સગા ભાઇ ઉપર સખત ઝુલમ કર્યા વી૦ લખવાથી કાંઇ કામ નથી.

મીઠાભાઇએ મુંબઇ અરજી કરી તેમાં સહી કરનાર કેટલાંકને મેં પુછેલું તમોએ ખોટી સહી કરી તો ખુદાથી ડર્યા નહી ? તો જવાબ આપ્યો કે તે ઝાલીમ છે, અમોને ચેતથી રળી ખાવા આપે નહીં શુ કરીએ લાચાર, તમો સમજુછો માફ કરો. નથુભાઇ ગીગા તથા હીરાભાઇ ધરસીએ કહ્યું અમને એવી ખબર નહતી મામદ મનજી ભીમજીએ કહ્યું મે સહી કરી નથી તેમ મારી રજા લીધી નથી. ગુલામઅલીભાઇ કાનજી ઝવ્યાર મુસાફર ખુદાની રહમતે પહોંચ્યા તેને મીઠાભાઇ બીમારીમાં જોવા તો આવ્યા નહીં પણ મય્યતમાં પણ આવ્યા નહીં એ છતાં કે મીઠાભાઇએ જનાબ જલાલશા સાહેબને મોહરમમાં જે રૂપીઆ આપ્યા તેમાં મરહુમ ગુલામઅલીભાઇએ પણ રૂ.૧૦ આપ્યા છે, તેનો કસુર એજ કે હાજીનો દોસ્ત !

મીઠાભાઇને કેટલાંક પુછે છે કે હાજી ઉપર આવા તોહમત નાખવાથી શું ફાયદો ? તે કહે છે તેની ફજેતી થશે ઇજ્જત જશે, અને મને તો ઇજ્જત નથી મારી પાસે જેટલી ઇજ્જત હતી તે હાજીને ઘરે મેકલી આપીછે.

મીઠાભાઇ તથા બીજો એક જણ મળી બે જણ દુશમની કરવામાં શામીલ છે પણ તે બીજો જાહેરમાં આવતો નથી તેથી અમો પણ તેને જાહેર કરતા નથી.

મુંબઇની જમાતને મેં લખ્યું કે અત્રે બે માણુસ તપાસ કરવા મોકલો તો હક નાહક

જાહેર થાય, અને જેનો કસુર હોય તે ખરચ આપે, પણ હજુ કાંઇ જવાબ નથી, જરૂરત ધારતા નહીં હોય.

એવા એવા ઝુલમ અમારા ઉગર થયા છતાં અમો સબર કરતા અને જાહેર કરતા ન હતા પણ ઝાલીમનો ઝુલમ કયાં સુધી છુપો રહે ? ઝાલીમે પોતાનો ઝુલમ ખુલ્લો કરવા ફરજ પાડી તેથી લાચાર.

આપ દોઆ કરો કે મીઠાભાઇને ખુદા હીદાયત કરે કે તે પોતાનો આખેરી વખત સુધારે અને મસજીદના ધણી થઇ બેઠા છે તે મુકી સરવેને સરખો લાભ આપે, કોઇ પુછે કે શેઠ કરમાલીભાઇએ વકફ કરી છે હવે શું હરકત છે? તો જુવો પાંચ ટ્રસ્ટી નેમ્યા તેમાં જે કામ કરવુ તે વધુ મતે પાસ કરવાનો ઠેરાવ થવો જુવે તેના બદલે એકમતે પાસ થાય એવી કલમ નખાવી, અને એવીજ જરૂર પડે તો શેઠ કરમાલીભાઇને પુછાવવુ તેઓ જે મત આપે તેમ કરવું, પણ તે હર વખત કયાંથી બની શકે? જેમકે શેઠ કરમાલી ભાઇ મસજીદ વકફ કરીને મુંબઇ ગયા, તે વખતે મસજીદે પાટીઓ ચોડેલુ, તે જોઇ ખોજા શીવાય બીજા શીઆહ નમાઝ પડવા આવતા અચકાણા અને પાટીઓ કઢે તો આવવા મરજી બતાવી, ચાર ટરસ્ટીનો મત થયો કે પાટીઓ કાઢી નાખવુ અથવા સુધારવું, પણ મીઠાભાઇ મતમાં મળ્યા નહીં, કામ અટકી પડયું, શેઠ કરમાલીભાઇને મુંબઈ લખ્યું, પણ શેઠને જવાબની ફુરસત કયાંથી ? લાંબી મુદ્દતે શેઠ મથુરભાઇ મુંબઇ ગયા ત્યારે શેઠને રૂબરૂ મળી લખાવીને લાવ્યા કે પાટીઆમાં સુધારો કરો, તો વીચારો ઘડી ઘડી મુંબઇ કોણ જાય ? આમાં મીઠાભાઇને એમકે જો વધુ મતે પાસનું રાખશે તો ૪ મત એક થઇ મને ટરસ્ટીમાંથીજ દુર કરશે.

હવે આ મસજીદમાં ફકત બે કે ત્રણ જણ નમાઝ પડવા જાએ છે, અમો જતા નથી, ગઇ ઇદને દને મસજીદમાં નમાજમાં ત્રણ જણ હતા, બાકી બીજા મોમન હીંદુસ્તાની વી૦ વી૦ ૬૦ થી ૭૦ જણ મારે ઘરે નમાઝ પડવા આવ્યા હતા, વીચારો આપણી મસજીદ હોવા છતાં આપણા ભાઇઓ તથા બીજા શીઆ તે મસજીદમાં નમાઝ પડવા નથી જતા તેનું શું કારણ હશે ?

મીઠાભાઇની એક સારી વાત પણ જાહેર કરૂં છું કે જ્યારે મારૂં લખાણ મુંબઇ ગયું કે મીઠાભાઇએ મસજીદની મજલીસના વારા તોડયા છે વી૦ અને બે માણસ તપાસવા મોકલો, તો મીઠાભાઇએ ઝટ કોશીશ કરીને કેટલાંકને સમજાવીને મજલીસના વારા કરી જુમેરાતે મસજીદમાં મજલીસ કરવી ચાલુ કરી તે સાંભળી મેં મારા ઘરે જુમેરાતને બદલે બુધવારના મજલીસ રાખી. કે કોઇને હરકત ન પડે.

અફસોસ મીઠાભાઇ લખે છે હાજીને કયામતનો ખોફ નથી, તો ખોફ છે કે નથી તે ખુદા ખુબ જાણે છે, પણ મીઠાભાઇ કોઇ કોઇ વખત કહે છે કે કેને ખબર કયામત છે કે નહીં ? તો જેને કયામતમાંજ શક હોય તેને શામેળનો ખોફ હોય?!!!

આશરે બે વરસ થયા ધોલેરાવાળા શેઠ. છગનભાઇ તલકશીભાઇ મીઠાભાઇ પાસે લેણા રૂપીયા જે આપતા નથી તે માટે અથવા બીજા કામ માટે આવેલા તે વખતે મને કહ્યું તમો તમારે ત્યાં મજલીસ કરોછો પણ મને બીક લાગે છે કે તમોને ઇસપીતાલમાં જવું પડશે વી૦ મેં કહ્યું મારા આકાને કેદમાં જવું પડયું તો મને ઇસપીતાલમાં જવું પડે તો શું થયું ?!!! જેની મજલીસ છે તેજ મદદગાર છે.

ખુદાના લાખો શુકર કે મીઠાભાઇ વખતો વખત ફીતના કરે છે પણ કુદરતી સજા પણ મળતી જાય છે, તેમાં કેટલીક વખતે એમ પણ બન્યું કે અમારી સાથે તકરાર કરવા આવ્યા અને ખુદાએ વીછીને મુસલ્લત કર્યો તેથી તેઓના ઘરમાં કોઇને પણ એના તકરારને વખતે વીછી કરડયો તરત તે ઉતરાવવા વી૦ માં મશગુલ થયા અને અમારો પીછો મુકી આપ્યો.

ખુદાની મહેરબાનીથી વખતો વખત દેસાવરવાળા ઘણા સાહેબો અત્રે આવે છે અને

અતરેના હાલથી વાકેફ થઇ જાય છે તેથી વધારે લખવાની જરૂરત પણ નથી.

મીઠાભાઇ લખે છે કે હસન ધારશીની ઘરવાળીનો લાશ રખડી નથી અને તે વીશે તેના ભાઇ યુસુફઅલીને મસજીદમાં નોકરી રાખવાની લાંચ બતાવી સરટીફીકટ લખાવીને છાપ્યું, પણ લાશ રખડવાની નીશાની મવજુદ છે કે પોતે લખે છે કે પીર કાસમશાની જગ્યોમાં પચાસ ખોજા દફન થયા છે, તો આ બાઇને ત્યાં દફન ન કરતા ઘણે છેટે બંગડીઆપીર કે ત્યાં ઇસ્નાઅશરી ખોજાની એક પણ કબર નથી ત્યાં કેમ દફન કરા !

મીઠાભાઇ લખે છે. કે હાજીનું લખવું કે આપણા લોકોને દફન કરવા ઘણી મુસીબત પડતી તે તદન ખોટું છે, કેમકે પીર કાસમશાની જગ્યોમાં અમુક રકમ ભાડાની આપી દફન થતા, તો જાણવું કે કાસમશાવાળા આઠ આનાનો ઇસ્ટાંપ મંગાવીને તેમાં લખાવ્યા પછી રજા આપતા, સાંજે મર્યીત થાય તો સવારે ૧૧ વાગે ચવટેથી ઇસ્ટાંપ લાવીને આપ્યા પછી રજા મળતી, કેટલોક વખતે રજા માટે એ માઇલ છેટે જમાલપુર રજા લેવા જવું પડતું, તો આથી વધારે કઇ મુસીબત હશે ? જુઠા ઉપર ખુદાની લાઅનત અને ગઝબ !

મીઠા શરીફનો ચોપડી લખવાનો હેતુએવો હતો કે જ્યાં જ્યાં તેનુ અમલનામુ જાશે ત્યાં ત્યાંવાળા બીરાદરો હાજી નાજી પ્રત્યે વહેમમાં પડી જશે, પણ એમ ન થતાં લેનેકો ગઇ પુત ખો બેઠી ખસમ કહેવત મુજબ થયું અને વહેમમાં પડવાને બદલે તારીફ કરવા લાગ્યા ખુદા જેની ઇજ્જત રાખવા ચાહે તેને કોઇ પણ ધકકો પહોંચાડી શકતુ નથી તેઓનું લખાણ વાંચીને બીરાદરો બરાબર સમજી ગયા કે હસદ અને અદેખાઇ શીવાય બીજું કાંઇ નથી, સાચા થવા ગમે તેવા કસમ અને લાનતુ લખી પણ ખોટું કદી સાચુ થાય ખરૂં ?

અને મીઠા શરીફનો પુરેપુરો તોલ કરી ચોખો હીસાબ આના પાઇ શીખે મોકલી આપ્યો જે આ સાથેના પત્રોથી રોશન છે, અને બીજા પત્રો આવનાર છે તે ઇ૦ હવે પછી.

હાસલ કલામ અમોને જરા પણ ફુરસત નથી કે અવા વાહીયાત કામમાં વખત રોકીએ પણ જ્યારે અણધારી બલા આવે ત્યારે તે દફે કરવા લાચારીથી વખતનો ભોગ આપવો પડે છે.

**વસ્સલામો અલાએમનિત્તબેઅલહોદા.**

(સલામ થાય ઉપર એની કે જે હીદાયતને તાબેથાય.)

## મુંબાઇનો પત્ર.

શેઠ રેમતલાભાઇ અલીદીનાભાઇ મુંબઇવાળા આશરે દોઢ વરસ થયું અમદાવાદમાં આવેલા તે વખતે અતરે શેઠ કરમાલીભાઇ પીરભાઇ પણ આવેલા તે વખતે એ બન્ને સાહેબોની રૂબરૂ અતરેવાળાએ વાત કરીકે હાજી ગુલામઅલીએ રૂ ૩૦૦) શેઠ કરીમભાઇ કાસમ પાસેથી મંગાવાને કબ્રસ્તાન લઇ આપેલુ તે મીઠાભાઇએ રૂ ૪૦૦ માં વેચી નાખી દાદ આપી નહીં વી૦ અને મીઠા શરીફે પણ કબુલ કરી અમુક રકમ શેઠ કરમાલીભાઇને આપવા કબુલ કરેલ છતાં આપી નહીં તો તે બાબે મેં આ શેઠને લખ્યું કે મુબઇમાં કોઇ પુછે તો ખુલાસા સાથે કહેવા તસદી લેશો વી૦ વી૦

આના જવાબમાં તેઓ તા૦ ૪-૭-૭ ના કાગળમાં લખે છે કે અમોને જે કોઇ આવીને પુછશે તેને તમામ હકીકત કહેશું, અને તમારી રીતભાત તથા તમારી ચાલ ચલણ તથા તમારી આપણા શીયાહ મઝહબ તરફે સારી ખંત નેક ઇમાનદારી આખી જગતમાં પ્રખ્યાત છે, ગઇ સાલે અમે તમારી તરફ હવાપાણી ફેર બદલ કરવા સારૂ માસ ત્રણ અમદાવાદમાં રહયા છીએ તે વખતે તમારી ઉપલી બાબતો જોઇ હમોને તમારા ઉપરે પુરેપુરી ખાત્રી થઇ ગઇ છે જેથી અમદાવાદમાં બે ચાર જણ જે તમારી સાથે દુશમની કરે છે તે તદન ખોટા ગેરરસ્તે અને દીનથી તેઓ તમારી સાથે ઉલટા વરતે છે જે હમો બરાબર નજરે જોએલ છે, એવા મુનાફેકો તમારી સાથે ગમે તેમવરતે તો પણ તમોને બીવાનું કશું કારણ નથી, અને આપણી ખોજા નાતને તમારી ઇમાનદારી અને શાનની બરાબર ખબર છે અને હમો હમારી આંખે તમારી રીતભાત જોએલી

છે, અને બીજુ કબ્રસ્તાન અમારી રૂબરૂ આપણી જમાત વાસ્તે તમેએ ખરીદ કરવા વાસ્તે જે તકલીફ ઉઠાવી છે તેનો બદલો ખુદા પાક તમોને દુન્યા અને આખેરતમાં ઇનશાઅલ્લાહ જરૂર આપશે

લી૦ રેમતલ્લા અલીદીનાભાઇના ઘણા ઘણા હેતથી સલામ વાંચજો.

## કચ્છ મુંદરાથી એક સાહેબે મુંબઈની જમાત ઉપર મોકલેલ અરજી.

કચ્છ મુંદરા તા૦ ૧૫-૬-૭

શ્રી મુંબઇની ખોજા શીઆ ઇસ્નાઅશરી ની જમાત,

જોગ હું નીચે સહી કરનાર મુંદરાનો ખોજા શીઆઇસ્નાઅશરી, આપ જમાત પાસે નમ્રતાઇથી અરજ ગુજારૂ છું કે મારા સાંભળવામાં આવ્યું કે અમદાવાદવાળા હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ ઉપર ત્યાંના ખોજા મીઠાભાઇ શરીફે આપ જમાત આગળ કેટલીક બાબતો લખી અરજી કરી છે તે બાબે અને જેટલુ અનુભવ છે તેટલુ તો નહીં પણ એક બાબત ફકત ખાત્રી કરવાને બસ થાશે.

સન ૧૯૦૫ ના જુન તા૦ ૫ નો હું કરાંચીથી અમદાવાદ આવેલ તે વખતે હાજી ગુલામઅલી કરબલા ઝીયારત સારૂ ગયા હતા મેં ઉતરવાનું મકાન શીયાની મસજીદવાલી મેહફીલમાં રાખ્યાઉં અને આવ જાવ વગેરે હાજી ગુલામઅલીના ભાઇ અલાદીન અને ઘણું કરી મહમદઅલી પાસે હતી, તે હું આવ જાવ કરૂં તેની ખબર મીઠાભાઇને પડી તેથી જુન મહીનાની ગરમીમાં તીઆંના ગુસલખાનાને તાળો મારી આપીઉં, ગમે તે તેમાં ગુસલ કરે પણ હાજીને ત્યાં જે આવે તે અને હાજીના કુટુંબ તેમાં ગુસલ ન કરે એવો તેનો હુકમ, તીઆંના દરવાની અલીભાઇના કેવાથી સાંભળીઉં, તારબાદ મેં જાતે મીઠાભાઇને સાથે મુલાકાત કરી ગુસલખાના બાબે માંગણી કરી તો તેણે ગણી મેહનતે મને મુસાફર જાણીને અને મને નદી ઉપરે ગુસલ કરવા જવાની હીમ્મત નથી એમ જાણીને માંડ માંડ રજા આપી, એ સીવાય બીજા વધું પુરાવા જુવે તો છે, એ મસજીદમાં કચરો વી૦ ની વાત તો શું ? પણ હુરમત પણ રેતી નથી તેમ આંખે જોએલ છે તેનો ખુલાસો જરૂર અમદાવાદવાળા મુતવલ્લી કરશે, હુંછું તમારો વીસવાસુ

લી૦ હાજીઅબદલ્લા હાજી જાનમાહમદ

વળી કચ્છ મુંદરવાળાની અરજ.

"નાજી" અરજ કરે છે કે મીઠા શરીફભાઇ લખે છે કે હાજી ગુલામઅલી મસજીદને વીરાન કરે છે પણ શેઠ હાજી અબદલ્લાભાઇના લખાણથી વીચારો કે કોણ વીરાન કરે છે ? મીઠાનો કેટલો જુલ્મ છે? મસજીદમાં જઇએ તો ફીતના કરે, અને છેટે રહીએ તો બદનામ કરે ! અફસોસ નાજીના લખાણથી કેટલીક જગ્યોએ મસજીદ થયા અને નાજીને મસજીદનો લાભ લેવાના શાંધાં.

## નેકનામ મહેરબાન જનાબ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ સાહેબ દામ ઇજ્જતહુ.

લખવાને ખુશી હાસીલ થાએ છે કે આપ સાહેબ અમદાવાદમાં આવ્યા ત્યારથી તમારે ઘરે મજલીસો કરોછો તેમાં અમો તથા સરવે લોકોને માનથી બોલાવોછો તેથી અહલે બૈતની મહોબ્બત દીન પરદીન વધતી જાય છે અને દીન ઇસલામ સંબંધી કીતાબો પ્રગટ કરી અમોને હીદાયત કરોછો અને ગુમરાહીમાંથી મારા જેવા ઘણાને હક રસ્તે લાવોછો ટુકામાં એટલુંજ કે આજે હું જે કંઇ મઝહબ જાણું છું તે આપની કીતાબો દુરરે બેબહા વીગેરેથી અને વાચજો થઈજ છે, તે બાબે હું આપનો અનહદ એહસાન માનુંછું.

મીઠા શરીફે ઉછાંછળાપણાથી જે ચોપડી છપાવી તેમાં તમારા બાપને તમોએ રજા વીના દાટવાનું લખ્યું છે તે તદન ખોટી વાત છે.

તમોએ તમારી કોમ માટે કબ્રસ્તાન લઇ આપેલું તે મીઠા શરીફે વેચી નાખ્યું તે અંતરેના સુન્ની અને શીયાહ સરવે જાણે છે, તો જ્યારે પોતાની જમાતનું વેચી નાખ્યું ત્યારે બીજાના માલેક થઇ જાય તેવા દહેશતથી મોમના લોકોએ ખોજા લોકોની લાશો નહી દાટવા દેવાનો નિશ્ચય કીધો. પણ તમારા બાપની

લાશને દાટવા ખુશીથી રજા આપી છે તેમાં શક નથી, તમારી લીયાકત અને ચાલ ચલણુ એવો છે કે અગર તમો બીજા કોઈ માટે શીફારીસ કરો તોપણ દાટવા માટે કોઇ મના કરે નહીં, પણ મીઠા શરીફે ફકત હસદના લીધે ખોટી બીના લખી છે તેથી તમારી આબરૂ હલકી પડતી નથી, એ શીવાય તમારી બદનક્ષી લીશે જે હકીકત મીઠા શરીફે છપાવી છે તે સુરજ ઉપર ધુળ નાંખવા સમાન છે, મીઠાશરીફે મસજીદમાં પાટીઉ ચોડેલુ તેથી તેમજ વખતો વખત અમો વીગેરેને તાના મારતા હતા તેથી ઇદની નમાજો જમાલપોર વી૦ના મોમના તથા અમો તથા હીંદુસ્તાનીઓ વીગેરે તમારે ઘરે પડીએ છીએ, તમે જાતે ઘણા લાયક આલીમ અને પરહેજગારછો તેથી મીઠા જેવાથી દેખી શકાય તેમ નથી તેમાં તમારી શી કસુર ?

તમારે ઘરે મજલીસોમાં આવનાર સેંકડો મોઅમીનને મીઠા શરીફે યઝીદની કોમની ઉપમા આપીને પોતાની ચોપડીમાં ચીતરેલ છે તેથી સરવેની લાગણી સખત દુભાવી છે.

તા. ૭ જુલાઇ ૧૯૦૭ રવીવાર.

લી. ફીદવી મોમના નુરમહુમદ વજીર મુસે
અમદાવાદ.

# બિસ્મિલ્લાહિર રહેમાનિર રહીમ☼

## જનાબ હાજી ગુલામઅલી સાહેબ દામ ઇકબાલોહૂ.

હમને સુનાહૈકે ખોજા મીઠાભાઇ શરીફભાઇ જો અકસર આપકો અઝીય્યત દીયાકરતે હંય ઓર હસદ કરતેહંય ઉન્હુંને આપકે ખીલાફે શાન કુછ લીખકર છપવાયાહય બલકે આપકે વહાં જનાબે સય્યદુશશોહોદા રૂહના લહુલ ફીદાકી મજલીસમેં આનેવાલે સેંકડો મોઅમેનીન ઔર ખાસ કરકે સાદાતકે દીલકો અઝીય્યત પહોંચાને વાલે અલફાઝસે તાઅન દીયે હંય યાઅને આપકેયહાં મજલીસમેં બોહોત લોગ આતે હંય વોહ દેખકર હસદસે ઉન સબ અઝાદાર સોહીબએ અહલેબૈતે અતહારકો યઝીદકી કૌમ લીખા હૈ, ઔર ખુદ ઓર ઉસકે દો તીન મદદગાર જો આકા ઇમામે હુસેન મઝલુમે કરબલાકી મજલીસ તોડતે હૈં ઉન્કો ઇમામે હુસેન અ૦ કી ફૌજ લીખા હૈ, ઇસ બાતસે ઇન હઝરાતકો બોહોત સદમા ઔર નાગવારે ખાતેર હુવા હૈ, લેહાઝા હમ સહી કરને વાલે યેહ ચંદ કલેમે જો હક હંય વોહ લીખતે હંય ઉસે આપકે અખબારે **"શાહેનજાત"** મેં છાપ દીજીયે તા દુસરે શહરોંકે મોઅમેનીનકો હકીકત મઅલુમ હો

કરીબ દસ બરસ હુવે આપ અહમદાબાદમેં આકર દીન ઇસલામકી તરકકીમેં અઝહદ કોશીશ કરતે હો, આપને આપ લોગોંકી મસજીદમેં મજલીસ કરના શુરૂઅકી, ઔર તમામ લોગોંસે ખુશ ખુલ્કી ઔર મુરૂવ્વતસે પેશ આનેલગે ઇસ વજહસે મજલીસમેં બહોત કસરત હોને લગી, મગર મીઠાભાઇને હસદ ઔર બુગઝકે સબબ મજલીસકો તોડનેકી કોશીશ કી યહાંતકકે હમ લોગોંકો ઝિલ્લત દેનેમેં ઔર હમસે ખીલાફે મુરૂવ્વત ચલનેમેં કોઈ દકીકા ઉઠા નરખા, ચુંકે મસજીદ આપ લોગોંકી ઔર વકફભી નહુઇથી ઔર મીઠભાઇને તખ્તીભી લગાઇથી વગયરા વગયરા સબબસે હમને મસજીદમેં જાના તરક કીયા ઔર આપકે યહાં આતે હંય.

મોહર્રમમેં હમેશાસે મસજીદમેં અસરકો મજલીસ હોતી હય ઔર આપકે યહાં સુબહકો હોતીહય, ઔર આપ સબસે મોહબ્બત ઔર શફકતસે પેશ આતેહંય ઔર ચાર પાંચ ઝાકીર પડહતે હંય ઇસ સબબસે આપકે યહાં ચાર પાંચસો સાહેબ મજલીસમેં આતેહંય ઇસસે મીઠાભાઇ આપકે યહાંકી મજલીસ તોડનેકો હર બરસ કોસીશ કીયા કરતેહંય, મગર અલહમ્દોલિલ્લાહ જીસ બુઝુર્ગવારકી મજલીસ કરતેહો વોહી આકા આપકી નુસરત ફરમાતે હંય ઔર રોઝ બરોઝ તરક્કી હોતી હય.

ઔર ઇસ માહે રમઝાનકી ૨૧ વીં રાતકો આપકે યહાંકી મજલીસ ખતમ કરકે હમ અપને મકાન ગએ ઔર આપ મસજીદમેં ગએ વહાં મીઠભાઇકે લડકે વગયરાને આપસે જો

બદ સેલુકી કો વોહ સુનકર હમકો અઝહદ સદમા હુવા, ઔર હમને સુનાકે આપને જો કબ્રસ્તાન લે દીયાથા વોહ મીઠાભાઇને બેચડાલા જૈસાકે આપકી જમાઅત વાલે કહતેહયં ઔર ઉસકે સબબ આપ લોગોંકી મઇય્યતકો દફન કરનેમેં તકલીફ હોતીથી ફીર આપને દુબારા કોશીશ કરકે કબ્રસ્તાન લે દીયા હય ખુદા જઝાએ ખેરદે.

ઔર મીઠાભાઇ લીખતેહય કે આપકે વાલીદકી મઇય્યતકો મોમના લોક દફન હોને ન દેતેથે યેહ બાત ગલતહય ક્યું કે આપકે વાલીદકી મયિયતમેં હમમેસે અકસર શરીક થે કીસીને મુમાનેઅત નહીંકી હય, ઔર આપકી મુરવ્વત ઐસીહય કે અગર આપ ઔર કીસીકે વાસ્તે સીફારીશ કરો તો ભી કોઈ દફન કરનેકો મના ન કરે, યેહ તો આપ કે વાલીદકી ગઇયીતથી. ઝીયાદહ કયાલીબે હમેશાસે ઉસ્તરહ સબ્ર કરતે આએહો ઇસીતરહ સબ્ર કીજીયે ક્યું કે— શેઅર—

**યેહી સમજહકે મેરા દીલ કરાર લેતાહે=કેચુપકી દાદ ગફુરૂર રહીમ દેતાહે.**

સૈયદ ખાદીમહુસેન વલદે સઇયદ મીર મહદીહુસેન
સઇયદ અસગરઅલી વલદે સઇયદ મીરનસાહેબ
સઇયદ બાકેરહુસેન વલદે સઇયદ અસગરઅલી
સઇયદ આગાહુસેન વલદે સઇયદ અહમદઅલી
મીરઝા અલીહુસેન વલદે મીરઝા હુસેનઅલી
સઇયદ અચ્છેસાહેબ વલદે મીરઝોહૂન
સઇયદ ઝકીહુસેન વલદે સઇયદ કાઝીમહુસેન
સઇયદ બન્ને સાહેબ વલદે સઇયદ કાઝીમહુસેન
મીરઝા અકબરહુસેન વલદે મીરઝા ઇનાયતઅલી
સઇયદ અસગરહુસેન વલદે મીર મહદીહુસેન
બહાદુરખાન વલદે હૈદરખાન
સઇયદ મોહમ્મદ મીર વલદે આગામીર
સઇયદ ઝામીનહુસેન વલદે મીર મહદીહુસેન
વાજીદખાન વલદે હસ્સુખાન
સઇયદ ઝામીનહુસેન વલદે મીર ફીદાહુસેન
મીરઝા અમીરહુસેન વલદે મીરઝાહુસેન
સઇયદ બાકરહુસન વલદે સય્યદહુસેન
અબ્દુલ્લાહ વલદે મોહમ્મદ
ફઝલે હુસેન વલદે ઝોહુરહુસેન
ઇમામખાન વલદે મહબુબખાન
અબદુલહુસેન વલદે અબદુલ્લાહ
ખાનમોહમ્મદ વલદે કાદેરબક્ષ
કરામતુલ્લાહ વલદે અઝીમુલ્લાહ
ઝવ્વારહુસેન વલદે અમીરઅલી
વીલાયતહુસેન વલદે અમીરઅલી
મોહમ્મદખાન વલદે ઝોહુરખાન
મુન્નાશા વલદે હુસેનબક્ષ

અહમદઆબાદ તા. ૨૪ જમાદીઉલ અવ્વલ સન ૧૩૨૫.

બમારદી તા૦ ૬—૭—૧૯૦૭

**નેકનામદાર નેકીના કરનાર મેહરબાન જનાબે આલી મુરબ્બી સાહેબ હાજી ગુલામઅલી હાજી ઇસ્માઇલ સાહેબ. મુ૦ અમદાવાદ.**

સલામ બાદ અમો નીચે સહી કરનારાઓની જનાબે આલીમાં અરજ કરવાની કે એક ચોપડી ખોજા મીઠાભાઇ શરીફભાઇએ છપાવી બહાર પાડેલ છે તેમાં આપ સાહેબની બાબત દવેશ ભાવથી જેજે લખાણ કરેલ છે તે વીશે અમારે બે બોલ લખવાની જરૂર પડી છે તો મેહરબાની કરી આપના ચાલુ રાહેનજાતમાં છાપવા મેહેરબાની કરશોજી.

સરવે મોમનીનની ખીદમતે શરીફમાં નમ્રતાપુર્વક અરજ એછે જે ખોજા મીઠાભાઇ શરીફભાઇએ લખેલ છે કે હાજી સાહેબે અમારા ઉપર દવેશ ભાવથી લખેલ છે તોતે વીશે લખવાનું કે હાજીસાહેબ કોઇની ઉપર દવેશ ભાવ રાખતા નથી તેમ તેમનામાં એવી કોઇ પણ બાબતની આદત નથી અને ઘણા વરસોથી હાજીસાહેબનો અમને ખરેખરો અનુભવ છે અને પોત પોતાના દીલોજાનથી ને માલથી ઘણી તેહમત ઊપાડી દીનના કામમાં એટલી તો કોશીશ કરે છે કે જેની હદ નથી.

પોતે દીન ઇસ્લામ બાબતમાં ઘણી મેહેનતથી અને જેહમતથી જે જે કીતાબો દીન સંબંધી તથા જેજે ચોપાનીયા અત્યાર સુધી બહાર પાડે છે તેનાથી આપણા દીની ભાઇઓને ઇમાનમાં એટલો વધારો થયો છે અને થાય છે તે લખી શકવા અમોને શકતી નથી.

હાજીસાહેબની મેહનતને લીધેથી દીન ઇસલામને એટલી કુવ્વત મળી છે તે આપ સાહેબો સરવે જાણો છો તે લખવા જરૂર નથી.

તેમજ હાજીસાહેબની પાસે બહાર દેશાવરેથી મોમીન ભાઇઓ જે કારેખેરની અંદર જે નાણા વાપરવા મોકલે છે તે નાણાનો ઉપયોગ હાજી સાહેબ બરાબર કરે છે તેમાં કોઇ પણ જાતની ખામી જોવામાં આવતી નથી પણ કોઇ પણ સાહેબ હાજીસાહેબની ઊપર ખોટુ બોહતાન મુકે છે તે સાહેબ પાક પરવરદીગારના ગુનાહમાં ગીરફતાર થાય છે અને પોતાનુ' આકેબત બીગાડે છે, તો જે સાહેબોને એવી પારકી ખોદણી કરવાની આદત પડી હોય તો પરવરદીગાર પાસે પોતાની થયેલી ખતાની માફી ચાહી તોબા કરી પોતાની ભુલ સુધારશે.

મીઠાભાઇના લખાણથી હાજીસાહેબને પારાવાર રંજ થયો હશે તો તે બારામાં અમારી હાજીસાહેબની ખીદમતમાં અરજ એ છે કે જે માણસ સુરજ સામે ધુળ ઉડાડે તેમાં કાંઇ સુરજને હરકત થતી નથી પણ પોતાની આંખમાં પડે છે તો પોતાને તેનું દુ:ખ સહન કરવુ પડે છે માટે તે વીશે રંજ ન રાખતા આપ સાહેબ જે દીન સબંધી કામ કરોછો તેજ પ્રમાણે મેહનત લઇ કરવા ભુલશો નહીં' તેથી કરી પરવરદીગાર અપના કરેલા કામનો બદલો આપશે.

પરંતુ આપને લીધેથી આ દુનીયામાં અમોને તથા બીજા બીરાદરોને જે જે હક રસ્તો મલ્યો છે ને દીન કાયમ થયો છે તેનો બદલો અમારાથી આપને આપી શકવાની શકતી નથી.

પરંતુ તે બાબત શખો રોજ માલીકે પાકની જનાબમાં દુઆ કરીએ છઇએ કે હમેશા આપ સાહેબની ઉમ્મરમાં વધારો કરે અને નેક તોફીક આપે અને રંજ થતો દુર કરે અને આબરૂમાં વધારો કરે અને દીન ઇસલામના કામ આપને કરવાની હીમ્મત આપે એવી હમારી દુઆ છે ( ઇલાહી આમીન )

મીઠાભાઇ શરીફના લખાણનો પુરેપુરો આપના તરફનો રદીયો તુરતમાં મલવા હમો આતુર છીએ અને તેના લખાણ તેને પાછા ખેંચી લેવા લખી ચુકયા હશો જે વિગતવાર રાહેનજાતના ચાલું અંકમાં તપસીલવાર છાપી દોસ્તોના દીલ ખુશ કરી દુશ્મનના કલેજાને હક વાતથી વધારે અગ્ની પહોચે તેમ કરશોજી. ઇલાહી આમીન. તા૦ સદર દ૦ ખાકસાર.

| | |
|---|---|
| ખોજા શંગજી ડાયાની સઇ દા, પોતાના. | ખોજા અલીભાઇ મામદની સઇ દા. પોતાના |
| કાસમ તુરમામદની સઇ દા. પોતાના | ખોજા છગન મામદની સહી દ. પોતાના |
| ખોજા નજરઅલી સંગજીની સઇ | ખોજા નીમજી દેવજીની સઇ. |
| ખોજા ખીમજી જીવરાજની સઇ | ખોજા નાનજી ચાણદજીની સઇ દા. પોતાના |
| ખોજા શરીફ કાશમની સઇ દા. પોતે | ખોજા માવજી નીમજીની સહી દા. પોતાના |
| ખોજા રૂપજી સાલેમામદની સઇ દા. પોતે | ખોજા હાશમ શંઘજીની સહી દા પોતાના |
| | ખોજા પીરભાઇ કાસમની સહી દા પોતાના |

---

ભાવનગર—તા. ૩—૭—૦૭

## જનાબ હાજી ગુલામઅલી હાજી ઈસમાઈલભાઈની જનાબમાં.

મુ૦ અમદાવાદ

સલામ બાદ લખવાનું કે–ખોજા મીઠાભાઇ સરીફભાઇએ એક ચોપડી છપાવી આપને હલકુ લગાડવાના ઇરાદાથી લખાણ કરેલ છે. તે વાંચીને અમો નીચે સહી કરનારાઓ ઘણા દીલગીર થયા છીએ અને તેથી જણાવવાને રજા લઇએ છીએ કે મજકુર મીઠાભાઇ સરીફભાઇએ જે લખાણ કરેલ છે, તે માત્ર સુરજની સામે ધુળ નાખ્યા બરાબર કરેલ છે, કારણ કે આપ અમારા હમમઝબના પાબંદ હીદાયત કરનારા સદગુણી પુરૂષ છો, એટલુંજ નહીં' પણ તમારી હીદાયતથી તેમજ તમારા તરફથી નીકળતા દીની માસીક ચોપાનીયાથી ઇસલામનું' ખરું' તત્વ અજવાળામાં આવવા પામ્યું છે અને તે બાબતનો જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે.

આપના જેવા લાયક પુરૂષની સામે જે કોઇ દુ:ખ દેવાના ઇરાદાથી આપને હલકુ લગાડે તેની સવકોઇ પરીક્ષા કરી શકે તેમ છે. માટે તે બાબતમાં જરા પણ મનમાં અંદેશો નહીં રાખતા આપનાથી જે દીની કામને ઉત્તેજન આપવામાં આવે છે તે ચાલુ રાખશો. અને અમોને આશા છે કે હમેશાં સત્ય વાત અજવાળામાં આવશે માટે તમારા ઉપર થતો જુલમ ઉપર સબુરી અખત્યાર કરી ખુદાની મુનસફી ઉપર સોંપશો. તા. ૩-૭-૦૭.

દાઉદભાઇ પીરભાઇ

ફાજલઅલી મોહમ્મદઅલીભાઇ ન્યાયાધીસ

ખોજા જમાલ કરીમની સહી દા. પોતાના

ખોજા કાશમ નુરમામદ ચમારડીવાળાની સહી દા. પોતાના

ગુલામઅલી કરીમભાઇની સહી દા. પોતાના

ખોજા જીવરાજ કાશમભાઇની સહી દા. મગનલાલ માધવજી

ખોજા છમન અલીભાઇની સહી દા. પોતાના

ખોજા જાફરભાઇ દેવજીની સહી દા. કરીમ

નુરમામદ જમાલ મુખી સહી દા. પોતે

ખોજા અલાદીન કાળાની સહી દા. પોતે

ખોજા હસનઅલી જમાલભાઇની સલામ દા. પોતાના

ખોજા પીરભાઇ મામદ દા. પોતાના

ખોજા ગુલામહુસેન ડાયાની સહી દા. મહમદઅલી

ખોજા મહમદઅલી રણછોડની સહી દા. મહમદઅલી

ખોજા અબદલા કાશમભાઇની સહી દા. પોતાના

થાવરભાઈ જમાલભાઇની સહી દા. પોતાના

નજરઅલી કાશમભાઇની સહી દા. પોતાના

સઇયદ યાકુબઅલી મોલીમ મદ્રસા ખોજા ઇસ્નાઅશરી

હારીઝઅલી જીવાભાઇ દા. સૈયદ યાકુબઅલી

ખોજા અલીભાઇ રણછોડની સઇ દા. દેવજી

---

## દરેક મોમીન બીરાદર જોગ.

અરજકે ખોજા મીઠાભાઇ શરીફભાઇ તરફથી હાલમાં બહાર પડેલ ચોપડીમાં હાજી ગુલામ અલી સાહેબને માટે કેટલીક સહન ન થઇ શકે તેવી બાબત લખેલી છે જેથી મારે તે બાબતમાં કાંઇ લખવાની ફરજ પડે છે

મીઠાભાઇને જો કે હું પીછાનતો નથી તો પણ તેમની બહાર પડેલી ચોપડીની અંદરની કેટલીક બાબત નથી તેનો તોલ બેધી શકયો છું કે તેનામાં કેટલી બુધી અને લાયકાત હશે, તેઓએ જે ઉછા છળા વીચાર બાહેર પાડેલ છે તેને કોઈ પણ સમજુ માણસ પોતા તરફથી અનુમોદન આપી શકશે નહીં, કારણકે દેખાતી રીતે તેઓએ હાજી ગુલામઅલીની જે નીંદા કરી છે તે તદન ગેરવાજબી છે, હજુ સુધી હાજી સાહેબને માટે ફકત બે ચાર સ્વાર્થી અને ઇર્ષાળુ માણસો સીવાય કોઇયે તેમનામાં ગેર વર્તણુંક જોઇ નથી, તેઓએ ઇસ્લામની જે જે સેવાઓ બજાવી છે તે ઘણી સ્તુતી પાત્ર છે અને સર્વે તેની કદર બુઝે છે, અને મીઠાભાઇના દુશમની ભર્યા વીચારથી હાજી સાહેબના માનમાં કાંઇ ઘટાડો થશે નહીં કારણ કે તેઓની ગ્નાનદીક વૃતીથી અમો પુરા માહીતગાર છીયે, "રાહેનજાત" માસીક ખરેખર રીતે દીની બીશયોજ ચરચે છે, તેમાં કોઇના અંગત સ્વાર્થ યાબદી આવતી નથી વખતે પોતાના બચાવમાં કાંઇ સત્ય બાબત બહાર પાડવાની જરૂરત પડી હેય તો બદી ગણાય નહી, શીઆહ ઇસ્નાઅશરીને માટે "રાહેનજાત" એક ઘણું ઉપયોગી માસીક છે તેથી ઘણા માણસોને ફ્રેઝ પહોંચે છે અને તેમાં મારો દાખલો આપવો જરૂરી છે કે હું પાંચ વરસથી આગલો ધરમ છોડી **ઇસ્નાઅશરી** થયોછું તે રાહેનજાત તથા તેઓની કીતાબોને આભારી છે.

મને પોતાને તો અનુભવ છે કે હાજી સાહેબને અમોએ પૈસા આપી જે ચીજ મેળવી છે તે અમુલ્ય છે અને તેનો લાભ અમોને ઘણો મળે છે.

મીઠાભાઇએ પોતે અરજ કરેલ છે કે મારૂ લખાણ વાંચી ઇનસાફ આપશો તે ખાતરજ મારે લખવું પડે છે તેમાં જો કાંઇ ગેરવાજબી લાગે તો દરગુજર કરવી એજ વીનંતી.

**લ૦ તાબેદાર હકીમ યુસુફઅલી જીવાભાઇ હૈદરાબાદ વાળાના સલામ.**

ભાવનગર તા૦ ૩-૭-૭

## મુંબઈ ખોજા શીઆહ ઈસ્નાઅશરી હીદાયત ફંડમાં જે બીરાદરોએ ઉદાર દીલથી નાણા ભર્યા છે તેઓના મુબારક નામો.

૫૦) શેઠ ગુલામહુશેનભાઇ અલારખેઆ મીસ્ત્રી.

૧૦। શેઠ હાજી શલેમાનભાઇ ગુલામહુશેન મીઠવાણી તેઓના પીતાજીની રૂહના સવાબમાં.

૨૫) શેઠ આમદભાઇ કાસમ સુરતી.

૧૦। શેઠ ઇશમાલભાઇ ખીમજી. મરહુમની રૂહના સવાબમાં ભરયા.

૧૦ શેઠ અબદલાભાઇ અલારખેઆ તેઓની ગરવાલીની રૂહના સવાબમાં.

૫) શેઠ રહીમભાઇ અલારખેઆ તમારા ભાઇની ગરવાળીની રૂહના સવાબમાં.

૫) શેઠ મનજીભાઇ ખટાઊભાઇ હવાઅની રૂહના સવાબમાં.

૫૦) શેઠ અલીભાઇ હાજી જાફરભાઇ હાજી જાનમાહમદ રબીઉલઆખરથી શાબાન સુધી દરેક માસના રૂ ૧૦) લેખે.

૨૫) શેઠ કાસમભાઇ માહમદ.

૨૫) શેઠ ગુલામહુશેનભાઈ નુરમામદ.

૧૫। શેઠ કરમાલીભાઇ પીરભાઇ તમારી દીકરીની રૂહના સવાબમાં.

૨૦। શેઠ મનજીભાઇ ખટાઊ તમારા ફરજંદ ભાઇ અબદુલાની શાદીની ખુશાલીમાં.

૨૦। શેઠ વાલજીભાઇ લાલજી મદ્રાસવાળા તમારી દીકરીની શાદીની ખુશાલીમાં.

૨૫। શેઠ લાડકભાઇ મેગજી મુંબાશાવાળા. તમારા પીતાજીની રૂહના સવાબમાં.

૫। શેઠ દાતુભાઇ નાનજી.

૧૦। શેઠ જાફરભાઇ આમદ શાજન તમારી ગરવાળીની રૂહના સવાબમાં,

૧૦। શેઠ કમાભાઇ સુમા તમારા ફરજંદ અલીભાઇની રૂહના સવાબમાં.

૧૪) શેઠ બંદેખુદા. મુંબાસાવાળા.

૧૫) શેઠ હાજી જાફરભાઇ વીશરામ એદનવાળા તમારા ફરજંદની વીવાની ખુશાલીમાં.

૧૫) શેઠ હાજી અબદલા હાજી માવજી તમારી છોકરીના વીવાની ખુશાલીમાં.

૧૦) શેઠ બંદેખુદા એદનવાળા.

૧૦૦) શેઠ હાજી ધરમશીભાઇ ખટાઊની કું. મુમબાસાવાળા

૭૫) શેઠ હાજી જીવરાજભાઇ મેગજીભાઇ અને છોકરાઓ મુંબાશાવાળા.

૫૦) શેઠ વાલજીભાઇ ભાણજીની કું૦ મુંબાસાવાળા.

૨૫) શેઠ હાશમભાઇ મેરાલીની કું૦ મુંબાસાવાળા.

૧૦) શેઠ અબદલાભાઇ કાનજી મુંબાસાવાળા.

૧૦) શેઠ બંદેખુદા એદનવાળા.

૧૦) શેઠ મેગજીભાઇ આમદ તથા ભાઇઓ તમારી માતાજીના રૂહના સવાબમાં.

૧૦। શેઠ અબદલાભાઇ ઇશમાલ મુગજી. તમારી શાદીની ખુશાલીમાં.

---

૬૬૬॥ઃ અંકે રૂપીઆ છશો છાશઠને અગીઆર આના આવ્યા. તે ઘણી ખુસીની સાથે કબુલ કીધા છે. ભરનાર સાહેબોને ખુદાવંદે કરીમ બેઉ જહાનમાં એનો બદલો આપશે ઇલાહી આમીન.

મજકુર ખોજા શીઆઇશનાઅશરી હીદાયત ફંડનો કામ દીન પરદીન ખુદાના ફજલે કરમથી વધતો જાય છે. ને દેશાવરોમાં દીનપર દીન વધુ મદદ આપતી જાય છે તેમ આપણા દીન ભાઇઓમાં મજકુર ફંડને શારામાં શારી મદદ કરતા રેહે છે. તેનો બદલો તે સાહેબોને બેઉ જહાનમાં ખુદાવનદે કરીમ આપશે ઇલાહી આમીન.

મજકુર ફંડ તરફથી હાલ દેશાવરોમાં નીચેની ઠેકાણે મદદ અપાય છે.

**કછ માંડવીના** મદરેશાના મોલવી જનાબ લાલમાહમદને દરમાશે રૂ ૧૫) લેખે.

લાહોરના મદરેશાના મોલવી જનાબ અલીકરીમને દરમાશે રૂ ૧૦ લેખે મજકુર મોલવી હાલ પોતાના દેશ બનારશ બચાઓને ને ગયેલ છે, તે હવે થોડા દહાડામાં

જોડીઆના મદરેશાના મોલવી શયદઅલી હુશેનને દરમાશે રૂ ૧૦) લેખે ને આ હાલ કર બલાએ મોઅલા જારત કરવા ગયેલ છે, તે મોલવી થોડા દહાડામાં આવશે.

સીંધ્રશીદપુર બટવાના મદરેશાંના મોલવીને દરમાશે રૂ ૫) લેખે અતરેથી મદદ મંજુર ફંડમાંથી અપાય છે,

વીજપડીના મદરેશાના મોઅલીમ અલીભાઇ વલીભાઇને દર માશે રૂ ૭) લેખે અતરેથી મદદ અપાય છે,

આ પ્રમાણે હીદાયતનુ કામ જારી છે, અને જે ગામમાં મોલવીની જરૂરત હોય તે અઓને લખે તો તરત મોકલીશું લી૦ એ ફંડના ટરસ્ટી અબ્દુલહોનાભાઇ લાડકભાઇ ઠે૦ મુંબાઇ પાલામલી.

---

## હીદાયત ફંડની ફતેહ દર મહીને રૂ ૧૫૦ નો ખરચ.

હીદાયતનું કામ ગયા અંકોમાં લખ્યા મુજબ સારી પેઠે ચાલે છે લાંબો ફેરફાર નથી, હીદાયતફંડમાં આવેલા નાણા માન સાથે સ્વીકારીએ છીએ.

૧૦૫ શેઠ મોહમ્મદઅલી કરમઅલી ચાંદોરબજાર.
૩૦ બંદેખુદા કલકત્તા.
૪૦ શેઠ આલીભાઇ હાજી જાફરભાઇ હાજી જાન મોહમ્મદ, તેઓના પીતાજી મરહુમ હાજી જાફરભાઇના વકફ ખાતામાંથી મુંબઇ
૩૫ શેઠ મોમીન મોહમ્મદઅલી કરીમભાઇ હરેર
  ૨૫ તેઓને ઘરે બચ્ચુ જન્મ પામ્યું તેની ખુશહાલીમાં.
  ૧૦ એ વખત માનતા કરેલી, કે મીહાનો કંટરાટ મળે તો પાંચ રાલ આપવા તો તે મળ્યો, અને દુકાનની ચાવી ખોવાઇ ગઇ તે મળે તો સવા રાલ આપવો તે મળી.
૧૫ શેઠ મોહેદીનાભાઇ મોહમ્મદભાઇ મુંદરાવાળા પોતાના કુટુંબ સહીત ઝીઆરત કરીને આવ્યા તેના ખુશહાલીમાં
૧૫ શેઠ સલેમાનભાઇ માવજી અન્નોન્યુઓનેસ
૬ શેઠ સબુરભાઇ શરીફભાઇ પાટણ
  ૫ આપની દીકરીને પલેગની બીમારીથી શીફા થઇ તેના ખુશહાલીમાં
સા૦ કે તેઓનો ફરજંદ ખુશી થઇ તેથ
૧ શેઠ અલીભાઇ બાબુલભાઇ અકબાબ દરયામાં તુફાન થવાથી માનતા માની હતી તેના.
૨ શેઠ મોહમ્મદભાઇ દેવશી જાંબુડા ખુશહાલીના.
૫ બંદેખુદા જસપરાવાળા ૪ વખત માનતા માનેલી તે પુરી થઇ બીમારને શીફા મળી.
૧૧ હબીબભાઇ હાજી ભુલુભાઇ મુંબઇ.
૪ શેઠ ઇસમાઇલ ભાઇ ડાયાભાઇ જાંબુડા આપની શાદી હણીયાણામાં શેઠ વાલજી ભાઇ રવજીની દીકરી સાથે થઇ, અને જનાબ હાજી નુરમોહમ્મદ સાહેબે નીકાહ પડાવ્યા મહર રૂ ૧૨૫ની કરી, અને મજલીસો તથા જમણ સારી રીતે થયા, જોડયા માલીયા વવાણી ા નાંદુરી મોટા દહીસરા લાલપુર જામનગર વી૦થી બીરાદરો આવેલા, તે ખુશહાલીમાં હીદાયત ફંડમાં આપે મોકલ્યા ખુદા શાદી મુબારક કરે
૧૫ શેઠ રેમતલાભાઇ હાજી મોહમ્મદભાઇ હાજી માવજીભાઇ એડન
૮૮ દુનીયારથી ૩૦ રીયાળ તેના રૂ ૮૮) એ રકમ આપનારના નામ
  ૫ શેઠ ઇસમાઇલભાઇ મુસા
  ૩ શેઠ મોરાલીભાઇ ધરમશી
  ૧૫ બંદેખુદા તરફથી
    ૫ પોતાની માતાજીની રૂહના સવાબ માટે
    ૧ પોતાના કાકાની રૂહના સવાબ માટે
    ૫ પોતાની ફઇની રૂહના સવાબ માટે
    ૧ પોતાના બીરાદરની રૂહના સવાબ માટે
    ૧ માનતાનો
    ૨ પોતાના ભત્રીજા અલીમોહમ્મદની રૂહના સવાબ માટે
  ૩ શેઠ રામજીભાઇ રવજી
  ૨ શેઠ હાશમ જમાલભાઇ
  ૨ બંદે ખુદા
૨૦ શેઠ અલીભાઇ હાજી જાફરભાઇ જામનગર
  ૧૦ પોતાના નાના મુસાભાઇ પરેમજી ગુજરી ગયા તેઓની રૂહના સવાબ માટે
  ૧૦ ફકત સવાબ માટે
૨૫ શેઠ હાજી જીવરાજભાઇ મેઘજીભાઇ મુમ્બાસા.

ખુદાએતઆલા એ સરવેને જઝાએ ખેર અતા ફરમાવે.